# ચૌદમી ગુજરાત વિધાનસભા

## પહેલું સત્ર, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નોત્તરી

### ગુરૂવાર ૧૫મી માર્ચ, ૨૦૧૮

**જવાબ આપનાર મંત્રીશ્રીઓઃ**

**(૧) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** : નાણાં, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, નર્મદા, કલ્પસર, પાટનગર યોજના

**(૨) માનનીય મંત્રીશ્રી** : ઉર્જા

**(૩) માનનીય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)** : જળસંપત્તિ, પાણી પુરવઠા

# ૧

**મોરબી જિલ્લામાં ટપક સિંચાઈ સહાય**

* ૫૦૧૭ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ ટપક સિંચાઈ સહાય માટે કેટલી અરજીઓ મંજૂર કરી, | (૧) ૭૦૪૩ અરજીઓ મંજૂર કરી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) રૂ. ૪૪૦૨.૯૦ લાખ સહાય ચૂકવી |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓની સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) ૮૫૪ અરજીઓની સહાય ચૂકવવાની બાકી |

---------

# ૨

**આશાવર્કર બહેનોનું મહેનતાણું**

* ૪૧૩૩ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ આશાવર્કર બહેનો પ્રસૂતાની પ્રસૂતિ ખાનગી હોસ્પિટલોમાં કરાવે તો મહેનતાણું ચૂકવવામાં આવતું નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને | (૨) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ આપવાનું રહેતું નથી. |
| (૩) આશાવર્કર બહેનો ખાનગી હોસ્પિટલમાં પ્રસૂતિ કરાવે તો કોઈ મહેનતાણું આપવા સરકારનું શું આયોજન છે ? | (૩) ના, જી. |

---------

# ૩

**રાજ્યમાં ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ અંતર્ગત રજીસ્ટ્રેશન**

* ૬૧૦૩ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૦૫–૦૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ (GST) અંતર્ગત રજીસ્ટ્રેશન, રીટર્ન, પેમેન્ટ અંગે રાજ્ય સરકારે ડેટાની આપ–લે માટે કોઈ વ્યવસ્થા કરેલી છે કે કેમ, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

(૨) તા. ૦૧–૦૭–૨૦૧૭ના રોજથી રાજ્યમાં જી.એસ.ટી.નો અમલ શરૂ કરાયેલ છે. જી.એસ.ટીમાં રજીસ્ટ્રેશન, રીટર્ન તથા પેમેન્ટની પધ્ધતિ જી.એસ.ટી. પોર્ટલ (https://www.gst.gov.in) થકી ઓનલાઈન થાય છે. ગુજરાત રાજ્યે Model-2 સિલેક્ટ કરેલ છે. જેથી GSTN દ્વારા રજીસ્ટ્રેશન, રીટર્ન, પેમેન્ટ અને MIS વગેરે એપલીકેશન ડેવલોપ કરવામાં આવશે.

**રજીસ્ટ્રેશનની માહિતી :** હાલમાં જી.એસ.ટી.એન. દ્વારા ગુજરાત રાજ્યના વેપારીશ્રીઓના નવા રજીસ્ટ્રેશન અંગેની માહિતી રોજબરોજ Secure File Transfer Protocol (SFTP) ના માધ્યમથી મોકલવામાં આવે છે. જેમાં ટેક્ષપેયર વાઈઝ ટેક્ષપેયરને મળેલ GST નંબર, ફર્મનેમ, લિગલ નેમ, મોબાઈલ નંબર, ઈમેલ આઈ.ડી. અને જ્યુરીડીક્શન વિગેરે માહિતી આપવામાં આવે છે. વધુમાં રોજબરોજની રજીસ્ટ્રેશનની માહિતી સમરી રીપોર્ટ સ્વરૂપે રાજ્યવેરા વિભાગને જી.એસ.ટી.એન. દ્વારા ઈમેલથી આપવામાં આવે છે. જેમાં જે તે દિવસ સુધીમાં કેટલા નોંધણી નંબર અપાયેલ છે તેની વિગતો મળે છે. તદુપરાંત ટેક્ષપેયર વાઈઝ રજીસ્ટ્રેશનની માહિતી GST back office portal પરના અધિકારીશ્રીના લોગીનમાં પણ જોઈ શકાય છે.

**રીટર્નની માહિતી :** ગુજરાત રાજ્યના વેપારીશ્રીઓના રીટર્નની માહિતી પણ Secure File Transfer Protocol (SFTP) ના માધ્યમથી જી.એસ.ટી.એન. દ્વારા મોકલવામાં આવે છે. જેમાં ટેક્ષ પેયર્સે ભરેલ GSTR 3B માં બતાવેલ ટેક્ષની જવાબદારી અને ભરેલ ટેક્ષની વિગતો મળે છે. તેમજ કયા ટેક્ષ પેયર્સ કયુ રીટર્ન કઈ તારીખે ફાઈલ કરેલ છે તે અંગેની માહિતી SFTP પર GSTN દ્વારા આપવામાં આવે છે. વધુમાં રોજબરોજના ભરાયેલ રીટર્નની માહિતી સમરી સ્વરૂપે રાજ્યવેરા વિભાગને જી.એસ.ટી.એન. દ્વારા ઈમેલથી આપવામાં આવે છે. તદુપરાંત ટેક્ષ પેયર્સ વાઈઝ ભરાયેલ તમામ રીટર્નની વિગતો GST back office portal પર અધિકારીશ્રીના લોગીનમાં પણ જોઈ શકાય છે.

**પેમેન્ટની માહિતી :** વેપારીશ્રીઓ દ્વારા ઓનલાઈન કરાયેલ પેમેન્ટની વિગતોમાં હિસાબ અને તિજોરીની કચેરી પાસેથી ફક્ત SGST ના પેમેન્ટની વિગતો મળી રહે છે. રોજબરોજની આવકની માહિતી સમરી સ્વરૂપે રાજ્યવેરા વિભાગને જી.એસ.ટી.એન. દ્વારા ઈમેલથી આપવામાં આવે છે. તદુપરાંત વેપારી વાઈઝ થયેલ પેમેન્ટની માહિતી GST back office portal પર અધિકારીશ્રીના લોગીનમાં પણ જોઈ શકાય છે.

---------

# ૪

## દાહોદ જિલ્લાના દૂધીમતી અને નશીરપુર ગામના ડુબાઉ પુલની દરખાસ્ત

* ૩૬૦૪ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં દૂધીમતી અને નશીરપુર ગામે આવેલ દૂધેશ્વર સ્મશાન તરફ જતા રસ્તા ઉપરના ડુબાઉ પુલની કોઈ દરખાસ્ત તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મળેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) અને (૨) : હા, જી. પરંતુ ઉપલબ્ધ વૈકલ્પીક રસ્તાઓને ધ્યાને લેતાં તથા આંતરીક અગ્રતા મુજબ હાલ કોઈ આયોજન નથી.

(૨) જો હા તો, તે દરખાસ્ત કેટલા સમયમાં મંજુર કરવામાં આવશે ?

---------

# ૫

## ભાવનગર મહાનગરપાલિકામાં મંજૂર કરેલ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો

* ૬૧૨૩ **શ્રી રાઘવભાઈ મકવાણા** (મહુવા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

ભાવનગર મહાનગરપાલિકામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા અને કઈ જગ્યાએ શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવ્યા ?

**જવાબ**

નીચે મુજબના ત્રણ શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવ્યા.

૧. વડવા–બ (કુંભારવાડા)

૨. રૂવાટી. પી. સ્કીમ વિસ્તાર

૩. નારીગામ

---------

# ૬

## કલ્પસર યોજનાનો ખર્ચ

* ૭૪૪૭ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખંભાતના અખાતમાં મીઠા પાણીનું સરોવર બનાવવા સરકારે કલ્પસર યોજનાની જાહેરાત તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કરેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ યોજનાની જાહેરાત ક્યારે કરેલ અને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૫–૧૬ | ૨૧૦૨.૯૧ |
| ૨ | ૨૦૧૬–૧૭ | ૬૨૩.૧૬ |
| ૩ | ૨૦૧૭–૧૮<br>(તા. ૩૧.૧૨.૨૦૧૭ સુધી) | ૩૪૪.૯૯ |
| | **કુલ** | **૩૦૭૧.૦૬** |

(૩) કલ્પસર યોજનાનો શક્યતાદર્શી અહેવાલ તૈયાર થયા પછી સદર અહેવાલને સક્ષમ સ્તરેથી જરૂરી મંજુરીઓ મળ્યેથી, આ યોજના સત્વરે શરૂ કરી, શક્ય બને તેટલું જલ્દી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

# ૭

## વાત્રક યોજનામાં નહેર સુધારણાના કામો

* ૬૧૪૧ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૭–૧૮માં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વાત્રક યોજનામાં નહેર સુધારણાના કામો કેટલા વિસ્તારમાં પૂર્ણ થયેલ છે,

(૨) ચાલુ વર્ષે કેટલા વિસ્તારમાં નહેક સુધારણાના કામો હાથ ધરવાનું આયોજન છે,

**જવાબ**

(૧) મુખ્ય નહેરની ૭.૫૦ કિ.મી. લંબાઈ જેના થકી ૧૪૩૩૫ હેક્ટર લાભાન્વિત વિસ્તારમાં

(૨) ૫૬૫૯ હેક્ટર

(૩) તે પેટે કેટલો ખર્ચ કરવાનું આયોજન છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૪) તેનાથી થનાર લાભોની વિગત શું છે ?

(૩) અંદાજે રૂ. ૭.૦૬ કરોડ, જુન ૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૪) બે તાલુકાના ૩૫ ગામોને નિર્ધારિત આયોજન મુજબ પિયતનો લાભ મળી શકશે.

---------

# ૮

## નવસારી જીલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૦૭૯ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જીલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૩૦૮૮

(૨) રૂ. ૪૭૧૨.૪૨ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૯

## ખેડા જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

* ૬૨૧૫ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે,અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો,

**જવાબ**

(૧) ૩૮

(૨) રૂ.૪૦૪.૦૩ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૧૦

## ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં ક્ષાર નિયંત્રણ માટે બંધારા યોજનાની કામગીરી

* ૩૮૪૦ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ક્ષાર નિયંત્રણ માટે બંધારા યોજના અંતર્ગત ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના સરતાનપર અને મેથલા ગામે બંધારા બાંધવાનું કામ કયા તબક્કે છે.

(૨) સદર કામ કામ માટે ક્યારે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, અને

(૩) આ કામ ક્યારે અને કેટલા ખર્ચે પુર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

- સરતાપર ગામ પાસે ભરતી નિયંત્રકની અવેજીમાં સીરીઝ ઓફ ચેકડેમ પૈકી સરતાનપર ચેકડેમ–૧ નું વિગતવાર મોજણી તથા ભુસ્તરીયા શારકામ પુર્ણ કરવામાં આવેલ છે અને હાલ ભુસ્તરીયા અહેવાલ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- મેથળા ગામ પાસે ભરતી નિયંત્રકનું પણ વિગતવાર મોજણી તથા ભુસ્તરીય શારકામ પુર્ણ કરવામાં આવેલ છે અને હાલ ભુસ્તરીય અહેવાલ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) આલેખન તથા મંજુરીઓના તબક્કા પુર્ણ થયે મુળ યોજનાની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાનું આયોજન છે.

(૩) હાલ બંને યોજના અન્વેષણના પ્રારંભિક તબક્કામાં છે જેથી આલેખન પૂર્ણ થયે તે મુજબ નકશા અંદાજો તૈયાર કરી વહીવટી મંજુરી મેળવવામાં આવશે.

---------

# ૧૧

## ચોર્યાસી તાલુકાના વાંઝ–વકતાણા રોડ પહોળો કરવાની કામગીરી

*૬૧૪૪ **શ્રીમતિ ઝંખનાબેન પટેલ** (ચોર્યાસી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૧૭–૧૮ ના વર્ષમાં સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના વાંઝ વકતાણા રોડને પહોળો કરવાનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યુ છે, અને | (૨) રૂા. ૧૨૫ લાખ |
| (૩) તા.૩૧/૦૧/૨૦૧૮ ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

# ૧૨

## અમદાવાદ જિલ્લામાં નર્મદા યોજનાની નહેરો

* ૪૧૨૮ **શ્રી રાજેશભાઈ ગોહિલ** (ધંધુકા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં નર્મદા યોજનાની કેટલી નહેરોના કેટલા કિ.મી.ના કામો બાકી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં નર્મદા નહેરની નીચે મુજબના કામો બાકી છે.

| નહેરનો પ્રકાર | બાકી કામોની લંબાઈ (કિ.મી.) |
|---|---|
| **અમદાવાદ જિલ્લો** | |
| મુખ્ય નહેર | કામો પૂર્ણ |
| શાખા નહેરો | કામો પૂર્ણ |
| વિશાખા નહેરો | ૭૯.૩૩૬ |
| પ્રશાખા | ૬૦૦.૯૬૯ |
| પ્રપ્રશાખા | ૨૪૩૦.૩૪૨ |
| **કુલ લંબાઈ** | **૩૧૧૦.૬૪૭** |

**પ્રશ્ન**

(૨) તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૨) વિશાખા નહેર અને પ્રશાખા નહેરોનાં બાકી કામો જમીન સંપાદન અને અન્ય યુટીલીટી ક્રોસિંગ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ–ઓઈલ પાઈપ લાઈન, ટેલિફોન–ઈલેક્ટ્રિક લાઈન વિગેરેની સંબંધિત વિભાગની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. પ્રપ્રશાખાની કામગીરી ખેડૂતોની ભાગીદારીમાં કરવાની થતી હોઈ તેમની સંમતી તથા ફાળો મળ્યાથી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

# ૧૩

## પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર લેવાતો વેરો

* ૭૪૯૪ **શ્રી પ્રવિણભાઈ મુસડિયા** (કાલાવડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર કેટલા દરે વેરો વસુલવામાં આવે છે, અને

**જવાબ**

(૧)

| | વેટ | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૦% | ૪% |
| ડીઝલ | ૨૦% | ૪% |
| સી.એન.જી. | ૧૫% | – |
| પી.એન.જી. | ૧૫% | – |
| **જીએસટી** | | |
| રાસાયણિક ખાતર | ૫% | |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતરના વેરા પેટે સરકારને કેટલી આવક થઈ ?

(૨) (રકમ રૂ. કરોડમાં)

| | ૨૦૧૬-૧૭ | | ૧/૪/૧૭ થી ૩૧/૧૨/૧૭ | |
|---|---|---|---|---|
| | વેટ+સીએસટી | સેસ | વેટ+સીએસટી | સેસ |
| પેટ્રોલ | ૨૮૬૨.૪૧ | ૫૯૨.૯૨ | ૨૪૮૫.૨૯ | ૪૮૨.૮૮ |
| ડીઝલ | ૬૩૭૧.૧૯ | ૧૩૧૯.૭૨ | ૫૫૩૧.૭૮ | ૧૦૭૪.૭૯ |
| સી.એન.જી. | ૪૪૦.૧૮ | | ૨૨૯.૧૫ | |
| પી.એન.જી. | ૯૨૫.૦૫ | | ૫૭૦.૦૨ | |
| | ૨૦૧૬-૧૭ (વેટ) | | ૧/૪/૧૭ થી ૩૧/૧૨/૧૭ (વેટ+એસજીએસટી) | |
| રાસાયણિક ખાતર | ૯૫.૯૯ | | ૬૮.૦૬ | |

---------

# ૧૪

## નેશનલ રૂરલ હેલ્થ મિશન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ અંગે

* ૪૩૭૦ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત કેટલી ગ્રાન્ટ મળી,

(૧)

| **ક્રમ** | **વર્ષ** | **રકમ (રૂ.કરોડમાં)** |
|---|---|---|
| ૧. | ૨૦૧૫-૧૬ | ૭૭૪.૦૭* |
| ૨. | ૨૦૧૬-૧૭ | ૮૬૦.૮૪* |
| ૩. | ૨૦૧૭-૧૮ | ૫૪૩.૬૭* |

(તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ)

*(ઉક્ત રકમોમાં કેન્દ્ર સરકાર દ્વારા મળેલ જે તે વર્ષની ગ્રાન્ટ ઉપરાંત પૂરા થયેલ આગલા વર્ષની વણવપરાયેલ ગ્રાન્ટનો સમાવેશ થાય છે.)

(૨) તે પૈકી કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને

(૨)

| **ક્રમ** | **વર્ષ** | **રકમ (રૂ.કરોડમાં)** |
|---|---|---|
| ૧. | ૨૦૧૫-૧૬ | ૫૯૮.૬૬ |
| ૨. | ૨૦૧૬-૧૭ | ૭૦૯.૯૫ |
| ૩. | ૨૦૧૭-૧૮ | ૪૪૨.૨૨* |

(તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ)

(૩) ગીર-સોમનાથ અને જુનાગઢ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને તે પૈકી કેટલી રકમ ખર્ચ થઈ ?

(૩) સામેલ પત્રક મુજબ

**પત્રક** **રકમ રૂા. કરોડમાં**

| **કયા કામ માટે ?** | **૨૦૧૫-૧૬** | | | | **૨૦૧૬-૧૭** | | | | **૨૦૧૭-૧૮ ( તા. ૩૧/૧૨/૧૭ સુધી)** | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **જુનાગઢ** | | **ગીર-સોમનાથ** | | **જુનાગઢ** | | **ગીર-સોમનાથ** | | **જુનાગઢ** | | **ગીર-સોમનાથ** | |
| | **ફાળવેલ રકમ** | **ખર્ચ** | **ફાળવેલ રકમ** | **ખર્ચ** | **ફાળવેલ રકમ** | **ખર્ચ** | **ફાળવેલ રકમ** | **ખર્ચ** | **ફાળવેલ રકમ** | **ખર્ચ** | **ફાળવેલ રકમ** | **ખર્ચ** |
| માતૃ અને બાળ કલ્યાણ કાર્યક્રમ (આર.સી.એચ.ફલેક્ષીપુલ) | ૪.૮૭ | ૪.૭૬ | ૪.૭૧ | ૪.૫૩ | ૫.૪૩ | ૫.૦૫ | ૫.૬૬ | ૫.૦૭ | ૨.૮૮ | ૨.૩૧ | ૪.૧૦ | ૧.૯૯ |
| એચ.એસ.એસ. (મિશન ફલેક્ષીપુલ) | ૫.૯૧ | ૫.૭૬ | ૬.૧૧ | ૫.૦૬ | ૬.૬૪ | ૬.૨૫ | ૫.૩૬ | ૫.૩૦ | ૬.૦૦ | ૫.૯૨ | ૬.૯૦ | ૪.૮૩ |
| રસીકરણ નિયંત્રણ(આર.આઈ.) | ૧.૪૫ | ૦.૬૧ | ૦.૭૧ | ૦.૬૦ | ૧.૫૮ | ૦.૬૨ | ૦.૮૦ | ૦.૭૨ | ૧.૩૩ | ૦૪૨ | ૦.૭૦ | ૦.૪૧ |
| પોલીયો નિયંત્રણ (પલ્સ પોલીયો) | ૦.૨૨ | ૦.૨૦ | ૦.૨૩ | ૦.૨૩ | ૦.૨૭ | ૦.૧૦ | ૦.૨૪ | ૦.૧૨ | ૦.૧૭ | ૦.૧૦ | ૦.૬૬ | ૦.૧૨ |
| રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ(એન.ટી.સી.પી.) | ૦.૧૦ | ૦.૦૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૮ | ૦.૧૦ | ૦.૧૫ | ૦.૧૧ | ૦.૨૩ | ૦.૦૯ | ૦.૨૩ | ૦.૦૮ |
| રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ (આર.એન.ટી.સી.પી.) | ૧.૦૦ | ૦.૯૭ | ૦.૬૮ | ૦.૬૬ | ૧.૧૧ | ૧.૦૪ | ૦.૭૭ | ૦.૭૩ | ૦.૮૨ | ૦.૬૫ | ૦.૫૭ | ૦.૪૬ |

| કયા કામ માટે ? | ૨૦૧૫-૧૬ | | | | ૨૦૧૬-૧૭ | | | | ૨૦૧૭-૧૮ ( તા. ૩૧/૧૨/૧૭ સુધી) | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જુનાગઢ | | ગીર-સોમનાથ | | જુનાગઢ | | ગીર-સોમનાથ | | જુનાગઢ | | ગીર-સોમનાથ | |
| | ફાળવેલ રકમ | ખર્ચ | ફાળવેલ રકમ | ખર્ચ | ફાળવેલ રકમ | ખર્ચ | ફાળવેલ રકમ | ખર્ચ | ફાળવેલ રકમ | ખર્ચ | ફાળવેલ રકમ | ખર્ચ |
| રાષ્ટ્રીય શહેરી આરોગ્ય મિશન(એન.યુ.એચ.એમ) | ૦.૫૪ | ૦.૩૬ | ૦.૭૫ | ૦.૭૩ | ૦.૫૮ | ૦.૫૦ | ૦.૯૧ | ૦.૮૫ | ૦.૪૫ | ૦.૩૭ | ૦.૭૨ | ૦.૭૨ |
| સંકલીત રોગ સર્વેક્ષણ કાર્યક્રમ(આઈ.ડી.એસ.પી) | ૦.૧૨ | ૦.૧૧ | ૦.૦૩ | ૦.૦૨ | ૦.૧૭ | ૦.૧૫ | ૦.૦૮ | ૦.૦૬ | ૦.૧૧ | ૦.૧૧ | ૦.૦૫ | ૦.૦૪ |
| રાષ્ટ્રીય રકતપિત નિર્મુલન કાર્યક્રમ (એન.એલ.ઈ.પી.) | ૦.૦૪ | ૦.૦૪ | ૦.૦૨ | ૦.૦૨ | ૦.૦૫ | ૦.૦૪ | ૦.૦૪ | ૦.૦૪ | ૦.૦૩ | ૦.૦૧ | ૦.૦૩ | ૦.૦૨ |
| રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિખામી નિયંત્રણ કાર્યક્રમ (એન.પી.સી.બી.) | ૦.૧૭ | ૦.૧૭ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૯ | ૦.૧૯ | ૦.૦૨ | ૦.૦૨ | ૦.૦૯ | ૦.૦૨ | ૦.૦૮ | ૦.૦૩ |
| વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ (એન.વી.બી.ડી.સી.પી.) | ૧૫.૦૧ | ૧૪.૪૭ | ૮.૫૩ | ૮.૫૧ | ૩૧.૭૬ | ૩૧.૩૮ | ૨૦.૦૭ | ૧૯.૨૯ | ૨૫.૩૮ | ૨૫.૬૫ | ૨૨.૭૭ | ૨૧.૦૦ |
| રાષ્ટ્રીય મુખ સ્વાસ્થ્ય કાર્યક્રમ (ઓરલ હેલ્થ) | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| બહેરાશ નિયંત્રણ કાર્યક્રમ (એન.પી.પી.સી.ડી) | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૮ | ૦.૦૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૩ | ૦.૦૩ | ૦.૦૦ | ૦.૦૦ |
| નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ ઓફ કેન્સર, ડાયાબિટીસ, કાર્ડીયોવાસ્કયુલર ડીસીસ એન્ડ સ્ટ્રોક્સ (એન.પી.સી.ડી.સી.એસ.) | ૨.૭૪ | ૧.૧૧ | ૦.૫૪ | ૦.૩૧ | ૨.૩૭ | ૦.૯૨ | ૦.૬૭ | ૦.૫૬ | ૨.૭૨ | ૦.૭૩ | ૦.૭૧ | ૦.૫૮ |
| નેશનલ પ્રોગ્રામ ફોર ધ હેલ્થકેર ઓફ ધ એલ્ડરલી. (એન.પી.એચ.સી.ઈ.) | ૦.૬૭ | ૦.૪૧ | ૦.૦૭ | ૦.૦૧ | ૦.૪૫ | ૦.૩૬ | ૦.૧૨ | ૦.૧૦ | ૦.૩૮ | ૦.૨૨ | ૦.૧૦ | ૦.૦૯ |
| ન્યુટ્રીશન કાર્યક્રમ | ૦.૨૪ | ૦.૧૩ | ૦.૧૬ | ૦.૧૪ | ૦.૪૯ | ૦.૨૬ | ૦.૩૬ | ૦.૨૬ | ૦.૮૬ | ૦.૩૧ | ૦.૫૮ | ૦.૨૩ |
| આયોડીન ઉણપ નિયંત્રણ કાર્યક્રમ | ૦.૦૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૬ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૧ | ૦.૦૦ | ૦.૦૧ | ૦.૦૦ |
| ફલોરોસીસ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ન | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| માનસિક આરોગ્ય કાર્યક્રમ (મેન્ટલ હેલ્થ) | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૨૧ | ૦.૦૪ | ૦.૨૪ | ૦.૦૧ | ૦.૦૮ | ૦.૦૭ |

---------

# ૧૫

## નવસારી જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તકના માર્ગોનું નવીનીકરણ

* ૩૫૯૫ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તકના કેટલા રસ્તાઓનું નવીનીકરણ તથા રસ્તાની પહોળાઈ વધારવાની કેટલી દરખાસ્તો વર્ષવાર મંજુર થઈ, અને

**જવાબ**

(૧) પરિશિષ્ટ મુજબ

**પરિશિષ્ટ**

| વર્ષ | તાલુકો | નવીનીકરણ મંજુર કામોની સંખ્યા | | વાઈડનીંગ મંજુર કામોની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | પંચાયત | રાજ્ય | પંચાયત | રાજ્ય |
| ૧/૧/૨૦૧૬ થી ૩૧/૧૨/૨૦૧૬ | નવસારી | ૨૧ | ૧ | ૧ | - |
| | જલાલપોર | ૨૦ | ૩ | - | - |
| | ગણદેવી | ૨૬ | - | ૫ | - |
| | ચીખલી | ૨૩ | ૨ | ૪ | ૧ |
| | ખેરગામ | ૧૧ | - | - | - |
| | વાંસદા | ૧૬ | ૨ | ૩ | - |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧/૧/૨૦૧૭ થી ૩૧/૧૨/૨૦૧૭ | નવસારી | ૧૯ | ૧ | ૫ | – |
| | જલાલપોર | ૧૩ | ૧ | ૪ | ૪ |
| | ગણદેવી | ૧૮ | – | ૬ | ૧ |
| | ચીખલી | ૨૧ | ૧ | ૩ | ૪ |
| | ખેરગામ | ૩ | – | ૧ | ૨ |
| | વાંસદા | ૧૩ | ૨ | ૩ | – |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તેની કાર્યવાહી કયા તબક્કે છે ?

(૨) નવીનીકરણના ૨૧૭ કામો પૈકી ૧૪૦ કામો પૂર્ણ, ૧૦ કામો પ્રગતિમાં અને ૬૭ કામો હવે શરૂ થનાર છે. જ્યારે વાઈડનીંગના ૪૭ કામો પૈકી ૧૦ કામો પૂર્ણ, ૧૫ કામો પ્રગતિમાં અને ૨૨ કામો હવે શરૂ થનાર છે.

---------

# ૧૬

### યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચને ફાળવેલ ગ્રાન્ટ

* ૬૧૧૫ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ, અમદાવાદને સને ૨૦૧૬–૧૭ અને ૨૦૧૭–૧૮ના વર્ષમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) આ સમય દરમ્યાન કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટ** |
|---|---|
| ૨૦૧૬–૧૭ | રૂ.૨૭૬.૧૨ કરોડ |
| ૨૦૧૭–૧૮ | રૂ.૧૭૨.૦૮ કરોડ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ** |
|---|---|
| ૨૦૧૬–૧૭ | રૂ.૨૦૨.૫૭ કરોડ |
| ૨૦૧૭–૧૮ | રૂ.૧૯૪.૩૪ કરોડ |

---------

# ૧૭

### સચિવાલયમાં ફરજ બજાવતા રોજમદાર કર્મચારીઓને ચુકવવામાં આવતો પગાર

* ૭૯૦૨ **શ્રી ડૉ.સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ નવા સચિવાલય ખાતે સરકારના વિભાગોની કચેરીઓમાં ફરજ બજાવતા રોજમદારોને કુલ રૂ.૯૫૭૬/– પગાર ચુકવવામાં આવે છે. તે હકિકત ખરી છે કે કેમ અને કઈ એજન્સી મારફત ચુકવવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ રોજમદારોને પ્રતિવ્યક્તિ દીઠ પગાર બીલમાં રૂ.૯૫૭૬/– બતાવવામાં આવે છે, પરંતુ હકીકતમાં રૂ.૫૮૫૦/– ચુકવવામાં આવે છે. વ્યકિતદીઠ રૂ.૨૯૦૦/– ઓછા ચુકવવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત બાબતે જવાબદાર સામે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧), (૨) અને (૩) સેવકો પુરા પાડવાનો કોન્ટ્રાક્ટ રાજદિપ એન્ટરપ્રાઈઝને આપેલ છે. આ એજન્સીને દ્વારા તેમના કર્મચારીઓને ચોખ્ખા પગાર પેટે રૂ.૫૮૪૬.૪૧/– પ્રોવીડન્ડ ફંડના ફાળા પેટે રૂ.૧૬૪૯.૦૮/– ઈ.એસ.આઈ.ના ફાળા પેટે રૂ.૪૪૬.૬૨/– અને વ્યવસાય વેરા પેટે રૂ.૮૦/– મળી કુલ રૂ.૮૦૨૨.૧૧/– આપવામાં આવે છે. જાહેર રજાના દિવસે આ કર્મચારીઓએ કામ કરવાનું રહેતું નથી.

---------

# ૧૮

## રાજ્ય સરકારે વીજળીનું કરેલ વેચાણ

* ૭૪૮૦ **શ્રી જે વી કાકડીયા** (ધારી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કયા રાજ્યને યુનિટ દીઠ શા ભાવે કેટલી વીજળી વેચી, અને

**જવાબ**

(૧) ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જી.યુ.વી.એન.એલ દ્વારા અન્ય રાજ્યને વેચવામાં આવેલ વીજળીની માહિતી નીચે મુજબ છે.

| | **વર્ષ ૨૦૧૬** | | **વર્ષ ૨૦૧૭** | |
|---|---|---|---|---|
| **રાજ્ય** | **છતીસગઢ** | **ઉત્તર પ્રદેશ** | – | – |
| મિલિયન યુનિટસ | ૨૫.૯૬ | ૪.૪૪ | – | – |
| રૂ./યુનિટ | ૨.૩૫ | ૨.૬૦ | – | – |

આ, ઉપરાંત વર્ષ ૨૦૧૬માં ૮.૦૧ મિલિયન યુનિટસ વીજળી રૂ. ૩.૧૦ પ્રતિ યુનિટના દરે અને વર્ષ ૨૦૧૭ દરમ્યાન ૬૩૫ મિલિયન યુનિટસ વીજળી રૂ. ૩.૦૨ પ્રતિ યુનિટના દરે પાવર એક્ષ્ચેન્જ થકી વેચવામાં આવેલ છે. પાવર એક્ષ્ચેન્જ થકી વેચવામાં આવતી વીજળીના અનેક ખરીદદાર હોય છે જેવા કે અન્ય રાજ્યની વીજ કંપનીઓ, ઓપન એક્ષેસ ગ્રાહકો વિગેરે. આથી તે વીજળી કયા રાજ્યએ ખરીદ કરી તેની વિગતો સ્પષ્ટ થઈ શકે નહિ.

(૨) રાજ્ય બહાર વીજળી વેચવાના કારણો શા છે ?

(૨) ઉત્પાદિત વીજળીનો સંગ્રહ કરવો શક્ય નથી. આ કારણોસર શિયાળો/વર્ષાઋતુ વખતે રાજ્યના તમામ ગ્રાહકોની વીજ માંગ ઓછી હોય ત્યારે વીજ મથકોનો મહતમ ઉપયોગ કરી વીજળી પૂરી પાડવાનો ખર્ચ ઘટાડવાના હેતુથી રાજ્યની વીજ માંગને કોઈ પણ પ્રકારની અસર કર્યા સિવાય વીજળી વેચવામાં આવેલ છે.

---------

# ૧૯

## જંબુસર અને આમોદ તાલુકાના રસ્તાઓના રીપેરીંગની કામગીરી

* ૩૬૦૭ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ જંબુસર અને આમોદ તાલુકાના કેટલા રસ્તાઓનું મરામત–રીપેરીંગ કામ ચાલુ છે,

(૨) મરામત–રીપેરીંગ થતા હોય તેવા રસ્તાઓની રસ્તાવાર છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને

(૩) આ રસ્તાઓના કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) રસ્તાવાર ગ્રાન્ટ ફાળવણી થતી નથી. છેલ્લા બે વર્ષમાં રૂા. ૫૨૪૧.૪૦ લાખની રકમ પરિશિષ્ટ મુજબના રસ્તા પર મરામત–રીસરફેસીંગ માટે મંજુર કરેલ છે.
ઉક્ત સ્થિતિએ તે પૈકી જંબુસર તાલુકાના ૬ અને આમોદ તાલુકાના ૪ રસ્તાની કામગીરી પ્રગતિમાં છે. જે બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

## પરિશિષ્ટ

**છેલ્લા બે વર્ષમાં રસ્તાવાર મંજુર કરેલ રીસરફેસીંગની વિગત (તા.૩૧/૧/૧૬ થી ૩૧/૧/૧૮)**

| તાલુકો | રસ્તાનું નામ | મંજુર રકમ રૂ.લાખમાં |
|---|---|---|
| જંબુસર | છીદ્રા ઝામડી રોડ કિ.મી.૦/૦ થી ૧/૮ | ૪૦.૦૦ |
| જંબુસર | જંબુસર જંત્રાણા દહેગામ કાવી રોડ કિ.મી. ૦/૦ થી ૧૫/૦ | ૬૦૦.૦૦ |
| જંબુસર | ભરૂચ જંબુસર વડોદરા રોડ કિ.મી. ૪૪/૦ થી ૫૩/૨૦૦ | ૭૦૦.૦૦ |
| જંબુસર | વ્હેલમ બોજાદ્રા રોડ તા.જંબુસર | ૭૬.૮૦ |
| જંબુસર | ન્હારથી રૂપેશ્વર રોડ તા.જંબુસર | ૪૪.૮૦ |
| જંબુસર | પાણીની ટાંકી દુધીવાવથી કપુરીયા રોડ તા.જંબુસર | ૪૮.૦૦ |
| જંબુસર | ભાણખેતરથી કાલીકા માતાના મંદિર જંબુસર શહેરને જોડતો રસ્તો તા.જંબુસર | ૩૬.૦૦ |
| જંબુસર | નાડા દેવલા ભડકોદ્રા રોડ તા.જંબુસર | ૧૨૪.૮૦ |
| જંબુસર | વ્હેલમ માસર રોડ જીલ્લા હદ સુધી તા.જંબુસર | ૧૬.૦૦ |
| જંબુસર | કનગામ ઔરંગપુર ટીંબી રોડ તા.જંબુસર | ૫૪.૪૦ |
| જંબુસર | કાવી કંબાઈ રોડ તા.જંબુસર | ૪૮.૦૦ |
| જંબુસર | નહારથી મંદિર સુધી એપ્રોચ રોડ તા.જંબુસર | ૩૮.૦૦ |
| જંબુસર | નહાર કનગામ રૂનાડ સીગામ નેઝા રોડ તા.જંબુસર | ૧૨૪.૮૦ |
| જંબુસર | ઠાકોર તલાવડી સિંઘવ રોડ તા.જંબુસર | ૧૨૪.૮૦ |
| જંબુસર | ઉમરા ઉબેર રોડ તા.જંબુસર | ૧૩૦.૦૦ |
| જંબુસર | ટંકારીથી ટંકારી બંદર રોડ તા.જંબુસર | ૬૫.૦૦ |
| આમોદ | દાદાપોર-અદવાડા રોડ કિ.મી.૪/૭ થી ૪/૮૫૦ | ૧૦૦.૦૦ |
| આમોદ | નાહિયેર બુવા કેરવાડા કિ.મી.૭/૦ થી ૧૪/૪ | ૩૨૦.૦૦ |
| આમોદ | પાલેજ ઇખર સરભાણ રોડ | ૧૬૦૦.૦૦ |
| આમોદ | આમોદ ભીમપુર રોડ તા.આમોદ | ૩૨.૦૦ |
| આમોદ | સરભાણ વેડચા કોબલા મંજોલા વાસણા રોડ તા.આમોદ | ૧૭૬.૦૦ |
| આમોદ | સરભાણ ઘમણાદ રોડ તા.આમોદ | ૯૬.૦૦ |
| આમોદ | માલકીનપુરા એપ્રોચ રોડ તા.આમોદ | ૨૫.૬૦ |
| આમોદ | આમોદ પુરસા રોડ તા.આમોદ | ૮૦.૦૦ |
| આમોદ | રોઝા ટંકારીયા થી માંગરોલ રોડ | ૯૫.૦૦ |
| આમોદ | આછોદથી બુવા રોડ તા.આમોદ | ૧૨૦.૦૦ |
| આમોદ | આમોદ રાણીપુરા દાદાપોર વાયા જુનાવાડીયા રોડ | ૧૧૫.૦૦ |
| આમોદ | નિણમ થી અનોર રસ્તો તા.આમોદ | ૧૪૦.૦૦ |
| આમોદ | નવા વાડીયા થી જુના વાડીયા રોડ તા.આમોદ | ૫૧.૨૦ |
| આમોદ | ચકલાદ એપ્રોચ રોડ તા.આમોદ | ૧૯.૨૦ |
| | **કુલ** | **૫૨૪૧.૪૦** |

---------

# ૨૦

**લુણાવાડા તાલુકાના થાણા સાવલી અને ગઘનપુર ગામે સિમેન્ટ કોક્રીટ રોડની કામગીરી**

* ૬૧૪૬ **શ્રી રતનસિંહ રાઠોડ** (લુણાવાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના થાણા સાવલી અને ગઘનપુર ગામે સિમેન્ટ કોક્રીટ રોડ કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ માટે કેટલી રકમનું મંજુર કરવામાં આવેલ છે અને મંજુર કામ કયા તબક્કે છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧. થાણાસાવલી માટે રૂા.૫૦.૦૦ લાખ અને
૨. ગઘનપુર માટે રૂા.૫૦.૦૦ લાખ મંજુર
બન્ને કામો ટેન્ડર મંજૂરી તબક્કે.

---------

# ૨૧

**આણંદ જિલ્લામાં ઉજાલા યોજના**

*૬૦૯૦ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૪,૯૨,૭૧૨ એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઈડી બલ્બ વપરાશથી વાર્ષિક અંદાજિત ૧૧.૧૧ કરોડ યુનિટની વીજ બચત થશે.

(૩) એલઈડી બલ્બ વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂપિયા ૫૦.૦૧ કરોડની બચત થશે.

---------

# ૨૨

**સાબરમતી રેલ્વે સ્ટેશનના વિકામ માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત**

* ૭૪૭૧ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૩ ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ સાબરમતી રેલ્વે સ્ટેશનના વિકાસ બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો.

**જવાબ**

(૧) ત્રણ વખત

(૨) રેલ્વે વિભાગ દ્વારા સાબરમતી ખાતે બીજા કોચીંગ ટર્મીનલને વિકસાવવાની કામગીરી મંજુર કરેલ છે અને કામગીરી મંજુર કરેલ છે અને કામગીરી હાલ પ્રગતીમાં છે. વધુમાં અમદાવાદ–મુંબઇ બુલેટ ટ્રેન માટે પણ સાબરમતી સ્ટેશનનો સમાવેશ થયેલ હોઈ બુલેટ ટ્રેનના સ્ટેશન સાથે સાબરમતી રેલ્વે સ્ટેશનનો વિકાસ હાથ ધરાનાર છે.

---------

# ૨૩

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી.**

* ૭૯૨૪ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઉંડા કરવાના કામો મંજૂર કરવામાં આવ્યા.

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકો | તળાવો ઉંડા કરવાના મંજૂર કરવામાં આવેલ કામો |
|---|---|---|
| ૧ | વિસનગર | ૧૬ |
| ૨ | મહેસાણા | ૧૨ |
| ૩ | ઉંઝા | ૮ |
| ૪ | બેચરાજી | ૧૨ |
| ૫ | વડનગર | ૯ |
| ૬ | કડી | ૩ |
| ૭ | જોટાણા | ૧૨ |

| | | |
|---|---|---|
| ૮ | ખેરાલુ | ૫ |
| ૯ | વિજાપુર | ૭ |
| ૧૦ | સતલાસણા | ૧ |
| ૧૧ | દહેગામ | ૧૨ |
| ૧૨ | માણસા | ૯ |
| ૧૩ | કલોલ | ૮ |
| ૧૪ | ગાંધીનગર | ૧૨ |
| | **કુલ** | **૧૨૬** |

(૨) તે પૈકી વર્ષવાર તાલુકાવાર કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા કામો પૂર્ણ કરવાના બાકી છે, અને

(૨)

| **અ.નં.** | **તાલુકો** | **તળાવો ઉંડા કરવાના પૂર્ણ કામો** | | | **તળાવો ઉંડા કરવાના પૂર્ણ કરવાના બાકી કામો** |
|---|---|---|---|---|---|
| | | **વર્ષ–૨૦૧૬** | **વર્ષ–૨૦૧૭** | **કુલ** | |
| ૧ | વિસનગર | ૧૩ | ૩ | ૧૬ | ૦ |
| ૨ | મહેસાણા | ૯ | ૨ | ૧૧ | ૧ |
| ૩ | ઉંઝા | ૬ | ૨ | ૮ | ૦ |
| ૪ | બેચરાજી | ૧૧ | ૦ | ૧૧ | ૧ |
| ૫ | વડનગર | ૫ | ૪ | ૯ | ૦ |
| ૬ | કડી | ૩ | ૦ | ૩ | ૦ |
| ૭ | જોટાણા | ૯ | ૩ | ૧૨ | 0 |
| ૮ | ખેરાલુ | ૩ | ૨ | ૫ | ૦ |
| ૯ | વિજાપુર | ૧ | ૬ | ૭ | ૦ |
| ૧૦ | સતલાસણા | ૦ | ૧ | ૧ | ૦ |
| ૧૧ | દહેગામ | ૧૧ | ૦ | ૧૧ | ૧ |
| ૧૨ | માણસા | ૬ | ૦ | ૬ | ૩ |
| ૧૩ | કલોલ | ૧ | ૫ | ૬ | ૨ |
| ૧૪ | ગાંધીનગર | ૯ | ૧ | ૧૦ | ૨ |
| **કુલઃ** | | **૮૭** | **૨૯** | **૧૧૬** | **૧૦** |

(૩) બાકી રહેલ તળાવો ઉંડા કરવાની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૩) બાકી રહેલ તળાવો ઉંડા કરવાની કામગીરી જૂન–૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

# ૨૪

## કચ્છ જિલ્લામાં કૃષિ વીજ જોડાણો

* ૬૦૯૩ **ડૉ. નીમાબેન આચાર્ય** (ભૂજ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો છે, અને

(૨) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ અને વર્ષ ૨૦૧૬–૧૭માં કચ્છ જીલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે કેટલી સબસિડી ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૫૨,૧૧૩

(૨)

| **નાણાંકીય વર્ષ** | **ચુકવેલ સબસિડીની રકમ (રૂ. કરોડમાં)** |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૩૩૨.૪૨ |
| ૨૦૧૬–૧૭ | ૩૭૨.૨૬ |
| **કુલ** | **૭૦૪.૬૮** |

---------

# ૨૫

## દાહોદ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાઓ

* ૬૧૧૮ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવેલ છે,અને | (૧) ૨૭ |
| (૨) ઉક્ત સ્થિતિ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં આ સેવાઓનો કેટલા દર્દીઓને લાભ આપવામાં આવેલ છે ? | (૨) વર્ષ–૨૦૧૬ માં ૫૭૦૯૬ અને વર્ષ–૨૦૧૭ માં ૫૮૯૪૪ |

---------

# ૨૬

## જુનાગઢ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૬૨૦૩ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જીલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને | (૧) ૩૩૬.૩૫ કીમી જર્જરીત વીજ વાયરો અને ૪૭૩ વીજ થાંભલા બદલવામાં આવેલ છે. |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૩૩.૭૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૨૭

## રાજ્યમાં આવેલ ખાનગી માલિકીના અને પીપીપી હસ્તકના વીજ મથકો

* ૭૫૨૬ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાજ્ય સરકાર હસ્તક, ખાનગી માલિકીના અને પીપીપી હસ્તકના ક્યા અને કેટલી ક્ષમતા ધરાવતા વીજ મથકો આવેલા છે, અને

**જવાબ**

(૧) અને (૨)

તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સ્થાપિત અને રાજ્ય બહાર સ્થાપિત સરકારી, ખાનગી/પીપીપી વીજ મથકો જેમાંથી રાજ્યની વીજ કંપનીઓ દ્વારા વીજ પુરવઠો મેળવવામાં આવે છે તેની વિગત નીચે મુજબ છે.

| | પાવર પ્લાન્ટનું નામ | જી.યુ.વી.એન.એલ.નો હિસ્સો (મે.વો) |
|---|---|---|
| **ક** | **રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકો** | |
| | **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.** | |
| | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન | ૧૧૧૦ |
| | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન | ૧૪૭૦ |
| | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન | ૬૩૦ |
| | સિક્કા થર્મલ પાવર સ્ટેશન | ૫૦૦ |
| | કચ્છ લીગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૨૯૦ |
| | ઉત્તરાણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૩૭૫ |
| | ધુવારણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૫૯૫ |
| | ઉકાઈ હાઈડ્રો | ૩૦૫ |
| | કડાણા અને પાનમ હાઈડ્રો | ૨૪૨ |
| | **કુલ** | **૫૫૧૭** |

| | | |
|---|---|---|
| | **રાજ્ય સરકાર હસ્તક સ્વતંત્ર વીજ મથકો** | |
| | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી. | ૫૦૭ |
| | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | ૪૨ |
| | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી.–સુરત લિગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૫૦૦ |
| | ગુજરાત મીનરલ ડેવલમેન્ટ કોર્પોરેશન–અક્રીમોટા | ૨૫૦ |
| | જી.પી.પી.સી. પીપાવાવ | ૭૦૨ |
| | ભાવનગર એનર્જી કંપની લી. | ૫૦૦ |
| | **કુલ** | **૨૫૦૧** |
| **ખ** | **કેન્દ્ર સરકાર હસ્તકના મથકોમાંથી રાજ્યનો હિસ્સો** | |
| | **રાજ્યમાં સ્થિત મથકો** | |
| | ક્વાસ ગેસ આધારીત વીજ મથક | ૧૮૭ |
| | ગાંધાર ગેસ આધારીત વીજ મથક | ૨૩૭ |
| | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન કાકરાપાર– | ૧૨૫ |
| | સરદાર સરોવર નર્મદા નિગમ લી. | ૨૩૨ |
| | **રાજ્યની બહાર સ્થિત મથકો** | |
| | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન તારાપુર | ૧૬૦ |
| | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન તારાપુર ૩–૪ | ૨૭૪ |
| | એનટીપીસી વિંધ્યાચલ | ૧૦૬૮ |
| | એનટીપીસી–કોરબા | ૪૫૬ |
| | એનટીપીસી–કહલગાવ | ૧૪૧ |
| | એનટીપીસી–સીપત | ૮૧૩ |
| | એનટીપીસી–મૌડા | ૫૩૪ |
| | **કુલ** | **૪૨૨૭** |
| **ગ** | **ખાનગી સાહસો–પી પી પી** | |
| | ચાઈના લાઈટ પાવર લી. (ગુજરાત પશુગન પાવર કંપની) | ૬૫૫ |
| | મુન્દ્રા પાવર પ્રોજેક્ટ ઓફ અદાણી | ૨૦૦૦ |
| | એસ્સાર પાવર ગુજરાત લી. | ૧૦૦૦ |
| | કોસ્ટલ ગુજરાત પાવર લી. મુન્દ્રા યુ.એમ.પી.પી. | ૧૮૦૫ |
| | એ.સી.બી.(ઇન્ડિયા ) લી. (રાજ્ય બહાર સ્થિત) | ૨૦૦ |
| | કુલ | ૫૬૬૦ |
| | **કુલ–પરંપરાગત સ્ત્રોત** | **૧૭૯૦૫** |
| **ઘ** | **બિન પરંપરાગત સ્ત્રોત** | |
| | પવન ઊર્જા | ૩૬૬૫ |
| | સૌર ઊર્જા | ૧૧૧૬ |
| | બાયોમાસ | ૩૦ |
| | મીની હાઈડ્રો | ૯.૬ |
| | **કુલ–બિન પરંપરાગત સ્ત્રોત** | ૪૮૨૧ |
| | **કુલ** | **૨૨૭૨૬** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વીજ મથકોવાર વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો થયો ?

તા.૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં સરકારી, ખાનગી અને જાહેર સાહસોની વીજ ઉત્પાદન ક્ષમતામાં થયેલ વધારાની માહિતી નીચે મુજબ છે.

| સેક્ટર | મે.વો. | |
|---|---|---|
| | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ |
| (ક) ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.(જી.એસ.ઈ.સી.એલ) | | |
| જી.એસ.ઈ.સી.એલ ધુવારણ એક્ષ્પાન્શન | ૩૭૬ | |
| (ખ)જાહેર સાહસો | | |
| (૧) રાજ્ય સરકારના જાહેર સાહસો | | |
| ભાવનગર એનર્જી કંપની લી. | ૨૫૦ | ૨૫૦ |
| (૨) કેન્દ્ર સરકારના જાહેર સાહસો | | |
| એન.ટી.પી.સી. મૌડા | – | ૨૯૪ |
| (ગ) ખાનગી વીજ મથકો | | – |
| (ઘ) બિન–પરંપરાગત સ્ત્રોત | | |
| પવન ઊર્જા | ૩૮૧ | ૮૮૨ |
| સૌર ઊર્જા | – | ૨૫૫ |
| **કુલ** | **૧૦૦૭** | **૧૬૮૧** |

* ઉપરોક્ત વિગતે દર્શાવેલ વીજ ઉત્પાદન ક્ષમતામાં ખાનગી એકમો કે જેમની પાસેથી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. દ્વારા વીજ પુરવઠો મેળવવામાં આવતો નથી, તેમનો સમાવેશ કરેલ નથી.

---------

# ૨૮

## રાજ્યમાં બંધ સરકારી વીજ મથકો

* ૭૪૭૭ **શ્રી લલિતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ક્યા સરકારી વીજ મથકો કેટલા સમય બંધ પડી રહ્યા હતા ?

(૨) આ વીજ મથકો બંધ પડવા પાછળના કારણો શા છે, અને

**જવાબ**

(૧) અને (૨)

એક પણ નહી.

ઉક્ત સ્થિતિએ ઉપર્યુક્ત તમામ વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ છે. પરંતુ વીજ ઉત્પાદનનો સંગ્રહ શક્ય નથી અને ઉત્પાદન સમયે જ તેનો વપરાશ કરવો જરૂરી છે. આમ, વીજ ઉત્પાદન જે–તે સમયના વપરાશ/માંગને આધારિત હોય છે અને આ સ્થિતિ દરેક દિવસે દરેક ક્ષણે બદલાતી રહે છે. સામાન્ય રીતે વીજ મથકોમાંથી ઉત્પાદન મેળવવાનું ચાલું હોય છે પરંતુ આકસ્મિક રીતે ખોટકાઈ જવું. સમારકામની જરૂરિયાત, બળતણ ઉપલબ્ધ ન હોય તેવા કપરા સંજોગોમાં પ્લાન્ટને બંધ રાખવા પડે છે. ગેસ આધારિત વીજ મથકો માટે ડોમેસ્ટિક ગેસનો પુરવઠો ઉપલબ્ધ ન હોઈ, મથકો બંધ રહે છે, તદ્ઉપરાંત હાઈડ્રો પાવર પ્રોજેક્ટ્સ સિંચાઈ વિભાગની જરૂરિયાત મુજબ ચલાવવામાં આવે છે. આ ઉપરાંત નામ. વીજ નિયમન આયોગની "મેરિટ ઓર્ડર"ની માર્ગદર્શિકાને ધ્યાને લઈ તેમજ લો ડિમાન્ડ (low demand)ને કારણે SLDC(સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર)ની સૂચના મુજબ જે તે સમયે વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં ઉપર્યુક્ત અનિવાર્ય કારણોસર તત્પૂરતા સમય માટે હંગામી ધોરણે બંધ રાખવા પડે છે અથવા જે તે સમયની જરૂરિયાત મુજબ અંશતઃ કાર્યરત રાખવા પડે છે.

(૩) વીજ મથકો બંધ પડવા કે પડી રહેવાના કારણે કેટલા યુનીટ વીજળી ઉત્પન્ન ન થઈ શકી ?

(૩) ઉપર(૧) અને (૨)માં જણાવ્યા પ્રમાણે જે તે સમયની વીજ માંગ અને નામદાર વીજ નિયમન આયોગના મેરીટ ઓર્ડરને અનુલક્ષીને વીજ ઉત્પાદન મેળવવામાં આવતું હોવાથી, વીજ ઉત્પાદન ન થઈ શકતું હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૯

## પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર લેવાતો વેરો

* ૭૫૦૪ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર કેટલા દરે વેરો વસુલવામાં આવે છે, અને

(૧)

| | **વેટ** | **સેસ** |
|---|---|---|
| પેટ્રોલ | ૨૦% | ૪% |
| ડીઝલ | ૨૦% | ૪% |
| સી.એન.જી. | ૧૫% | – |
| પી.એન.જી. | ૧૫% | – |
| | | |
| | **જીએસટી** | |
| રાસાયણિક ખાતર | ૫% | |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતરના વેરા પેટે સરકારને કેટલી આવક થઈ ?

(૨) **(રકમ રૂ. કરોડમાં)**

| | **૨૦૧૬–૧૭** | | **૧/૪/૧૭ થી ૩૧/૧૨/૧૭** | |
|---|---|---|---|---|
| | **વેટ+સીએસટી** | **સેસ** | **વેટ+સીએસટી** | **સેસ** |
| પેટ્રોલ | ૨૮૬૨.૪૧ | ૫૯૨.૯૨ | ૨૪૮૫.૨૯ | ૪૮૨.૮૮ |
| ડીઝલ | ૬૩૭૧.૧૯ | ૧૩૧૯.૭૨ | ૫૫૩૧.૭૮ | ૧૦૭૪.૭૯ |
| સી.એન.જી. | ૪૪૦.૧૮ | | ૨૨૯.૧૫ | |
| પી.એન.જી. | ૯૨૫.૦૫ | | ૫૭૦.૦૨ | |
| | **૨૦૧૬–૧૭ (વેટ)** | | **૧/૪/૧૭ થી ૩૧/૧૨/૧૭ (વેટ+એસજીએસટી)** | |
| રાસાયણિક ખાતર | ૯૫.૯૯ | | ૬૮.૦૬ | |

---------

# ૩૦

## ભરૂચ જિલ્લામાં મધ્યબારા, ઉત્તરબારા અને નર્મદાબારા યોજના

* ૫૫૬૯ **શ્રી અરુણસિંહ રણા**(વાગરા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આવેલ મધ્યબારા, ઉત્તરબારા, અને નર્મદાબારા યોજનાની શરૂઆત ક્યારે થઈ,

(૧) આ સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આવેલ મધ્યબારા યોજના તા.૧૫/૦૪/૧૯૭૧, ઉત્તરબારા યોજના તા.૧૯/૦૨/૧૯૬૪ અને નર્મદાબારા યોજના તા.૧૬/૦૭/૧૯૮૮ થી શરૂઆત થયેલ.

(૨) આ યોજનાઓ ક્યારે પૂર્ણ થશે,

(૨) મધ્યબારા યોજના વર્ષ ૧૯૭૩માં, ઉત્તરબારા યોજના વર્ષ ૧૯૭૨ માં અને નર્મદાબારા યોજના વર્ષ ૧૯૯૨માં પૂર્ણ થયેલ છે.

(૩) આ યોજના અંતર્ગત તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ ભરૂચ અને વાગરા તાલુકાના કેટલા અને ક્યા ક્યા ગામોને પાણી પૂરૂં પાડવાનું આયોજન છે, અને

(૩) આ સ્થિતિએ ઉક્ત યોજનાઓ અંતર્ગત ભરૂચ તાલુકાના ૪૯ ગામો અને વાગરા તાલુકાના ૬૩ ગામોને પાણી પુરૂ પાડવાનું આયોજન હતું. **(પરિશિષ્ટ)**

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોને પાણી પુરૂ પાડવામાં આવેલ છે અને બાકી ગામોને ક્યારે પાણી પુરૂ પાડવાનું આયોજન છે ?

(૪) ઉક્ત સ્થિતિએ આ આયોજન પૈકી ભરૂચ તાલુકાના ૩૦ ગામો, વાગરા તાલુકાના ૬૦ ગામોને પાણી પુરૂ પાડવામાં આવે છે અને બાકીના ભરૂચ તાલુકાના ૧૯ ગામો અને વાગરા તાલુકાના ૩ ગામો માટે મધ્યબારા સુધારણા યોજના તેમજ નર્મદાબારા સુધારણા યોજનાના કામો સમયબધ્ધ રીતે પૂર્ણ કરી પાણી પુરૂ પાડવામાં આવનાર છે.

**પરિશિષ્ટ**

| અ.નં. | ગામનું નામ |
|---|---|
| **તાલુકો–ભરૂચ** | |
| ૧ | ધોડી |
| ૨ | પારખેત |
| ૩ | અડોલ |
| ૪ | નાંદ |
| ૫ | કહાન |
| ૬ | પરીએજ |
| ૭ | બંબુસર |
| ૮ | ડભાલી |
| ૯ | ત્રાલસી |
| ૧૦ | મહુધલા |
| ૧૧ | અસુરીયા |
| ૧૨ | ઉમરા |
| ૧૩ | કવિઠા |
| ૧૪ | કરમાલી |
| ૧૫ | સિંધોત |
| ૧૬ | અંગારેશ્વર |
| ૧૭ | મંગલેશ્વર |
| ૧૮ | કરજણ |
| ૧૯ | ઓસારા |
| ૨૦ | થામ |
| ૨૧ | ઉમરાજ |
| ૨૨ | હલદરવા |
| ૨૩ | તવરા |
| ૨૪ | રહાડપોર |
| ૨૫ | કારેલા |
| ૨૬ | એકસાલ |
| ૨૭ | નવેઠા |
| ૨૮ | અમલેશ્વર |
| ૨૯ | કેશલરોલ |
| ૩૦ | મનાડ |
| ૩૧ | મહેગામ |
| ૩૨ | ભાડભૂત |
| ૩૩ | શંખવાડ |
| ૩૪ | વેસદડા |
| ૩૫ | કુરલા |
| ૩૬ | વાંસી |
| ૩૭ | દહેગામ |
| ૩૮ | હીંગલોટ |

| અ.નં. | ગામનું નામ |
|---|---|
| **તાલુકો–ભરૂચ** | |
| ૩૯ | વડવા |
| ૪૦ | આમદડા |
| ૪૧ | વેરવાડા |
| ૪૨ | ભુવા |
| ૪૩ | વહાલુ |
| ૪૪ | કરમાડ |
| ૪૫ | કુકરવાડા |
| ૪૬ | સરનાર |
| ૪૭ | ચૌલાદ |
| ૪૮ | કાંસવા |
| ૪૯ | પીપલીયા |
| **તાલુકો–વાગરા** | |
| ૧ | નાંદીડા |
| ૨ | નાંદરખા |
| ૩ | જણીયાદરા |
| ૪ | સંભેટી |
| ૫ | વાવ |
| ૬ | કડોદરા |
| ૭ | ગલેન્ડા |
| ૮ | અંભેલ |
| ૯ | ગોલાદરા |
| ૧૦ | પણીયાદરા |
| ૧૧ | અલાદર |
| ૧૨ | લીમડી |
| ૧૩ | ત્રાંકલ |
| ૧૪ | પાલડી |
| ૧૫ | મુલેર |
| ૧૬ | પખાજણ |
| ૧૭ | વાગરા |
| ૧૮ | સામંતુર(ગલેન્ડી) |
| ૧૯ | પીપલીયા |
| ૨૦ | વહીયાલ |
| ૨૧ | પાદરીયા |
| ૨૨ | વીંછીયાદ |
| ૨૩ | ઓરા |
| ૨૪ | કલમ |
| ૨૫ | પીસાદ |
| ૨૬ | સુતરેલ |

| અ.નં. | ગામનું નામ |
|---|---|
| **તાલુકો–વાગરા** | |
| ૨૭ | નરણાવી |
| ૨૮ | કેશવાણ |
| ૨૯ | લખીગામ |
| ૩૦ | લુવારા |
| ૩૧ | જાગેશ્વર |
| ૩૨ | દહેજ |
| ૩૩ | અંભેટા |
| ૩૪ | અખોડ |
| ૩૫ | કલાદરા |
| ૩૬ | સડથલા |
| ૩૭ | ખોજબલ |
| ૩૮ | ભેંસલી |
| ૩૯ | સાયખા |
| ૪૦ | કોઠીયા |
| ૪૧ | બદલપુર |
| ૪૨ | વોરા સમની |
| ૪૩ | જુનેદ |
| ૪૪ | આંકોટ |
| ૪૫ | સાચણ |
| ૪૬ | પહાજ |
| ૪૭ | ચાંચવેલ |
| ૪૮ | વસતીખંડાલી |
| ૪૯ | સલાદરા |
| ૫૦ | ઓચ્છણ |
| ૫૧ | અરગામા |
| ૫૨ | અટાલી |
| ૫૩ | રહિયાદ |
| ૫૪ | જોલવા |
| ૫૫ | સુવા |
| ૫૬ | કોલીયાદ |
| ૫૭ | વેંગણી |
| ૫૮ | વડદલા |
| ૫૯ | વછનાદ |
| ૬૦ | વિલાયત |
| ૬૧ | સારણ |
| ૬૨ | રહાડ |
| ૬૩ | ગંધાર |

---------

# ૩૧

## રાષ્ટ્રીય પરિવાર કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૭૫૩૬ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ચેપી પરિવાર કલ્યાણ કાર્યક્રમ/કુટુંબ કલ્યાણ કાર્યક્રમમાં કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાષ્ટ્રીય ચેપી પરિવાર કલ્યાણ કાર્યક્રમ/કુટુંબ કલ્યાણ કાર્યક્રમમાં કેન્દ્ર સરકાર તરફથી નીચે મુજબની ગ્રાન્ટ મળેલ છે.

| વર્ષ | નેશનલ હેલ્થ મીશન અંતર્ગત (રૂ. કરોડમાં) | | | |
|---|---|---|---|---|
| | ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેઈન્ટેનન્સ | નેશનલ અર્બન હેલ્થ મીશન | આર.સી.એચ. ફ્લેક્ષીબલ પુલ | કુલ |
| ૨૦૧૫–૧૬ | ૧૬૨.૪૯ | ૪૮.૯૮ | ૧૯૨.૩૪ | ૪૦૩.૮૧ |
| ૨૦૧૬–૧૭ | ૩૧૨.૯૪ | ૪૩.૩૧ | ૧૯૪.૮૩ | ૫૫૧.૦૮ |
| ૨૦૧૭–૧૮ (તા. ૩૧–૧૨–૧૭ સુધી) | ૨૯૯.૭૧ | ૧૧૭.૦૪ | ૯૨.૭૪ | ૫૦૯.૪૯ |

---------

# ૩૨

## મોરબી–કંડલા બાયપાસ રોડ ઉપરના નવલખી ફાટકને પહોળો કરવાની કામગીરી

* ૫૫૯૬ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મોરબી શહેરના કંડલા બાય–પાસ ઉપરના નવલખી ફાટકને પહોળુ કરવા અંગે જિલ્લા વહીવટી તંત્રને કોઈ રજૂઆતો મળી છે ખરી,

(૨) જો હા, તો ઉક્ત ફાટક પહોળુ કરવા શું આયોજન કરવામાં આવ્યું છે, અને

(૩) કેટલા સમયમાં ફાટક પહોળ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) અને (૩) : રાજકોટ–મોરબી રસ્તાનાં ચાર માર્ગીયકરણ માટેના પ્રગતિ હેઠળના કામમાં નવલખી ફાટકની જગ્યાએ ચારમાર્ગીય આર.ઓ.બી. બનાવવાના કામનો સમાવેશ થાય છે.

---------

# ૩૩

## કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૫૧૯ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ કચ્છ જિલ્લામાં ૨૩૧.૬૧ એમ.એલ.ડી. જ્યારે બનાસકાંઠા જીલ્લામાં ૨૮૬.૬૧ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) જીલ્લાવાર મુખ્ય ડેમોની વિગત નીચે મુજબ છે.

| અનુ. | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | કચ્છ | ટપ્પર ડેમ | ૯.૫૨ |
| ૨ | કચ્છ | ગોધાતડ | ૭.૨૭ |
| ૩ | કચ્છ | મીઠી | ૧૨.૬૩ |

| | | | |
|---|---|---|---|
| ૪ | કચ્છ | કનકાવટી | ૨.૫૮ |
| ૫ | કચ્છ | ગજણસર | ૩.૭૯ |
| ૬ | કચ્છ | કારાઘોઘા | ૧.૧૪ |
| ૭ | કચ્છ | ગજોડ ડેમ | ૦.૨૫ |
| ૮ | કચ્છ | ફતેહગઢ | ૨.૨૮ |
| ૯ | કચ્છ | સુવઈ ડેમ | ૨.૫૦ |
| ૧૦ | કચ્છ | રૂદ્રમાતા | ૨.૨૧ |
| ૧૧ | કચ્છ | કાયલા | ૦.૫૪ |
| ૧૨ | કચ્છ | મથલ | ૧.૨૮ |
| ૧૩ | કચ્છ | નિરૂણા | ૦.૪૨ |
| ૧૪ | કચ્છ | સાન્ધ્રો | ૧.૧૮ |
| ૧૫ | કચ્છ | બેરાચિયા | ૦.૪૨ |
| ૧૬ | કચ્છ | નરા | ૬.૪૯ |
| ૧૭ | કચ્છ | કસવાતી | ૦.૩૯ |
| ૧૮ | કચ્છ | ધ્રોણ | ૦.૮૯ |
| ૧૯ | કચ્છ | ઝંગડિયા | ૩.૫૩ |
| ૨૦ | કચ્છ | ભૂખી | ૦.૬૪ |
| ૨૧ | બનાસકાંઠા | મુક્તેશ્વર | ૨૧.૫૨ |
| ૨૨ | બનાસકાંઠા | સીપુ | ૧૧૩.૮૩ |
| ૨૩ | બનાસકાંઠા | દાંતીવાડા | ૨૩૦.૬૭ |

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યું છે ?

(૩) કચ્છ અને બનાસકાંઠા જીલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- નર્મદા તથા સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા
- સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારીત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા
- જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા
- વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા

---------

# ૩૪

## ભરૂચ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૧૯૬ **શ્રી હર્ષ સંઘવી** (મજુરા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ભરૂચ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૬૩૪

(૨) રૂ. ૫૭.૨૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૩૫

**ઘરોઈ યોજનાની નહેરો સુધારણાની કામગીરી**

* ૬૧૫૨ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધરોઈ યોજનાની નહેરોમાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નહેર સુધારણામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) ૧૧૪૧.૩૨ લાખ |
| (૨) કેટલા હેક્ટર વિસ્તારને લાભ થયો ? | (૨) ૬૯૨૫ હેક્ટર |

---------

# ૩૬

**ગુજરાતને સિંધુ બેસિનનું પાણી ફાળવવા માટે કેન્દ્ર સરકારને કરેલ રજુઆત**

* ૭૪૯૧ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગુજરાતની સિંધુ બેસિનની પાણી ફાળવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજુઆત/દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) સિંધુ બેસનના પાણી અંગેની પંજાબ વિધાનસભામાં આ બાબતે પંજાબ ટર્મીનેશન ઓફ એગ્રીમેન્ટ એક્ટ ૨૦૦૪ના સંદર્ભમાં નામદાર સર્વોચ્ચ અદાલતમાં પ્રેસિડેન્સિઅલ રેફરન્સ થયેલ છે.<br>જેને ધ્યાને લેતા રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં રજુઆત કરેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૩૭

**ભાવનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ**

* ૬૦૮૪ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૪૦૩૦ |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૫૨.૧૫ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૩૮

**રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ**

* ૬૦૮૮ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૪૦૦ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૬૮૮.૩૫ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૩૯

## પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૨૫૫ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૬૦૯

(૨) રૂ. ૨૩૬૧.૯૩ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૪૦

## સાબરકાંઠા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

* ૬૧૮૩ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસણી કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કયા પ્રકારની બિમારીઓ જણાઈ આવી,

(૩) તેમની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી, અને

(૪) કેટલા બાળકોને કીડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં નીચે મુજબના વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસણી કરવામાં આવી.

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬ | ૨,૮૩,૫૬૮ |
| ૨૦૧૭ | ૨,૬૫,૧૧૮ |
| **કુલ** | **૫,૪૮,૬૮૬** |

(૨) તે પૈકી નીચે મુજબના વિદ્યાર્થીઓમાં મુખ્યત્વે પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન, નાક, ગળાની તકલીફ, પેટની તકલીફ અને ચામડી, હૃદય, કિડની અને કેન્સરની બિમારીઓ જણાઈ આવી.

| વર્ષ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૬ | ૩૪,૭૭૫ |
| ૨૦૧૭ | ૪૩,૪૮૧ |
| **કુલ** | **૭૮,૨૫૬** |

(૩) તેમની સારવાર માટે સરકાર દ્વારા નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી.

(૧) સ્થળ પર સારવાર,
(૨) વધુ બિમારીવાળા બાળકને સામુહિક આરોગ્ય કેન્દ્ર/જિલ્લા હોસ્પીટલ ખાતે સંદર્ભ સેવા
(૩) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

(૪) એક પણ બાળકને કીડની ટ્રાન્સપ્લાન્ટ સારવાર આપવામાં આવેલ નથી.

---------

# ૪૧

**નડીયાદ સિવિલ હોસ્પિટલનું મંજુર મહેકમ**

* ૫૫૬૬ **શ્રી ઈન્દ્રજિતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ નડીયાદની સિવિલ હોસ્પિટલમાં કુલ કેટલા કર્મચારી–તબીબી સ્ટાફનું મહેકમ મંજુર થયેલ છે,

(૨) આ પૈકી કઈ જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે શાં પગલાં લીધેલ છે ?

**જવાબ**

(૧) કુલ – ૧૬૭ કર્મચારી–તબીબી સ્ટાફનું મંજુર મહેકમ

(૨) સામેલ પત્રક મુજબ

(૩)

- વર્ગ–૧ તજજ્ઞ તથા વર્ગ–૨ તબીબી અધિકારીની જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે નિયમિત નિમણૂંકથી ભરવામાં આવેલ છે. તે ઉપરાંત, બોન્ડેડ, એડહોક તેમજ સી.એમ.સેતુ અંતર્ગત સેવાઓ લેવામાં આવે છે.
- વર્ગ–૩ની નર્સીંગ, પેરામેડીકલ, ટેકનીકલ તેમજ અન્ય વહીવટી સંવર્ગની જગ્યાઓ સીધી ભરતી/બઢતીથી ભરવામાં આવે છે.
- વર્ગ–૪ની ખાલી જગ્યાઓની કામગીરી આઉટસોર્સીંગથી લેવામાં આવે છે.

**પત્રક**

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| ૧ | આર.એમ.ઓ. | ૧ | ૩૧–૮–૨૦૧૩ |
| ૨ | એનેસ્થેટીસ્ટ | ૧ | ૨૮–૪–૨૦૧૩ |
| ૩ | રેડીયોલોજીસ્ટ | ૧ | ૬–૧૦–૨૦૦૧ |
| ૪ | માનદ્ કાર્ડિયોલોજીસ્ટ | ૧ | ૨૨–૭–૨૦૧૦ |
| ૫ | માનદ્ નેફ્રોલોજીસ્ટ | ૧ | ૨૨–૭–૨૦૧૦ |
| | **વર્ગ–૧ કુલ** | **૫** | |
| | **વર્ગ–૨** | | |
| ૬ | તબીબી અધિકારી | ૧ | |
| | **વર્ગ–૨ કુલ** | **૧** | |
| | **વર્ગ–૩** | | |
| ૭ | કચેરી અધિક્ષક | ૧ | ૩–૪–૨૦૧૭ |
| ૮ | હેડક્લાર્ક | ૧ | ૧૬–૯–૨૦૧૫ |
| ૯ | સીનીયર ક્લાર્ક | ૨ | ૩૦–૯–૨૦૧૦ |
| ૧૦ | જુનીયર ક્લાર્ક | ૧ | ૩૧–૭–૨૦૧૩ |
| ૧૧ | કેસ રાઈટર | ૨ | ૩૧–૧૨–૨૦૧૩ |
| ૧૨ | ચીફ ફાર્માસીસ્ટ | ૧ | ૩૦–૬–૨૦૧૭ |
| ૧૩ | એક્સ–રે આસીસ્ટન્ટ | ૧ | ૩૧–૮–૨૦૧૬ |
| ૧૪ | લેબોરેટરી ટેકનીશ્યન | ૧ | ૨૨–૫–૨૦૧૨ |
| ૧૫ | લેબોરેટરી આસીસ્ટન્ટ | ૧ | ૧૭–૯–૨૦૧૨ |
| ૧૬ | ડ્રાયવર | ૨ | ૨૮–૮–૨૦૧૨ |
| ૧૭ | ઈલેક્ટ્રીશ્યન | ૧ | ૧–૧–૨૦૧૧ |
| ૧૮ | સેનેટરી ઈન્સ્પેક્ટર | ૧ | ૩૧–૭–૨૦૧૪ |
| ૧૯ | આસીસ્ટન્ટ નર્સીંગ સુપ્રિન્ટેન્ડન્ટ | ૧ | ૩૧–૭–૨૦૧૫ |
| ૨૦ | સ્ટાફનર્સ | ૨ | ૩૦–૯–૨૦૧૬ |
| | **વર્ગ–૩ કુલ** | **૧૮** | |

---------

# ૪૨

## ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૫૦૭ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યું છે ?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ ગીરસોમનાથ જિલ્લામાં ૧૧૨.૮૭ એમ.એલ.ડી. તથા જૂનાગઢ જીલ્લામાં ૧૫૨.૪૪ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) જીલ્લાવાર મુખ્ય ડેમોની વિગત નીચે મુજબ છે.

| અનુ. | જિલ્લો | ડેમનું નામ | તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ ડેમમાં પીવાના પાણીનો ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | જુનાગઢ | અંબાજળા | ૩.૧૮ |
| ૨ | જુનાગઢ | બાટવાખારો | ૧.૫૯ |
| ૩ | જુનાગઢ | ઓઝત–૨ ડેમ | ૩૦.૧૧ |
| ૪ | જુનાગઢ | ધ્રાફડ ડેમ | ૧.૬૭ |
| ૫ | જુનાગઢ | ઓઝત વીયર (વંથલી) | ૦.૪૫ |
| ૬ | જુનાગઢ | ઓઝત વીયર | ૦. |
| ૭ | જુનાગઢ | ઝાંઝેસરી | ૦.૭૭ |
| ૮ | જુનાગઢ | મધુવંતી | ૩.૯૫ |
| ૯ | જુનાગઢ | ઉબેણ | ૧.૧૪ |
| ૧૦ | જુનાગઢ | હસ્નાપુર ડેમ | ૪.૦૫ |
| ૧૧ | જુનાગઢ | મોટા ગુજારીયા | ૧.૦૩ |
| ૧૨ | જુનાગઢ | પ્રેમપરા | ૦. |
| ૧૩ | જુનાગઢ | સાબલી | ૧.૯૬ |
| ૧૪ | જુનાગઢ | પ્રજમી | ૦.૯૫ |
| ૧૫ | ગીર સોમનાથ | હિરણ–૧ | ૯.૭૬ |
| ૧૬ | ગીર સોમનાથ | હિરણ–૨ | ૨૭.૬૧ |
| ૧૭ | ગીર સોમનાથ | મચ્છુન્દ્રી ડેમ | ૨૮.૫૬ |
| ૧૮ | ગીર સોમનાથ | રાવલ ડેમ | ૨૪.૮૨ |
| ૧૯ | ગીર સોમનાથ | શિંગોડા | ૧૫.૭૫ |

(૩) ગીર સોમનાથ અને જુનાગઢ જીલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- નર્મદા તથા સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા
- સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારીત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા
- જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા
- વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા

---------

# ૪૩

## મહેસાણા જિલ્લામાં થેલેસીમીયાના દર્દીઓ

* ૬૧૩૨ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર થેલેસેમીયાના કુલ કેટલા દર્દીઓ છે, અને

(૨) આ દર્દીઓને માસિક કેટલા લોહીની જરૂરી પડે છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧–૧–૧૬થી તા. ૩૧–૧૨–૧૬ | તા. ૧–૧–૧૭થી તા. ૩૧–૧૨–૧૭ |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૫ | ૧૭ |
| ૨ | બેચરાજી | ૦૦ | ૦૦ |
| ૩ | કડી | ૦૦ | ૦૦ |
| ૪ | ખેરાલુ | ૦૦ | ૦૦ |
| ૫ | ઊંઝા | ૦૦ | ૦૦ |
| ૬ | વિસનગર | ૦૦ | ૦૦ |
| ૭ | વિજાપુર | ૦૦ | ૦૦ |
| ૮ | જોટાણા | ૦૦ | ૦૦ |
| ૯ | સતલાસણા | ૦૦ | ૦૦ |
| ૧૦ | વડનગર | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૧૫** | **૧૭** |

(૨) આ દર્દીઓને માસિક ૧ થી ૨ બોટલ લોહીની જરૂર પડે છે.

---------

# ૪૪

## નડિયાદ–ડાકોર રાજ્યધોરી માર્ગને ચાર માર્ગીય કરવાની કામગીરી

* ૬૧૪૮ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના નડિયાદથી ડાકોર રાજ્ય ધોરી માર્ગને ચાર માર્ગીય કરવાનું આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને

(૩) સદર કામગીરી તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) રૂ. ૬૫ કરોડ

(૩) પ્રગતિ હેઠળ

---------

# ૪૫

## ગાંધીનગર અને દાહોદ જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૪૯૦ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ગાંધીનગર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ૧૩૮.૪૮ એમ.એલ.ડી. જ્યારે દાહોદ જીલ્લામાં ૧૮૨.૭૯ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) જીલ્લાવાર મુખ્ય ડેમોની વિગત નીચે મુજબ છે.

| અનુ. | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | | |
| ૨ | દાહોદ | માછણનાળા | ૧૭.૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૩ | દાહોદ | પાટાડુંગરી | ૧૫.૬૨ |
| ૪ | દાહોદ | ઉમરીયા | ૫.૫૪ |
| ૫ | દાહોદ | વાંકલેશ્વર ભે. | ૧૦.૦૫ |
| ૬ | દાહોદ | ઈડલવાડા | ૯.૨૩ |
| ૭ | દાહોદ | કબુતરી | ૪.૬૧ |
| ૮ | દાહોદ | કાલી–૨ | ૯.૮૭ |

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યું છે ?

(૩) ગાંધીનગર અને દાહોદ જીલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- નર્મદા તથા સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા।
- સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારીત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા।
- જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા।
- વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા

---------

# ૪૬

## રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને રાજ્ય ધોરીમાર્ગ પર અકસ્માતમાં ઈજા પામેલાને ઈમરજન્સી સારવાર આપવા

* ૬૧૧૯ **શ્રી રાકેશભાઈ શાહ** (એલીસબ્રીજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને રાજ્ય ધોરીમાર્ગ પર અકસ્માત દરમ્યાન ઈજા પામેલ લોકોને ઈમરજન્સી સારવાર આપવા માટે કોઈ સુવિધા ઉભી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્યની કઈ–કઈ હોસ્પિટલો ખાતે ઈમરજન્સી સારવાર આપવા માટેની સુવિધા ઉભી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) રાજ્યની તમામ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો, જિલ્લા તથા પેટા જિલ્લા હોસ્પિટલો તથા તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ઈમરજન્સી સારવાર આપવા માટેની સુવિધા ઉભી કરવામાં આવેલ છે.

---------

# ૪૭

## મહીસાગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૧૯૮ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૩૭૪

(૨) રૂ. ૧૦૫.૬૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૪૮

## ગોધરા તાલુકાના દલવાડા–પાદરડી–ધામણોદ રોડ મજબુતીકરણની કામગીરી

* ૬૧૪૯ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગોધરા તાલુકાના દલવાડા–મગલીયાણા–પાદરડી–ધામણોદ રોડ કિ.મી.૦/૦ થી ૧૬/૦ ને મજબુતીકરણની માટે કોઈ આયોજન કરવામાં આવેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલા રૂપિયાની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૪૬૦.૦૦ લાખ. |
| (૩) આ કામગીરી તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) કામ પ્રગતિમાં છે. |

---------

# ૪૯

## નર્મદાના ફ્લડ વોટર અન્વયે સૌરાષ્ટ્ર–કચ્છને આપવામાં આવેલ પાણી

* ૭૪૯૮ **શ્રી અમરીશભાઈ ડેર** (રાજુલા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદાના ફ્લડ વોટર (પુરના પાણી) સૌરાષ્ટ્ર–કચ્છમાં આપવા અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર કેટલું પાણી સૌરાષ્ટ્ર–કચ્છને આપવામાં આવ્યું, અને | (૧) પત્રક મુજબ |
| (૨) જો નર્મદાનું ફ્લડ વોટર સૌરાષ્ટ્ર–કચ્છને આપવામાં ન આવ્યું હોય તો તેના કારણો શા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક**

| ક્રમ | માસ | આપવામાંઆવેલ પાણીનો જથ્થો (મીલીયન ઘન ફૂટ) | |
|---|---|---|---|
| | | સૌરાષ્ટ | કચ્છ |
| ૧ | જાન્યુઆરી–૧૬ | ૦ | ૧૦૮.૦૬ |
| ૨ | ફેબ્રુઆરી–૧૬ | ૦ | ૧૧૩.૦૧ |
| ૩ | માર્ચ–૧૬ | ૦ | ૨૩.૩૧ |
| ૪ | એપ્રીલ–૧૬ | ૦ | ૦ |
| ૫ | મે–૧૬ | ૦ | ૦ |
| ૬ | જુન–૧૬ | ૦ | ૦ |
| ૭ | જુલાઈ–૧૬ | ૫૦ | ૦ |
| ૮ | ઓગષ્ટ–૧૬ | ૧૪૩૪ | ૧૦૮.૭૭ |
| ૯ | સપ્ટેમ્બર–૧૬ | ૧૧૩૧ | ૧૦૬.૬૫ |
| ૧૦ | ઓક્ટોબર–૧૬ | ૩૪૮ | ૧૧૦.૫૪ |
| ૧૧ | નવેમ્બર–૧૬ | ૧૦૨૦ | ૧૦૯.૪૮ |
| ૧૨ | ડિસેમ્બર–૧૬ | ૬૯૮ | ૧૨૦.૧૯ |
| ૧૩ | જાન્યુઆરી–૧૭ | ૬૪૮ | ૮૪.૭૬ |
| ૧૪ | ફેબ્રુઆરી–૧૭ | ૩૮૫ | ૧૦૮.૦૬ |
| ૧૫ | માર્ચ–૧૭ | ૧૦૦૧ | ૭૪.૧૬ |
| ૧૬ | એપ્રીલ–૧૭ | ૧૯૬૦ | ૦ |
| ૧૭ | મે–૧૭ | ૯૨૮ | ૦ |
| ૧૮ | જુન–૧૭ | ૮૭૮ | ૪૩૧.૨૦ |
| ૧૯ | જુલાઈ–૧૭ | ૮૨૨ | ૧૧.૩૦ |

| ક્રમ | માસ | આપવામાંઆવેલ પાણીનો જથ્થો (મીલીયન ઘન ફૂટ) | |
|---|---|---|---|
| | | સૌરાષ્ટ | કચ્છ |
| ૨૦ | ઓગષ્ટ–૧૭ | ૦ | ૦ |
| ૨૧ | સપ્ટેમ્બર–૧૭ | ૦ | ૦ |
| ૨૨ | ઓક્ટોબર–૧૭ | ૦ | ૦ |
| ૨૩ | નવેમ્બર–૧૭ | ૦ | ૨૩.૧૭ |
| ૨૪ | ડિસેમ્બર–૧૭ | ૦ | ૧૮૪.૩૪ |
| | **કુલ** | **૧૧૩૦૩** | **૧૭૧૭** |

---------

# ૫૦

## વલ્લભીપુર તાલુકાના પાટણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફનર્સનું મહેકમ

* ૩૮૪૪ **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વલ્લભીપુર તાલુકાના પાટણા ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફનર્સનું મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વલ્લભીપુર તાલુકાના પાટણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફનર્સનું રેગ્યુલર મહેકમ મંજુર થયેલ નથી. પરંતુ, નેશનલ હેલ્થ મિશન અંતર્ગત સ્ટાફનર્સની ૧ (એક) જગ્યા (કરાર આધારિત) મંજુર થયેલ છે.

(૨) ઉક્ત જગ્યા તા. ૧૫–૦૮–૨૦૧૫થી ખાલી છે.

(૩) જીલ્લા પંચાયત દ્વારા દર સોમવારે સ્ટાફનર્સના વોક ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવે છે.

---------

# ૫૧

## સુરેન્દ્રનગર જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના

* ૫૯૩૩ **શ્રી સોમાભાઈ કોળી પટેલ** (લીંબડી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જીલ્લામાં તાલુકાદિઠ તા. ૩૧–૧૨–૧૭ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓ નોંધાયેલ છે અને કેટલા લાભાર્થીઓને ચુકવણું કરવાનું બાકી છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ લાભાર્થીની સંખ્યા | કુલ લાભ આપેલ લાભાર્થીની સંખ્યા | લાભ આપવાનો બાકી હોય તેવા લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ચોટીલા | ૧૦૯૩ | ૧૦૯૩ | ૦ |
| ૨ | ધ્રાંગધ્રા | ૪૫૪ | ૨૮૫ | ૧૬૯ |
| ૩ | લીંબડી | ૧૮૯૩ | ૬૧૫ | ૧૨૭૮ |
| ૪ | પાટડી | ૧૬૫૬ | ૫૧૨ | ૧૧૪૪ |
| ૫ | સાયલા | ૬૨૯ | ૬૨૯ | ૦ |
| ૬ | વઢવાણ | ૪૮૬૬ | ૧૦૫૭ | ૩૮૦૯ |
| ૭ | ચુડા | ૯૨૪ | ૯૨૪ | ૦ |
| ૮ | લખતર | ૭૪૭ | ૨૩૦ | ૫૧૭ |
| ૯ | મુળી | ૭૪૧ | ૩૫૮ | ૩૮૩ |
| ૧૦ | થાનગઢ | ૧૪૯૩ | ૨૦૫ | ૧૨૮૮ |
| | **કુલઃ–** | **૧૪૪૯૬** | **૫૯૦૮** | **૮૫૮૮** |

(૨) ચુકવણું કરવામાં ન આવ્યુ હોય તો તેના કારણો શા છે?

(૨) બાકીના લાભાર્થીઓનું ચુકવણું કરવાની કાર્યવાહી ચાલી રહેલ છે.

---------

# ૫૨

**મોરબી જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ**

* ૬૧૯૯ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટ પૂર્વ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મોરબી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૩૦૪ |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૬૪.૯૯ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૫૩

**ઉકાઈ–કાકરાપાર યોજનાની કમાન્ડ વિસ્તારમાં નહેરો સુધારણાનાં કામો**

* ૬૧૫૩ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉકાઈ–કાકરાપાર યોજનાની કમાન્ડ વિસ્તારમાં વર્ષ ૨૦૧૭–૧૮માં નહેર સુધારણાનાં કામો હાથ ધરવાનું આયોજન છે, કે કેમ

(૧) હા

(૨) જો હા, તો તાલુકાવાર કેટલા ગામોને આ કામોથી લાભ થશે, અને

(૨) ઉકાઈ–કાકરાપાર યોજનાના નહેર સુધારણાનાં કામોથી ૨૧ તાલુકાઓના ૪૫૬ ગામોને લાભ થશે. જેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં | તાલુકો | ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | કામરેજ | ૨૨ |
| ૨ | બારડોલી | ૨૦ |
| ૩ | પલસાણા | ૪૦ |
| ૪ | ચોર્યાસી | ૩ |
| ૫ | માંડવી | ૧૨ |
| ૬ | ઓલપાડ | ૬૩ |
| ૭ | માંગરોળ | ૨૬ |
| ૮ | મહુવા | ૨૪ |
| ૯ | નવસારી | ૨૩ |
| ૧૦ | જલાલપોર | ૩૮ |
| ૧૧ | ગણદેવી | ૩૦ |
| ૧૨ | ચીખલી | ૩૭ |
| ૧૩ | વાંસદા | ૨ |
| ૧૪ | ખેરગામ | ૪ |
| ૧૫ | વલસાડ | ૪૫ |
| ૧૬ | ધરમપુર | ૧ |
| ૧૭ | અંકલેશ્વર | ૧૬ |
| ૧૮ | હાંસોટ | ૨૩ |
| ૧૯ | વ્યારા | ૧૪ |
| ૨૦ | વાલોડ | ૧૧ |
| ૨૧ | ડોલવણ | ૨ |
| | **કુલ** | **૪૫૬** |

(૩) કુલ કેટલા સિંચાઈ વિસ્તારને લાભ થશે?

(૩) ૧,૦૪,૨૬૬ હેક્ટર

---------

# ૫૪

**અમદાવાદ જિલ્લામાં મેલેરીયાના દર્દીઓ**

* ૬૧૨૮ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો નોંધાયા, અને

(૨) અમદાવાદ જિલ્લામાં મેલેરિયા નિયંત્રણ માટે શી કાર્યવાહી હાથ ધરી?

**જવાબ**

(૧) કુલ ૪૮૩ મેલેરિયાના કેસો નોંધાયેલ છે.

(૨) અમદાવાદ જિલ્લામાં મેલેરિયા નિયંત્રણ માટે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- ફીવર સર્વેલન્સ.
- પોરાનાશક કામગીરી.
- જંતુનાશક દવા છંટકાવ કામગીરી.
- ફોગીંગ કામગીરી.
- જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીના ઉપયોગ.
- આરોગ્ય શિક્ષણ.

---------

# ૫૫

**બનાસકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ**

* ૬૦૮૭ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યુ, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૮૫૧૭

(૨) રૂ. ૩૪૧૨૩.૦૯ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૫૬

**સુરેન્દ્રનગર જિલ્લામાં ટપક સિંચાઇ સહાય**

* ૫૦૨૪ **શ્રી ધનજીભાઇ પટેલ** (વઢવાણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ ટપક સિંચાઇ સહાય માટે કેટલી અરજીઓ મંજુર કરી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચુકવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓની સહાય ચુકવવાની બાકી છે?

**જવાબ**

(૧) ૧૪,૪૪૧ અરજીઓ મંજુર કરી.

(૨) રૂ. ૮૯૪૫.૪૧ લાખ સહાય ચૂકવી.

(૩) ૧૮૯૧ અરજીઓની સહાય ચુકવવાની બાકી.

---------

# ૫૭

**અરવલ્લી જિલ્લામાં સિવિલ હોસ્પિટલની કામગીરી**

* ૪૧૨૦ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અરવલ્લી જીલ્લામાં સિવિલ હોસ્પિટલની કામગીરી તા. ૩૧/૧૨/૧૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

**જવાબ**

(૧) આયોજન અને જમીન નિયત કરવાના તબક્કે છે.

(૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૨) ઉક્ત હોસ્પિટલ માટે અંદાજીત રૂ. ૪૫૦૦.૦૦ લાખનો સંભવિત ખર્ચ થનાર છે. જમીન મળ્યેથી જરૂરી કામગીરી શરૂ થશે.

(૩) સિવિલ હોસ્પિટલ ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે.

(૩) મકાન બન્યા બાદ કાર્યરત થશે.

---------

# ૫૮

## ઘરોઈ યોજનાની નહેરોથી તળાવો જોડવાની કામગીરી

* ૬૦૯૪ **શ્રી હિતુ નરેશ કનોડીયા** (ઇડર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઘરોઇ યોજનાની નહેરોથી કેટલા તળાવો જોડવામાં આવ્યા, અને | (૧) ૭ તળાવ. |
| (૨) આ તળાવો જોડવાથી જળ સંગ્રહશક્તિમાં કેટલો વધારો થયો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૫૯

## રાજકોટ મેડીકલ કોલેજની ગર્લ્સ હોસ્ટેલ અને ન્યુ પી.જી. હોસ્ટેલમાં ફર્નિચર

* ૪૧૭૭ **શ્રી મહમદ જાવીદ પિરઝાદા** (વાંકાનેર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ મેડીકલ કોલેજની ગર્લ્સ હોસ્ટેલ અને ન્યુ પી.જી.હોસ્ટેલને ફર્નિચર પુરુ પાડવા સરકારને છેલ્લા બે વર્ષમાં ડીન દ્વારા કેટલી રજુઆતો મળી, અને | (૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ ૧ (એક) રજુઆત મળેલ છે. |
| (૨) ઉક્ત હોસ્ટેલમાં ફર્નિચર પુરુ ન પાડવાનાં કારણો શા છે અને કેટલા સમયમાં ફર્નિચર પુરુ પાડવામાં આવશે? | (૨) ઉક્ત બન્ને હોસ્ટેલમાં ફર્નિચર વ્યવસ્થા છે. પરંતુ ખુટતા ફર્નિચર અંગે પી.આઇ.યુ. દ્વારા ટેન્ડર નિવિદા નં. ૨૦૧૬–૧૭/૦૬/૦૩ થી ટેન્ડર મંગાવવામાં આવેલ. જે અંગે નામદાર કોર્ટ દ્વારા સ્ટે છે. જેનો નિકાલ થયેથી ખુટતું ફર્નિચર પુરૂ પાડવામાં આવશે. |

---------

# ૬૦

## કલ્પસર યોજનાની કામગીરી

* ૩૫૮૫ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કલ્પસર યોજનાની કામગીરી કયા તબક્કે છે, | (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કલ્પસર યોજનામાં પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. કલ્પસર યોજનામાં ખંભાતના અખાતમાં બંધ બનાવવાનો હોવાથી સમુદ્રશાસ્ત્ર અને પર્યાવરણીય અભ્યાસો ઉપરાંત બંધના સંલગ્ન પાસાઓ તથા અસરો સહિત વિવિધ અભ્યાસો હાથ ધરવામાં આવ્યાં છે, જે પૈકી કુલ ૨૧ અભ્યાસો પૂર્ણ થયેલ છે, જ્યારે ૧૦ અભ્યાસો હાલમાં પ્રગતિ હેઠળ છે. વધુ ૧૯ અભ્યાસો આયોજન હેઠળ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર યોજનાને કેટલી ગ્રાન્ટ ફાળવી અને તે પૈકી કેટલી રકમનો ખર્ચ થયો, અને | (૨) પત્રક–૧ મુજબ |

(૩) આ પ્રોજેક્ટ કયા વર્ષમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે?

(૩) કલ્પસર યોજનાનો શક્યતાદર્શી અહેવાલ તૈયાર થયા પછી સદર અહેવાલને સક્ષમ સ્તરેથી જરૂરી મંજુરીઓ મળ્યેથી, આ યોજના સત્વરે શરૂ કરી, શક્ય બને તેટલુ જલદી પૂર્ણ કરવાનું આયોજન છે.

**પત્રક–૧**

**રૂ. લાખમાં**

| અનુ. નં. | વર્ષ | યોજના અમલીકરણ એકમ ૧, ભાવનગર | | યોજના અમલીકરણ એકમ ૨, વડોદરા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગ્રાન્ટ | ખર્ચ | ગ્રાન્ટ | ખર્ચ | કુલ ગ્રાન્ટ | કુલ ખર્ચ |
| ૧ | ૨૦૧૫–૧૬ | ૧૯૨૦.૦૦ | ૧૯૨૦.૦૦ | ૧૯૩.૯૨ | ૧૮૨.૯૧ | ૨૧૧૩.૯૨ | ૨૧૦૨.૯૧ |
| ૨ | ૨૦૧૬–૧૭ | ૨૪૫.૦૦ | ૨૪૫.૦૦ | ૪૨૩.૧૬ | ૩૭૮.૧૬ | ૬૬૮.૧૬ | ૬૨૩.૧૬ |
| ૩ | ૨૦૧૭–૧૮ (તા. ૩૧/૧૨/૨૦૧૭ અંતીત) | ૪૯૦.૩૬ | ૨૧૭.૨૫ | ૧૭૯.૨૫ | ૧૨૭.૭૪ | ૬૬૯.૬૧ | ૩૪૪.૯૯ |
| | **કુલ** | **૨૬૫૫.૩૬** | **૨૩૮૨.૨૫** | **૭૯૬.૩૩** | **૬૮૮.૮૧** | **૩૪૫૧.૫૯** | **૩૦૭૧.૦૬** |

---------

# ૬૧

## વલસાડ તાલુકાના રાબડા–નવેરા–વેલ્વાચ રોડ પરનો ડૂબાઉ પુલ

* ૬૦૮૧ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧/૨૦૧૮ની સ્થિતિએ વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના રાબડા નવેરા ઓઝર રોડથી કચીગામ કાકડ મતી વેલ્વાચ રોડ પર આવેલ ડુબાઉ પુલને સ્થાને ઉંચો બારમાસી પુલ બનાવવા માટે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

(૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

---------

# ૬૨

## તારાપુર સામુહીક આરોગ્ય કેન્દ્રને અપગ્રેડ કરવાની દરખાસ્ત

* ૩૮૩૯ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ તારાપુર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં હાલ ૩૦ પથારીની સગવડ છે. આ હોસ્પિટલને અપગ્રેડ કરી ૫૦ થી ૧૦૦ પથારીની હોસ્પિટલ બનાવવાની દરખાસ્ત તા.૨૧/૦૯/૨૦૧૭ થી પેન્ડીંગ છે કે કેમ?

(૧) જુદી જુદી રજુઆતો મળેલ છે.

(૨) જો હા, તો સરકાર આ દરખાસ્ત ક્યારે મંજૂર કરશે, અને

(૩) ઉક્ત દવાખાનાનું સેક્સટેન્શન કામ ક્યારે હાથ ધરવામાં આવશે?

(૨) અને (૩)ચકાસણી કરી જરૂરિયાત હશે તો અપગ્રેડ કરવાનો નીતી વિષયક નિર્ણય થયેથી.

---------

# ૬૩

## રાજ્યમાં ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષના કાયદા સંબંધોમાં માર્ગદર્શન

* ૬૦૯૮ **શ્રી અરવિંદ રાણા** (સુરત પુર્વ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ (GST) કાયદાના પ્રશ્નો અંગે અધિકારી અને કરદાતાને માર્ગદર્શન આપવા કોઈ વ્યવસ્થા કરવામાં આવી હતી કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) સામેલ *પત્રક મુજબ. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

# ૬૪

## રાજ્યની જિલ્લા તિજોરી કચેરીઓને કોમ્પ્યુટરાઈઝેશન કરવાની કામગીરી

* ૬૧૬૧ **શ્રીમતી મનીષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની કેટલી જિલ્લા તિજોરી કચેરીઓ ખાતે કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે, | (૧) રાજ્યમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ તમામ જિલ્લા તિજોરી કચેરીઓ ખાતે કોમ્પ્યુટરાઈઝેશન થઈ ગયેલ છે. જે અંતર્ગત ૩૩ જિલ્લા તિજોરી કચેરીઓ, ૧૩૮ પેટા તિજોરી કચેરીઓ, ૨ પગાર અને હિસાબ કચેરીઓ, ૫ પેન્શન ચૂકવણાં કચેરીઓ તથા ૧ વિભાગીય તિજોરી કચેરી અમદાવાદનો સમાવેશ થાય છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી કોમ્પ્યુટરાઈઝેશન કરવાના બાકી છે, અને | (૨) એક પણ નહિ. |
| (૩) બાકી રહેલ કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) લાગુ પડતુ નથી. |

---------

# ૬૫

## રાજ્યમાં આવેલ સરકારી, ખાનગી માલિકીના અને પીપીપી હસ્તકના વીજ મથકો

* ૭૫૩૧ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાજ્ય સરકાર હસ્તક, ખાનગી માલિકીના અને પીપીપી હસ્તકના ક્યા અને કેટલી ક્ષમતા ધરાવતા વીજ મથકો આવેલા છે, અને

**જવાબ**

(૧) અને (૨)

તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં સ્થાપિત અને રાજ્ય બહાર સ્થાપિત સરકારી, ખાનગી/પીપીપી વીજ મથકો જેમાંથી રાજ્યની વીજ કંપનીઓ દ્વારા વીજ પુરવઠો મેળવવામાં આવે છે તેની વિગત નીચે મુજબ છે.

| | **પાવર પ્લાન્ટનું નામ** | **જી.યુ.વી.એન.એલ.નો હિસ્સો (મે.વો)** |
|---|---|---|
| **ક** | **રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકો** | |
| | **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.** | |
| | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન | ૧૧૧૦ |
| | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન | ૧૪૭૦ |
| | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન | ૬૩૦ |
| | સિક્કા થર્મલ પાવર સ્ટેશન | ૫૦૦ |
| | કચ્છ લીગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૨૯૦ |

| | | |
|---|---|---|
| | ઉત્તરાણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૩૭૫ |
| | ધુવારણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૫૯૫ |
| | ઉકાઈ હાઈડ્રો | ૩૦૫ |
| | કડાણા અને પાનમ હાઈડ્રો | ૨૪૨ |
| | **કુલ** | **૫૫૧૭** |
| | **રાજ્ય સરકાર હસ્તક સ્વતંત્ર વીજ મથકો** | |
| | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી. | ૫૦૭ |
| | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | ૪૨ |
| | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી.–સુરત લિગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૫૦૦ |
| | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન–અક્રીમોટા | ૨૫૦ |
| | જી.પી.પી.સી. પીપાવાવ | ૭૦૨ |
| | ભાવનગર એનર્જી કંપની લી. | ૫૦૦ |
| | **કુલ** | **૨૫૦૧** |
| **ખ** | **કેન્દ્ર સરકાર હસ્તકના મથકોમાંથી રાજ્યનો હિસ્સો** | |
| | **રાજ્યમાં સ્થિત મથકો** | |
| | ક્વાસ ગેસ આધારીત વીજ મથક | ૧૮૭ |
| | ગાંધાર ગેસ આધારીત વીજ મથક | ૨૩૭ |
| | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન કાકરાપાર– | ૧૨૫ |
| | સરદાર સરોવર નર્મદા નિગમ લી. | ૨૩૨ |
| | **રાજ્યની બહાર સ્થિત મથકો** | |
| | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન તારાપુર | ૧૬૦ |
| | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન તારાપુર ૩–૪ | ૨૭૪ |
| | એનટીપીસી વિંધ્યાચલ | ૧૦૬૮ |
| | એનટીપીસી–કોરબા | ૪૫૬ |
| | એનટીપીસી–કહલગાવ | ૧૪૧ |
| | એનટીપીસી–સીપત | ૮૧૩ |
| | એનટીપીસી–મૌડા | ૫૩૪ |
| | **કુલ** | **૪૨૨૭** |
| **ગ** | **ખાનગી સાહસો–પી પી પી** | |
| | ચાઈના લાઈટ પાવર લી. (ગુજરાત પથુગન પાવર કંપની) | ૬૫૫ |
| | મુન્દ્રા પાવર પ્રોજેક્ટ ઓફ અદાણી | ૨૦૦૦ |
| | એસ્સાર પાવર ગુજરાત લી. | ૧૦૦૦ |
| | કોસ્ટલ ગુજરાત પાવર લી. મુન્દ્રા યુ.એમ.પી.પી. | ૧૮૦૫ |
| | એ.સી.બી.(ઈન્ડિયા ) લી. (રાજ્ય બહાર સ્થિત) | ૨૦૦ |
| | **કુલ** | **૫૬૬૦** |
| | **કુલ–પરંપરાત સ્ત્રોત** | ૧૭૯૦૫ |
| **ઘ** | બિન પરંપરાગત સ્ત્રોત | |
| | પવન ઊર્જા | ૩૬૬૫ |
| | સૌર ઊર્જા | ૧૧૧૬ |
| | બાયોમાસ | ૩૦ |
| | મીની હાઈડ્રો | ૯.૬ |
| | **કુલ–બિન પરંપરાગત સ્ત્રોત** | ૪૮૨૧ |
| | **કુલ** | ૨૨૭૨૬ |

(૨) વર્ષમાં વર્ષવાર વીજ મથકોવાર વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો થયો ?

ઉત્પાદન ક્ષમતામાં થયેલ વધારાની માહિતી નીચે મુજબ છે.

| સેક્ટર | મે.વો. | |
|---|---|---|
| | વર્ષ ૨૦૧૬ | વર્ષ ૨૦૧૭ |
| (ક) ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.(જી.એસ.ઈ.સી.એલ) | | |
| જી.એસ.ઈ.સી.એલ ધુવારણ એક્સ્પાન્શન | ૩૭૬ | – |
| (ખ)જાહેર સાહસો | | |
| (૧) રાજ્ય સરકારના જાહેર સાહસો | | |
| ભાવનગર એનર્જી કંપની લી. | ૨૫૦ | ૨૫૦ |
| (૨) કેન્દ્ર સરકારના જાહેર સાહસો | | |
| એન.ટી.પી.સી. મૌડા | – | ૨૯૪ |
| (ગ) ખાનગી વીજ મથકો | | – |
| (ઘ) બિન–પંરપરાગત સ્ત્રોત | | |
| પવન ઊર્જા | ૩૮૧ | ૮૮૨ |
| સૌર ઊર્જા | – | ૨૫૫ |
| **કુલ** | **૧૦૦૭** | **૧૬૮૧** |

* ઉપરોક્ત વિગતે દર્શાવેલ વીજ ઉત્પાદન ક્ષમતામાં ખાનગી એકમો કે જેમની પાસેથી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. દ્વારા વીજ પુરવઠો મેળવવામાં આવતો નથી, તેમનો સમાવેશ કરેલ નથી.

---------

# ૬૬

## મહામહીમ રાષ્ટ્રપતિશ્રીની ગુજરાત મુલાકાત વખતની કોન્વોય એમ્બ્યુલન્સ

* ૭૫૨૮ **શ્રી સુનિલભાઈ ગામીત** (નીઝર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સપ્ટેમ્બર–૨૦૧૭માં મહામહીમ રાષ્ટ્રપતિની ગુજરાત મુલાકાત વખતે કોન્વોયની એમ્બ્યુલન્સમાં જે ગ્રુપનું લોહી રાખવાનું હતું તેના બદલે અન્ય ગ્રુપનું લોહી ગોઠવવામાં આવેલ હતું તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ જવાબદારો સામે શું કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૬૭

## જસદણ–વિંછીયા રસ્તાને વાઇડનીંગ તેમજ ડામર સપાટી બનાવ્યા બાબત

* ૭૨૨૯ **શ્રી કુંવરજીભાઈ બાવળીયા** (જસદણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ જસદણ–વિંછીયા જિલ્લા હદ સુધીનો રસ્તો છેલ્લા બે વર્ષથી ક્યારે કઈ યોજના હેઠળ વાઇડનીંગ તેમજ ડામર સપાટી કરવામાં આવેલ, | (૧), (૨) અને (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ રસ્તાની કામગીરી થયેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) તે પૈકી વિંછીયા ગામ વચ્ચેથી પસાર થતો રસ્તો અધુરો છોડી દેવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | |
| (૩) જો હા, તો તેના કારણો શું અને ક્યાં સુધીમાં તે કામ પૂર્ણ કરવામાં આવશે? | |

---------

# ૬૮

## અમદાવાદ સિવિલ હોસ્પિટલનું નવીનીકરણ

* ૬૧૧૪ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (તબીબી શિક્ષણ)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદના નવીનીકરણ/વિસ્તરણની કોઈ યોજના છે, અને

(૨) આ યોજના માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૨૦૦–૦૦ કરોડ (બસો કરોડ)ની ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે.

---------

# ૬૯

## વડોદરા પ્રયોગશાળા દ્વારા ઔષધના નમૂનાઓની ચકાસણી

* ૬૧૧૦ **શ્રીમતી સીમાબેન મોહિલે** (અકોટા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા પ્રયોગશાળા દ્વારા સને ૨૦૧૭ના વર્ષ દરમ્યાન ઔષધના કેટલા નમૂનાઓની ચકાસણી કરવામાં આવેલ છે,

(૨) કેટલા નમૂનાઓ પ્રમાણસર ધોરણના માલુમ પડ્યા, અને

(૩) કેટલા નમૂનાઓ અપ્રમાણસર ધોરણના માલુમ પડ્યા, અને

(૪) સને ૨૦૧૭ના વર્ષમાં અપ્રમાણસર દવાના કિસ્સામાં શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૧૧૭૩૭

(૨) ૧૧૨૪૭

(૩) ૪૯૦

(૪) અપ્રમાણસર થયેલ દવાના તમામ નમૂનાના કિસ્સામાં ૨૦૧૭ના વર્ષ દરમ્યાન નીચે મુજબનાં પગલાં લેવામાં આવ્યા.

| પગલાંની વિગત | |
|---|---|
| ઉત્પાદકના પરવાના સ્થગિત કરવામાં આવ્યા | ૩૩૫ |
| ઉત્પાદકની બનાવટની પરવાનગી પરત ખેચવામાં આવી અને પરવાના સ્થગિત કરવામાં આવ્યા | ૨૨ |
| ઉત્પાદક સામે નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યા | ૫ |
| ઉત્પાદકને સખત ચેતવણી આપવામાં આવી | ૫ |

---------

# ૭૦

## દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં સૌની યોજના હેઠળ ડેમો ભરવાની કામગીરી

* ૪૩૭૮ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાના ડેમો ને સૌની યોજનાથી ભરવાની કામગીરી કેટલા સમયમાં પુર્ણ કરવામાં આવશે, અને

(૨) ઉક્ત કામગીરી પુર્ણ થયે કયા ડેમોમાં કેટલું પાણી ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તાંત્રિક બાબતો અને નાણાકીય ઉપલબ્ધતા અનુસાર કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) જામનગર જિલ્લાના ડેમી–૩, આજી–૪, ઉન્ડ–૨, ઉન્ડ–૧, બાલંભા–બંધારા, કંકાવટી, ખીરી ટી.આર., હડીયાણા ટી.આર., રૂપારેલ બેરાજા, સપડા, વીજરખી, રણજીતસાગર, વાગડીયા, રંગમતી, સસોઈ, રૂપાવટી, પુના, બેડ બંધારા, કુલઝર–૨, ઉન્ડ–૪, ઉન્ડ–૩, કુલઝર, વોડીસંગ, કુલઝર (કેબી) તથા વેણૂ–૧ ડેમોમાં તેમજ દેવભૂમિ દ્વારકાના મહાદેવીયા, સિહણ, ગઢકી, ઘી, સાની, વેરાડી–૧,

વેરાડી–૨, વર્તુ–૨, કાબરકા, વર્તુ–૧ અને સોનમતી ડેમોમાં નર્મદાના પુરના વધારાના પાણીની ઉપલબ્ધતા અનુસાર અને જળાશયોની જરૂરીયાત મુજબ ભરવાનું આયોજન છે.

---------

# ૭૧

## માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં ''મુખ્યમંત્રી અમૃતમ યોજના'' ના કાર્ડ બાબત

* ૬૬૩૯ **શ્રી જવાહરભાઈ ચાવડા** (માણાવદર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં ''માણાવદર, વંથલી તથા મેંદરડા તાલુકાના કેટલા બી.પી.એલ. પરિવારોને છેલ્લા એક વર્ષમાં મુખ્યમંત્રી અમૃતમ યોજના'' હેઠળ કાર્ડ અપાયા,

(૨) બી.પી.એલ. યાદીમાં નોંધાયેલા પરિવારોને આ કાર્ડ આપવાના બાકી હોય તો તેના શા કારણો છે, અને

(૩) ઉકત બાકી તમામને આ કાર્ડ ક્યાં સુધીમાં પુરા પાડવામાં આવશે ?

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં ''માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકાના નીચે મુજબના બી.પી.એલ. પરિવારોને તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ''મુખ્યમંત્રી અમૃતમ યોજના'' હેઠળ કાર્ડ અપાયા છે.

| તાલુકાનું નામ | મુખ્યમંત્રી અમૃતમ યોજના | ''મા વાત્સલ્ય'' યોજના | કુલ |
|---|---|---|---|
| માણાવદર | ૦ | ૨,૫૭૭ | ૨,૫૭૭ |
| મેંદરડા | ૦ | ૯૦૪ | ૯૦૪ |
| વંથલી | ૦ | ૧,૪૦૫ | ૧,૪૦૫ |
| **કુલ** | **૦** | **૪,૮૮૬** | **૪,૮૮૬** |

(૨) ઉકત સ્થિતિએ નોંધણી કરાવવા આવેલ તમામ લાભાર્થીને કાર્ડ આપવામાં આવેલ છે. આમ કાર્ડ આપવાના બાકી રહેતા નથી.

(૩) લાગું પડતું નથી.

---------

# ૭૨

## રેલ્વે ક્રોસીંગની પરવાનગીમાં થતા વિલંબ સંબંધમાં કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૭૪૮૫ **શ્રી ભીખાભાઈ જોશી** (જુનાગઢ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રેલ્વે ક્રોસીંગની પરવાનગીમાં થતાં વિલંબના લીધે પાણી પુરવઠાની યોજનાઓને પૂર્ણ કરવામાં થતા વિલંબ બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શાં પ્રતિભાવ આપ્યો?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્નો પૈકી રેલ્વે ક્રોસીંગની તમામ દરખાસ્તો માહે ૮/૨૦૧૫ સુધીમાં ક્રમશઃ મંજુર થયેલ હોય તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩ ના પડતર પ્રશ્નો અન્વયે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૭૩

## રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણ

* ૬૧૦૪ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા ઘરવપરાશના લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૦૫૨

(૨) રૂ.૪૨.૪૨ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૭૪

## સૂક્ષ્મ સ્તરની સિંચાઈ યોજના માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ

* ૭૫૧૩ **શ્રી વલ્લભભાઈ ધારવીયા** (જામનગર ગ્રામ્ય) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સૂક્ષ્મ (Micro) સ્તરની સિંચાઈ યોજનાઓ (ટપક/ ફુવારા પદ્ધતિને સબસીડી) માટે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ? | (૨) છેલ્લા બે વર્ષમાં ઉકત સ્થિતિએ નીચેની રકમ મળેલ છે.<br>વર્ષ ૨૦૧૬ – રૂ.૨૪,૪૮૪.૬૭ લાખ.<br>વર્ષ ૨૦૧૭ – રૂ.૩૩,૭૫૦.૦૦ લાખ. |

---------

# ૭૫

## અરવલ્લી જિલ્લામાં આવેલ ડેમો

* ૬૨૭૫ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલા અને ક્યા ડેમ આવેલા છે,

**જવાબ**

(૧)

| તાલુકો | ડેમની સંખ્યા | ડેમનું નામ |
|---|---|---|
| મોડાસા | ૭ | માઝમ |
| | | અમલાઈ |
| | | બોરડી |
| | | કઉ |
| | | મેઢાસણ |
| | | શામપુર |
| | | ભેરૂન્ડા |
| માલપુર | ૫ | વાત્રક |
| | | ચોરીવાડ |
| | | ભેમપુરા |
| | | નવા |
| | | કાટ્કુવા |
| ભિલોડા | ૧૮ | મેશ્વો |
| | | હાથમતી |
| | | નાપડા |
| | | નાંદોજ |
| | | ચોરીમાલા |
| | | અભાપુર |
| | | કુંડોલ |
| | | ગોઢ કુસ્કી |
| | | જાબ ચીતરીયા |
| | | ખેરાડી |
| | | લક્ષ્મણપુરા |
| | | વિરપુર |
| | | મેરૂ |

| | | |
|---|---|---|
| | | ભાણમેર |
| | | બીલવણીયા |
| | | મોટા કંથારીયા |
| | | દહેગામડા |
| | | નવા ભેટાલી |
| બાયડ | ૨ | લાંક |
| | | પ્રાંતવેલ |
| મેઘરજ | ૧૮ | વૈડી |
| | | બોરસી |
| | | પટેલઢુંઢા |
| | | બાંઠીવાડા |
| | | નાલ |
| | | રામગઢી |
| | | શણગાલ |
| | | માનડા ઢેકવા |
| | | ભુંજેરી |
| | | ભેમાપુર |
| | | કાલીયાકુવા |
| | | નારણપુર ઓઢા |
| | | બસ્કાદાંતી |
| | | નેસડા |
| | | રાયવાડા |
| | | સરકીલીમડી |
| | | ડચકા |
| | | સીમલેટી |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આ ડેમોમાંથી ડીસીલટીંગની કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ, અને

(૨) ના, જી.

(૩) જો હા, તો તાલુકાવાર એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને જો ના, તો તેના કારણો શા છે ?

(૩) પીવાના પાણી માટે જથ્થો અનામત રાખવાનો હોવાથી તેમજ ખરીફમાં વરસાદ ખેંચાય તો આપવાની થતી સુરક્ષાત્મક સિંચાઈની જોગવાઈને લઈને જળાશયો ખાલી કરી શકાતા ન હોવાના કારણે.

---------

# ૭૬

## ગુજરાતમાં નવી રેલ્વે લાઈનોના વિકાસ માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૭૫૧૧ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગુજરાતમાં નવી રેલ્વે લાઈનોના વિકાસ બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) છેલ્લા બે વર્ષમાં દરખાસ્ત કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૭૭

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કૃષિ વીજ જોડાણો

* ૪૯૨૭ **શ્રી ધવલસિંહ ઝાલા** (બાયડ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક વીજ જોડાણો મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર રેગ્યુલર અને તત્કાલ કેટલા નવા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ વીજ જોડાણો વહેલી તકે મળે તે માટે સરકારે શું કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર રેગ્યુલર અને તત્કાલ યોજના હેઠળ આપેલ વીજ જોડાણો તેમજ તાલુકાવાર કૃષિ વિષયક વીજ જોડાણો મેળવવાની પડતર અરજીઓની વિગતો પત્રક–અ માં દર્શાવ્યા પ્રમાણે છે.

પ ત્ર ક – અ

| **અરવલ્લી જિલ્લો** | | | |
|---|---|---|---|
| **તાલુકાનું નામ** | **આપવામાં આવેલ વીજ જોડાણ** | | **કૃષિ વિષયક વીજ જોડાણની પડતર અરજીઓ** |
| | **કૃષિ વિષયક** | **તત્કાલ** | |
| મોડાસા | ૧૯૬૧ | ૧ | ૮૯૯ |
| બાયડ | ૧૧૩૪ | ૧૦ | ૫૫૮ |
| ધનસુરા | ૧૩૧૮ | ૦ | ૨૮૭ |
| માલપુર | ૭૩૭ | ૦ | ૫૧૧ |
| ભીલોડા | ૧૦૮૯ | ૦ | ૩૭૮ |
| મેઘરજ | ૬૫૨ | ૦ | ૧૨૪૮ |
| **કુલ** | **૬૮૯૧** | **૧૧** | **૩૮૮૧** |
| **સાબરકાંઠા જિલ્લો** | | | |
| **તાલુકાનું નામ** | **આપવામાં આવેલ વીજ જોડાણ** | | **કૃષિ વિષયક વીજ જોડાણની પડતર અરજીઓ** |
| | **કૃષિ વિષયક** | **તત્કાલ** | |
| હિંમતનગર | ૧૦૯૭ | ૨૯ | ૮૩૬ |
| ઇડર | ૧૫૪૮ | ૩ | ૭૬૮ |
| ખેડબ્રહ્મા | ૭૦૨ | ૪ | ૨૮૪ |
| પોશીના | ૯૭૩ | ૦ | ૪૩૧ |
| પ્રાંતિજ | ૫૬૩ | ૧ | ૩૦૧ |
| તલોદ | ૬૫૮ | ૦ | ૩૧૩ |
| વડાલી | ૩૯૭ | ૦ | ૨૬૯ |
| વિજયનગર | ૫૦૩ | ૦ | ૨૯૩ |
| **કુલ** | **૬૪૪૧** | **૩૭** | **૩૪૯૫** |

(૩) ખેતી વિષયક વીજ જોડાણ આપવાની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે પ્રતિવર્ષ નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને પડતર અરજીઓનો અગ્રતાક્રમ અનુસાર શકય તેટલી ઝડપથી નિકાલ કરવાનું આયોજન છે.

---------

# ૭૮

## વડોદરા જિલ્લામાં ઉજાલા યોજના

* ૬૧૪૨ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૨૬,૮૯,૨૦૪ એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઈડી બલ્બ વપરાશથી વાર્ષિક અંદાજિત ૨૦.૦૨ કરોડ યુનિટની વીજ બચત થશે.

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ?

(૩) એલઈડી બલ્બ વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂપિયા ૯૦.૦૮ કરોડની બચત થશે.

---------

# ૭૯

## અમરેલી જિલ્લામાં સૌની યોજના

* ૭૧૮૮ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે નર્મદાના પાણીથી રાજ્યના જળાશયો ભરવા માટે વર્ષ–૨૦૧૪ માં સૌની યોજના અમલમાં મૂકી છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ આ યોજના હેઠળ અમરેલી જિલ્લામાં આવેલ જળાશયો પૈકી કેટલા જળાશયોમાં કેટલા ખર્ચે કેટલું પાણી ભરવામાં આવ્યું, અને

(૩) ઉકત યોજના હેઠળ જિલ્લાના તમામ જળાશયો ભરવાનું સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) યોજનાની બીજા તબક્કાની કામગીરી પ્રગતિ હેઠળ છે, જે પૂર્ણ થયે જળાશયોમાં પાણી ભરવામાં આવશે.

(૩) યોજનાની બીજા તબક્કાની કામગીરી પૂર્ણ થયે અમરેલી જિલ્લાના ઘેલો (ઈ) તથા સાંકરોલી જળાશય ભરવાનું આયોજન છે. ત્યારબાદ તાંત્રિક પાસાઓ અને નાણાકીય ઉપલબ્ધી અનુસાર ત્રીજા તબક્કાની કામીગીર હાથ ધરી અમરેલી જિલ્લાના વધુ ૧૦ જળાશય ભરવાનું આયોજન છે.

---------

# ૮૦

## રાજ્યમાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેકસ અંતર્ગત રજીસ્ટ્રેશન

* ૬૦૯૭ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૫–૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ (GST) અંતર્ગત રજીસ્ટ્રેશન, રીટર્ન, પેમેન્ટ અંગે રાજ્ય સરકારે ડેટાની આપ–લે માટે કોઈ વ્યવસ્થા કરેલી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૧–૭–૨૦૧૭ના રોજથી રાજ્યમાં જી.એસ.ટી. નો અમલ શરૂ કરાયેલ છે. જી.એસ.ટી.માં રજીસ્ટ્રેશન, રીટર્ન તથા પેમેન્ટની પદ્ધતિ જી.એસ.ટી. પોર્ટલ (https://www.gst.Gov.in) થકી ઓનલાઈન થાય છે. ગુજરાત રાજ્યે Model-2 સિલેકટ કરેલ છે. જેથી GSTN દ્વારા રજીસ્ટ્રેશન, રીટર્ન, પેમેન્ટ અને MIS વગેર એપલીકેશન ડેવલોપ કરવામાં આવશે.

**રજીસ્ટ્રેશનની માહિતીઃ** હાલમાં જી.એસ.ટી.એન. દ્વારા ગુજરાત રાજ્યના વેપારીશ્રીઓના નવા રજીસ્ટ્રેશન અંગેની માહિતી રોજબરોજ Secure File Transfer Protocol (SFTP) ના માધ્યમથી મોકલવામાં આવે છે. જેમાં ટેક્ષપેયર વાઈઝ ટેક્ષપેયરને મળેલ GST નંબર, ફર્મનેમ, લિગલ નેમ, મોબાઈલ નંબર, ઈમેલ આઈ.ડી. અને જ્યુરીડીકશન વિગેરે માહિતી આપવામાં આવે છે. વધુમાં રોજબરોજની રજીસ્ટ્રેશનની માહિતી સમરી રીપોર્ટ સ્વરૂપે રાજ્યવેરા વિભાગને જી.એસ.ટી.એન દ્વારા ઈમેલથી આપવામાં આવે છે. જેમાં જે તે દિવસ સુધીમાં કેટલા નોંધણી નંબર અપાયેલ છે તેની વિગતો મળે છે. તદુપરાંત ટેક્ષપેયર વાઈઝ રજીસ્ટ્રેશનની માહિતી GST back office portal પરના અધિકારીશ્રીના લોગીનમાં પણ જોઈ શકાય છે.

**રીટર્નની માહિતીઃ** ગુજરાત રાજ્યના વેપારીશ્રીઓના રીટર્નની માહિતી પણ Secure File Transfer Protocol (SFTP) ના માધ્યમથી જી.એસ.ટી.એન. દ્વારા મોકલવામાં આવે છે. જેમાં ટેક્ષ પેયર્સે ભરેલ GSTR 3B માં બતાવેલ ટેક્ષની જવાબદારી અને ભરેલ ટેક્ષની વિગતો મળે છે. તેમજ ક્યા ટેક્ષ પેયર્સ ક્યુ રીટર્ન કઈ તારીખે ફાઈલ કરેલ છે તે અંગેની માહિતી SFTP પર GSTN દ્વારા આપવામાં આવે છે. વધુમાં રોજબરોજના ભરાયેલ રીટર્નની માહિતી સમરી સ્વરૂપે રાજ્યવેરા વિભાગને જી.એસ.ટી.એન. દ્વારા ઈમેલથી આપવામાં આવે છે. તદુપરાંત ટેક્ષ પેયર્સ વાઈઝ ભરાયેલ તમામ રીટર્નની વિગતો GST back office portal પર અધિકારીશ્રીના લોગીનમાં પણ જોઈ શકાય છે.

**પેમેન્ટની માહિતીઃ** વેપારીશ્રીઓ દ્વારા ઓનલાઈન કરાયેલ પેમેન્ટની વિગતોમાં હિસાબ અને તિજોરીની કચેરી પાસેથી ફક્ત SGST ના પેમેન્ટની વિગતો મળી રહે છે. રોજબરોજની આવકની માહિતી સમરી સ્વરૂપે રાજ્યવેરા વિભાગને જી.એસ.ટી.એન. દ્વારા ઈમેલથી આપવામાં આવે છે. તદુપરાંત વેપારી વાઈઝ થયેલ પેમેન્ટની માહિતી GST back office portal પર અધિકારીશ્રીના લોગીનમાં પણ જોઈ શકાય છે.

---------

# ૮૧

## બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૦૮૯ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૩૦૩. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૫૩૦.૬૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૮૨

## ગાંધીનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૧૯૩ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર–દક્ષિણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૨૨૮૭. |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૧૪.૫૧ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૮૩

## રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૭૫૩૮ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેય જળ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાષ્ટ્રીય ગ્રામીણ પેય જળ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને નીચે મુજબ રકમ મળેલ છે.

| **વર્ષ** | **વર્ષવાર મળેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૧–૧–૧૬ થી ૩૧–૧૨–૨૦૧૬ | ૨૪,૨૭૩.૦૩ |
| ૧–૧–૧૭ થી ૩૧–૧૨–૨૦૧૭ | ૩૩,૧૧૭.૩૧ |

---------

# ૮૪

## પાદરા તાલુકાના ચોકારી તથા ડબકા ગામે મહી નદીમાં રોડ/પાળા બનાવવા માટેની મંજૂરી

* ૩૬૦૮ **શ્રી જશપાલસિંહ ઠાકોર** (પાદરા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ મહી નદીમાં ચોકારી તથા ડબકા ગામ તા.પાદરા ખાતે ગેઇલ ઓઇલ કંપની અને જેટકો વીજ કંપનીને નદીમાં રોડ બનાવવા/પાળા બનાવવા કોઇ મંજૂરી આપેલ છે કે કેમ,

(૨) ઉક્ત કંપનીઓ દ્વારા નદીમાં રસ્તો/પાળો બનાવવાથી નદીનું વહેણ બદલાઇ ગયેલ હોવાનું સરકારના ધ્યાનમાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો નદીનું વહેણ બદલાવાથી આસપાસના ખેડૂતોને થયેલ નુકશાનનું વળતર આપવા શું આયોજન છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૮૫

## કલ્પસર યોજનાનો ખર્ચ

* ૭૫૨૨ **શ્રી કાન્તીભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખંભાતના અખાતમાં મીઠા પાણીનું સરોવર બનાવવા સરકારે કલ્પસર યોજનાની જાહેરાત તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ કરેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ યોજનાની જાહેરાત ક્યારે કરેલ અને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **વર્ષ** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૧ | ૨૦૧૫–૧૬ | ૨૧૦૨.૯૧ |
| ૨ | ૨૦૧૬–૧૭ | ૬૨૩.૧૬ |
| ૩ | ૨૦૧૭–૧૮ તા.૩૧–૧૨–૨૦૧૭ સુધી) | ૩૪૪.૯૯ |
| | **કુલ** | **૩૦૭૧.૦૬** |

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) કલ્પસર યોજનાનો શક્યતાદર્શી અહેવાલ તૈયાર થયા પછી સદર અહેવાલને સક્ષમ સ્તરેથી જરૂરી મંજુરીઓ મળ્યેથી, આ યોજના સત્વરે શરૂ કરી, શક્ય બને તેટલું જલદી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

# ૮૬

## રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૮ પર ઝાડેશ્વર નજીક નર્મદા નદી પર પુલ બાંધવા માટે કેન્દ્ર સરકારને કરેલ રજુઆત

* ૭૪૫૩ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૩ ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.૮ પર ઝાડેશ્વર નજીક નર્મદા નદી પર વધારાના પુલના બાંધકામ બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો?

**જવાબ**

(૧) અને (૨)

ભારત સરકાર દ્વારા આ કામગીરી મંજુર કરી નેશનલ હાઇવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા દ્વારા પૂર્ણ કરવામાં આવતા, માન.વડાપ્રધાનશ્રી દ્વારા તા.૦૭–૦૩–૨૦૧૭ ના રોજ લોકાર્પણ કરેલ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૮૭

## આશા હેલ્થ વર્કરને દર માસે આપવામાં આવતી પ્રોત્સાહક રકમ

* ૭૪૫૦ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં આશા હેલ્થ વર્કરને દર માસે પ્રોત્સાહક રકમ કેટલી આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત રકમમાં છેલ્લા બે વર્ષમાં ક્યારે અને કેટલો વધારો કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત રકમમાં કોઇ વધારો કરવાનું આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) આશાએ કરેલ કામગીરી પ્રમાણમાં ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ દર માસે રૂ.૨૦૦૦ થી રૂ.૨૫૦૦.

(૨) ચાલુ નાણાંકીય વર્ષમાં તા.૧૮–૧૦–૨૦૧૭ ના ઠરાવથી ૩૦% અને તા.૩૦–૧૨–૨૦૧૭ ના ઠરાવથી ૨૦% ઉમેરી કુલ ૫૦% નો ઉક્ત રકમ ઉપરાંત વધારો કરવામાં આવેલ છે.

(૩) તાજેતરમાં જ વધારો કરેલ હોઇ હાલના તબક્કે આવું કોઇ આયોજન નથી.

---------

# ૮૮

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આવેલ વાહનો

* ૭૫૦૧ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૮ ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કેટલી એમ્બ્યુલન્સ શબવાહિની, કાર અને અન્ય આવેલા છે,

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે નીચે મુજબના વાહનો આવેલા છે.

૩ (ત્રણ) આઇસીયુઓન વ્હીલ એમ્બ્યુલન્સ
૧૨ (બાર) એમ્બ્યુલન્સ
૨ (બે) શબ વાહીની
૧ (એક) સ્ટાફકાર
૧ (એક) ટેમ્પો (છોટા હાથી)
આમ, **કુલ ૧૯ (ઓગણીસ)** વાહનો આવેલા છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ક્યા પ્રકારના કેટલા વાહનો ક્યારથી બંધ હાલતમાં છે, અને

(૩) ઉક્ત વાહનો માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) ઉકત દર્શાવેલ ૧૯(ઓગણીસ) વાહનો હાલ ચાલુ હાલતમાં છે.

(૩)

| ખર્ચ | ૨૦૧૬ | ૨૦૧૭ |
|---|---|---|
| મેઈન્ટેનન્સ | ૬,૭૧,૨૧૭ | ૭,૩૨,૮૫૨ |
| પેટ્રોલ ડીઝલ | ૨૭,૮૫,૪૬૦ | ૩૪,૩૬,૦૭૦ |
| **કુલ ખર્ચ** | **૩૪,૫૬,૬૭૭** | **૪૧,૬૮,૯૨૨** |

---------

# ૮૯

## વલસાડ જિલ્લામાં કસ્તુર બા પોષણ સહાય યોજના

* ૬૧૩૬ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨)

| સમયગાળો | લાભાર્થીની સંખ્યા | કરવામાં આવેલ ખર્ચ |
|---|---|---|
| તા.૧–૨–૧૬ થી તા.૩૧–૧–૧૭ | ૨૯૮૧ | રૂ.૫૯,૬૨,૦૦૦/– |
| તા.૧–૨–૧૭ થી તા.૩૧–૧–૧૮ | ૧૦૪૫૯ | રૂ.૨,૦૯,૧૮,૦૦૦/– |
| **કુલ** | **૧૩૪૪૦** | **રૂ.૨,૬૮,૮૦,૦૦૦/–** |

---------

# ૯૦

## મહિસાગર અને દાહોદ જિલ્લામાં તળાવો ઉંડા કરવાની કામગીરી

* ૬૧૪૦ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર અને દાહોદ જિલ્લામાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) મહિસાગર જિલ્લામાં ૩૫ (પાંત્રીસ) અને દાહોદ જિલ્લામાં ૫૧ (એકાવન) તળાવો.

(૨) મહિસાગર જિલ્લામાં રૂ.૨૨૯.૦૮ લાખ દાહોદ જિલ્લામાં રૂ.૨૬૩.૬૯ લાખ કુલ રૂ.૪૯૨.૭૭ લાખ.

---------

# ૯૧

## સુખી સિંચાઈ યોજના હેઠળ થયેલ કામો

* ૩૮૮૬ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ સુખી સિંચાઈ યોજનાના જુદા જુદા ડીવીઝનોમાં છેલ્લાં બે વર્ષમાં મનરેગા યોજના હેઠળ કેટલા કામો કરવામાં આવેલ છે,

(૨) થયેલ કામોમાં કેટલા નાણાં ચુકવાયા છે અને કેટલા નાણાં બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા કામો કરવાના બાકી છે?

**જવાબ**

(૧) કુલ ૪૭૩ કામો કરવામાં આવેલ છે.

(૨) કુલ રૂ. ૭૮૨.૭૧ લાખનું ચૂકવણું કરવામાં આવેલ છે. કુલ રૂ. ૨૭૩.૨૧ લાખનું ચૂકવણું બાકી છે.

(૩) કુલ ૫૫ કામો બાકી છે.

---------

# ૯૨

## કર્માવદ તળાવ, મુક્તેશ્વર અને દાંતીવાડા ડેમમાં નર્મદાનું પાણી નાખવા માટેનો સર્વે

* ૪૯૨૩ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં વડગામ તાલુકાના જલોત્રા પાસેના કર્માવદ તળાવ, મુક્તેશ્વર ડેમ અને દાંતીવાડા ડેમમાં નર્મદાનું પાણી નાંખવા માટે સર્વેની કામગીરી થયેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કામગીરી કેટલા ખર્ચે અને ક્યારે પૂર્ણ થયેલ છે, અને

(૩) ઉક્ત સર્વેમાં ક્યા પ્રકારની મુખ્ય ભલામણો કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, અને કર્માવદ તળાવ સૂચિત પથરેખાથી દસ કિલોમીટરથી વધુ અંતરે હોવાથી પ્રાથમિક સર્વેક્ષણ કરેલ નથી.

(૨)

| ડેમ | પ્રાથમિક સર્વેક્ષણનો ખર્ચ રૂા. લાખમાં | પૂર્ણ થયા તારીખ |
|---|---|---|
| મુક્તેશ્વર | ૨.૫૯ | ૨૩/૦૭/૨૦૧૫ |
| દાંતીવાડા | ૨.૬૦ | ૨૫/૦૩/૨૦૧૪ |

(૩) મુક્તેશ્વર અને દાંતીવાડા ડેમમાં પાણી નાખવા માટે જુદી–જુદી પાઇપલાઇનોની ટેક્નોઇકોનોમિક પથરેખા માટે સર્વેક્ષણ કરવામાં આવેલ હોઇ ભલામણોનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૯૩

## ઉમરગામ તાલુકામાં દરિયાઇ ધોવાણ અટકાવવા

* ૬૦૯૫ **શ્રી કનુભાઇ દેસાઇ** (પારડી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉમરગામ તાલુકામાં દરિયાઇ ધોવાણથી થતું નુકશાન અટકાવવા કોઇ કાર્યવાહી કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી લંબાઇમાં કામગીરી કરવામાં આવી,

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૪) આ કામોથી કેટલા ગામોને લાભ થયેલ છે?

**જવાબ**

(૧) હા.

(૨) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ કામગીરી થયેલ નથી. પરંતુ તા. ૩૧/૧૨/૨૦૧૫ પહેલાં ઉમરગામ તાલુકામાં ૭૧૫૪મી. લંબાઇમાં દરિયાઇ ધોવાણ અટકાવવાના કામો કરવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૯૪

## કાકરાપાર યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં નહેર સુધારણાના કામો

* ૬૧૫૫ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ૨૦૧૭–૧૮માં કાકરાપાર યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં નહેર સુધારણાના કામો મંજુર કરવામાં આવ્યા છે કે કેમ,

(૨) જો હા, તો આ કામો નહેરની કુલ કેટલી લંબાઇમાં અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવાનું આયોજન છે, અને

(૩) આ કામો થવાથી નવસારી જિલ્લાનાં કેટલાં સિંચાઇ વિસ્તારને લાભ થશે?

**જવાબ**

(૧) હા.

(૨) નવસારી જિલ્લામાં કુલ–૯૭.૮૧ કિ.મી. નહેરની લંબાઇમાં અંદાજીત રૂ. ૩૪.૨૩ કરોડનો ખર્ચ કરવાનું આયોજન છે.

(૩) ૧૯,૮૨૧ હેક્ટર.

---------

# ૯૫

### રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને રાજ્ય ધોરીમાર્ગ પર અકસ્માતમાં ઈજા પામેલાને ઈમરજન્સી સારવાર આપવા

* ૬૧૨૦ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૧/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને રાજ્ય ધોરીમાર્ગ પર અકસ્માત દરમ્યાન ઈજા પામેલ લોકોને ઈમરજન્સી સારવાર આપવા માટે કોઈ સુવિધા ઉભી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્યની કઈ–કઈ હોસ્પિટલો ખાતે ઈમરજન્સી સારવાર આપવા માટેની સુવિધા ઉભી કરવામાં આવેલ છે? | (૨) રાજ્યની તમામ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો, જિલ્લા તથા પેટા જિલ્લા હોસ્પિટલો, તથા તમામ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ઈમરજન્સી સારવાર આપવા માટેની સુવિધા ઉભી કરવામાં આવેલ છે. |

---------

# ૯૬

### ઠાસરા તાલુકામાં શેઢી શાખા યોજના હેઠળ માઈનોર કેનાલો

* ૪૧૧૫ **શ્રી કાન્તીભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઠાસરા તાલુકામાં શેઢી શાખા યોજના હેઠળ માઈનોર કેનાલમાં રીપેરીંગ કામ કેટલું બાકી છે, | (૧) અંદાજે રૂ. ૯૫૫.૨૫ લાખની કિંમતનું. |
| (૨) બાકી કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) તબક્કાવાર જૂન–૨૦૨૦ સુધીમાં. |
| (૩) શેઢી શાખા યોજના હેઠળ માઈનોર કેનાલોમાં પૂર્ણ ક્ષમતાથી પાણીનું વહન થતું ન હોય તો તેના નિવારણ સંબંધમાં શા પગલા લેવાનું આયોજન છે? | (૩) સમારકામની કામગીરી તબક્કાવાર કરવાનું આયોજન છે. |

---------

# ૯૭

### ગુજરાત મેડીકલ એન્ડ રીસર્ચ સોસાયટીને તબદીલ કરેલ મિલકતો અને સ્ટાફ

* ૭૪૫૯ **ડૉ. આશા પટેલ** (ઊંઝા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ ગુજરાત મેડીકલ એન્ડ રીસર્ચ સોસાયટીને સરકારની માલિકીની મિલ્કતો અને સ્ટાફ તબદીલ કરવામાં આવેલ છે કે કેમ, | (૧) તબદીલ કરવા સૈધ્ધાંતિક નિર્ણય લેવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સ્થાવર અને જંગમ મિલ્કતો તથા સંવર્ગવાર કેટલો સ્ટાફ તબદીલ કરવામાં આવેલ છે, અને | (૨) તબદીલ કરેલ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ તબદીલ કરેલ સ્ટાફના પગાર ભથ્થાનો કેટલો ખર્ચ રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં ભોગવેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૯૮

## તાપી જિલ્લામાં દિકરી યોજનાના લાભાર્થીઓ

* ૬૧૨૧ **શ્રી મોહનભાઈ ઢોડીયા** (મહુવા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ તાપી જિલ્લામાં દિકરી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને લાભ મળેલ છે,

(૨) તે અન્વયે તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલો છે, અને

(૩) આ યોજના માટે ભારત સરકારશ્રી તરફથી રાજ્ય સરકારને કોઈ ફંડ ફાળવવામાં આવે છે કે કેમ?

**જવાબ**

(૧) ૨૦૨ લાભાર્થીઓને લાભ મળેલ છે.

(૨)

| **વર્ષ** | **કરવામાં આવેલ ખર્ચ** |
|---|---|
| ૨૦૧૬ | રૂા. ૬,૫૭,૦૦૦/– |
| ૨૦૧૭ | રૂા. ૪,૨૨,૦૦૦/– |
| **કુલઃ–** | **રૂા. ૧૦,૭૯,૦૦૦/–** |

(૩) ના, જી.

---------

# ૯૯

## પાલનપુર વેડંચા, મંડાણા ગ્રામ્ય માર્ગ પર વેડંચા પાસે લડબી નદી પર કોઝવે બનાવવાનું આયોજન

* ૬૬૪૬ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પાલનપુરથી સાખેસણ, વેડંચા, ગોબાસણ, ગઢ, મંડાણાના ગ્રામ્ય માર્ગ પર વેડંચા પાસે લડબી નદી પર કોઝવે કે પુલ ન હોવાને કારણે પ્રતિવર્ષ ચોમાસાના પુરમાં આ રસ્તો બંધ થઈ જાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો ખેડૂતો તથા વિદ્યાર્થીઓ ચોમાસામાં અવરજવર કરી શકે તે માટે ઉક્ત સ્થિતિએ સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) અને (૨) ઉક્ત રોડ પર લડબી નદી પર હયાત કોઝવે છે જે વાહન વ્યવહાર યોગ્ય છે. વૈકલ્પિક રસ્તાઓ ઉપલબ્ધ હોઈ અને તાંત્રિક જરૂરીયાતને ધ્યાને લેતાં નવા પૂલ/કોઝવેનું હાલમાં આયોજન નથી.

---------

# ૧૦૦

## અમદાવાદ સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં વેસ્ટ બ્લડનો નિકાલ

* ૭૨૧૧ **શ્રી ઈમરાન ખેડાવાળા** (જમાલપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા યુનિટ બ્લડની આવક થઈ,

(૨) બ્લડ બેંકે આ સમયગાળામાં છેલ્લા યુનિટ વેસ્ટ બ્લડ બતાવી નિકાલ કર્યો, અને

(૩) આ વેસ્ટ બ્લડનો નિકાલ ક્યાં અને કેવી રીતે કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અમદાવાદની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૮૯૨૧૬/– યુનિટ બ્લડની આવક થઈ.

(૨) એક પણ યુનિટનો વેસ્ટ બ્લડ બતાવી નિકાલ કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૦૧

## દાહોદ જિલ્લામાં કડાણા આધારિત સિંચાઈ યોજના

* ૪૧૧૦ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કડાણા આધારિત સિંચાઈ યોજના ક્યા તાલુકાના કેટલા ગામોને આવરી લે છે,

(૨) ઉકત ગામોમાં પાણી પહોંચાડવા માટે ક્યા સ્થળે પમ્પીંગ સ્ટેશન બનાવવામાં આવેલ છે, અને

(૩) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | આવરી લીધેલ ગામોની સંખ્યા |
|---|---|
| ઝાલોદ | ૨૦ |
| ગરબાડા | ૭ |
| ધાનપુર | ૨૦ |
| દેવગઢ બારીયા | ૨ |
| લીમખેડા | ૧૫ |
| ફતેપુરા | ૧૦ |
| દાહોદ | ૧૫ |

(૨) ગોઠીબ, કુંડલા, પારેવા અને આંબા ગામ પાસે પમ્પીંગ સ્ટેશન બનાવવામાં આવી રહેલ છે.

(૩) જાન્યુઆરી–૨૦૨૦ સુધીમાં.

---------

# ૧૦૨

## ડાંગ જિલ્લામાં આવેલ સરકારી દવાખાનાનું મંજૂર મહેકમ

* ૪૧૧૩ **શ્રી મંગળભાઈ ગાવિત** (ડાંગ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં આવેલ સિવિલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સબ સેન્ટરોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં આવેલ સિવિલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સબ સેન્ટરોમાં સંવર્ગવાર મહેકમની વિગત નીચે મુજબ છે.

| આરોગ્ય કેન્દ્રો | સંવર્ગ | મંજુર | ભરેલ | ખાલી |
|---|---|---|---|---|
| ડીસ્ટ્રીકટ હોસ્પિટલ–૧ | વર્ગ–૧ | ૧૫ | ૮ | ૭ |
| | વર્ગ–૨ | ૧૩ | ૯ | ૪ |
| | વર્ગ–૩ | ૭૭ | ૫૮ | ૧૯ |
| | વર્ગ–૪ | ૬૧ | ૬૧ | ૦ |
| સા.આ. કેન્દ્રો–૩ | વર્ગ–૧ | ૭ | ૦ | ૭ |
| | વર્ગ–૨ | ૧૩ | ૧૦ | ૩ |
| | વર્ગ–૩ | ૪૩ | ૨૦ | ૨૩ |
| | વર્ગ–૪ | ૩૦ | ૧૮ | ૧૨ |
| પ્રા.આ. કેન્દ્રો–૧૦ | વર્ગ–૨ | ૨૮ | ૧૧ | ૧૭ |
| | વર્ગ–૩ | ૫૦ | ૩૬ | ૧૪ |
| | વર્ગ–૪ | ૪૦ | ૩૮ | ૨ |
| સબ સેન્ટર–૬૮ | વર્ગ–૩ | ૧૪૬ | ૧૧૨ | ૩૪ |

(૩) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરિયાતોને ધ્યાનમાં લઈને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

---------

# ૧૦૩

## પાલનપુર જનરલ હોસ્પિટલને ખાનગી ટ્રસ્ટ/સંસ્થાને સોંપવા બાબત

* ૬૬૪૨ **શ્રી જિગ્નેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાલનપુર ખાતે ૩૦૦ પથારીવાળી અપગ્રેડ કરવામાં આવેલી જનરલ હોસ્પિટલને તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ લાંબાગાળાના વહીવટ માટે એક ખાનગી સંસ્થા/ટ્રસ્ટ સામે કરાર કર્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, જિલ્લાની સરકારી હોસ્પિટલ ખાનગી ટ્રસ્ટ/સંસ્થાને સોંપી દેવાના શા કારણો છે, અને

(૩) આ ખાનગી ટ્રસ્ટ/સંસ્થાને ક્યા અનુભવો અને લાયકાતને આધારે સરકારી હોસ્પિટલનો વહીવટ સોંપવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) હા, જી. આરોગ્ય નીતિ–૨૦૧૬ અન્વયે રાજ્યમાં નવી સ્વનિર્ભર બ્રાઉનફીલ્ડ મેડીકલ કોલેજોની સ્થાપના કરવા માટેની પ્રોત્સાહક યોજના અંતર્ગત આ ટ્રસ્ટને મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) જિલ્લાની સરકારી હોસ્પિટલ ખાનગી ટ્રસ્ટ/સંસ્થાને સોંપવાનાં કારણો નીચે મુજબ છે.

(૧) નવી સ્વનિર્ભર (બ્રાઉન ફીલ્ડ) મેડીકલ કોલેજની સ્થાપના કરવી.

(૨) મેડીકલ કોલેજ સાથે અત્યાધુનિક સુવિધાવાળી હોસ્પિટલની સ્થાપના કરવી.

(૩) એમ.બી.બી.એસ. ની બેઠકોમાં વધારો કરવો.

(૪) જિલ્લા હોસ્પિટલની પથારીમાં વધારો કરવો અને સ્થાનિક પ્રજાજનોને સ્પેશ્યાલીટીની સેવાઓ સહીત વધુ તબીબી સારવાર ઉપલબ્ધ કરાવવી.

(૩) ખાનગી ટ્રસ્ટ/સંસ્થાને નીચે જણાવેલ અનુભવો અને લાયકાતને આધારે સરકારી હોસ્પિટલનો વહીવટ સોંપવામાં આવ્યો છે.

(૧) અનુભવ–વ્યવસ્થા તંત્રનો સામાન્ય અનુભવ

(૨) નાણાંકીય સ્રોતો–ફંડ ઉભું કરવું. નેટવર્થ/ટર્ન ઓવર

(૩) વ્યવસ્થાકીય ક્ષમતા–પ્રોજેક્ટ અનુભવ, શૈક્ષણિક, હાલની માનવ સંશાધનની ક્ષમતા.

(૪) સુચિત પ્રોજેક્ટ રીપોર્ટ–પ્લાન, એચઆર, હોસ્પિટલ પ્લાન, એકેડેમીક પ્લાન, ટાઇમટેબલ, મેનેજમેન્ટ ટીમ, વધારાની પ્રવૃતિઓ વગેરે.

---------

# ૧૦૪

## બનાસકાંઠા તથા મહેસાણા જિલ્લામાં કિશાનપથ, વિકાસપથ તથા પ્રગતિપથ યોજના

* ૫૫૫૩ **શ્રી કાંતીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા તથા મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કિસાનપથ, વિકાસપથ અને પ્રગતિપથ યોજના અંતર્ગત કેટલા કિલોમીટરની લંબાઈના કેટલા ગ્રામ્ય માર્ગોની સુધારણા કરવામાં આવી, અને

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં કિસાનપથ, વિકાસપથ અને પ્રગતિપથ યોજના અંતર્ગત સુધારણાના કામોને પરિશિષ્ટ મુજબ મંજૂરી આપવામાં આવી.

**પરિશિષ્ટ**

| જિલ્લો | તાલુકો | યોજના | રસ્તાની સંખ્યા | લંબાઈ (કિ.મી.) | મંજુર રકમ રૂ.લાખમાં |
|---|---|---|---|---|---|
| બનાસકાંઠા | સુઈગામ | કિસાનપથ | ૧ | ૧.૧૦ | ૮૦.૦૦ |
| બનાસકાંઠા | લાખણી | કિસાનપથ | ૧ | ૮.૭૯ | ૩૫૧.૦૦ |
| બનાસકાંઠા | કાંકરેજ | કિસાનપથ | ૧ | ૭.૦૦ | ૩૦૦.૦૦ |
| બનાસકાંઠા | પાલનપુર | કિસાનપથ | ૧ | ૬.૦૦ | ૨૪૦.૦૦ |
| બનાસકાંઠા | વડગામ | કિસાનપથ | ૨ | ૬.૨૩ | ૩૧૦.૦૦ |
| બનાસકાંઠા | થરાદ | કિસાનપથ | ૧ | ૯.૧૦ | ૩૨૦.૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| બનાસકાંઠા | ડીસા | કિસાનપથ | ૨ | ૮.૦૦ | ૩૬૦.૦૦ |
| બનાસકાંઠા | ધાનેરા | કિસાનપથ | ૧ | ૯.૯૦ | ૩૯૦.૦૦ |
| બનાસકાંઠા | લાખણી | કિસાનપથ | ૧ | ૨.૬૦ | ૧૨૦૦.૦૦ |
| બનાસકાંઠા | સુઈગામ | પ્રગતિપથ | ૧ | ૨૦.૭૫ | ૬૦૫૦.૦૦ |
| | | **કુલ** | **૧૨** | **૭૯.૪૭** | **૯૬૦૧.૦૦** |
| મહેસાણા | વડનગર | કિસાનપથ | ૨ | ૪.૨૦ | ૧૪૮.૦૦ |
| મહેસાણા | ઉંઝા | કિસાનપથ | ૧ | ૨.૮૦ | ૧૫૦.૦૦ |
| મહેસાણા | કડી | કિસાનપથ | ૪ | ૧૧.૮૦ | ૫૫૦.૦૦ |
| મહેસાણા | મહેસાણા | કિસાનપથ | ૧ | ૨.૮૦ | ૧૦૦.૦૦ |
| મહેસાણા | બેચરાજી | કિસાનપથ | ૧ | ૮.૨૦ | ૪૦૦.૦૦ |
| મહેસાણા | ખેરાલુ | પ્રગતિપથ | ૧ | ૨૦.૮૦ | ૫૨૬૧.૦૦ |
| | | **કુલ** | **૧૦** | **૫૦.૬૦** | **૬૬૦૯.૦૦** |

(૨) તે અન્વયે જિલ્લાદીઠ, તાલુકાવાર કેટલો ખર્ચ થયો?

(૨) બનાસકાંઠાના લાખણી તાલુકામાં રૂ.૧.૨૩ લાખ.

---------

# ૧૦૫

## દહેગામ તાલુકાના ખાનપુર એપ્રોચ રોડને પહોળો કરવાની કામગીરી

* ૬૦૮૩ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ખાનપુર એપ્રોચ રોડને પહોળો કરવા સરકારનું આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ કેટલી રકમ મંજુર કરેલ છે, અને

(૩) ઉકત સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૧૩૫.૦૦ લાખ.

(૩) ડીટીપી મંજુરી હેઠળ.

---------

# ૧૦૬

## રેલ્વે હોસ્પિટલ અમદાવાદ ખાતે નવી મેડીકલ કોલેજ સ્થાપવા કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૭૪૫૬ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ–૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રેલ્વે હોસ્પિટલ અમદાવાદ ખાતે, નવી મેડીકલ કોલેજની સ્થાપના કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રેલ્વે હોસ્પિટલ અમદાવાદ ખાતે, નવી મેડીકલ કોલેજની સ્થાપના કરવા બાબતે છેલ્લા બે વર્ષમાં કોઈ દરખાસ્ત કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૦૭

## વડોદરા જિલ્લામાં હિમોફીલીયાના દર્દીઓ

* ૬૧૩૩ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં હિમોફીલીયાના દર્દીઓ માટે સરકારે કોઈ વ્યવસ્થા કરેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો શું વ્યવસ્થા કરેલ છે ?

(૨) (૧) એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા અને જીએમઈઆરએસ હોસ્પિટલ, ગોત્રી, વડોદરા ખાતે હિમોફીલીયાના દર્દીઓની સારવાર માટે તબીબો, સાધન સામગ્રી, દવાઓ અને લોહીની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

(૨) હિમોફીલીયાના દર્દીઓને સઘન સારવાર મળી રહે તે માટે સરકારશ્રી તરફથી જરૂરી અનુદાન ફાળવેલ છે.

---------

# ૧૦૮

## લીલીયા અને સાવરકુંડલા તાલુકાના ગામોને શેત્રુંજી નદીના પુરના પાણીથી નુકશાન

* ૪૪૩૮ **શ્રી પ્રતાપભાઈ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના અને સાવરકુંડલા તાલુકાના ગામો પાસેથી પસાર થતી શેત્રુંજી નદીના પુરના પાણીથી દર વર્ષે ખેડુતોના જાનમાલ અને મકાનોને ભારે નુકશાન પહોંચાડે છે તે ફરીયાદથી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સમસ્યાના કાયમી ઉકેલ માટે પુર સંરક્ષણ પાળાઓ/દિવાલો બનાવવા સરકારનું શું આયોજન છે ? | (૨) આ સમસ્યાના કાયમી ઉકેલ માટે શેત્રુંજી નદીના પુરના પાણીથી ખેડુતોના જાનમાલ અને મકાનોને થતા નુકશાન સામે રક્ષણ આપવા ક્ષેત્રિય કક્ષાએથી આવતી રજુઆતો પરત્વે સ્થળ–સ્થિતિ આધારિત તાંત્રિક જરૂરીયાતવાળા સ્થળોએ સરકારશ્રીના પુર સંરક્ષણ કામો અંગેના પ્રવર્તમાન ઠરાવો/પરિપત્રો અને બજેટ ઉપલબ્ધીને આધિન પુર સંરક્ષણ પાળાઓ/દિવાલો બનાવવાનું સરકારનું આયોજન છે. |

---------

# ૧૦૯

## અમદાવાદ જિલ્લામાં ટપક સિંચાઈ સહાય

* ૫૦૨૮ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ ટપક સિંચાઈ સહાય માટે કેટલી અરજીઓ મંજૂર કરી, | (૧) ૪૪૮૯ અરજીઓ મંજૂર કરી. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી સહાય ચુકવવામાં આવી, અને | (૨) રૂ.૧૨૪૫.૪૨ લાખ સહાય ચૂકવી. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓની સહાય ચુકવવાની બાકી છે ? | (૩) ૬૯૩ અરજીઓની સહાય ચુકવવાની બાકી. |

---------

# ૧૧૦

## કચ્છ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૦૮૦ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૯૮ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૪૭૭.૩૩ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૧૧

## નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત આયુષ ડોક્ટરોની નિમણૂંક અંગે

* ૭૫૧૬ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૮ ની સ્થિતિએ નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત આયુષ ડોક્ટરોને રાજ્યમાં કાયમી નિમણૂંક આપવામાં આવે છે કે કેમ,

(૨) જો ના, તો તેના કારણો શું, અને

(૩) ઉક્ત સ્થિતિએ આયુષ ડોક્ટરોને કયમી નિમણૂંક આપવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) નેશનલ હેલ્થ મિશન અંતર્ગત રાજ્યમાં ડોક્ટરોની કાયમી જગા મંજુર થયેલ નથી.

(૩) ના, જી.

---------

# ૧૧૨

## મહેસાણા જિલ્લામાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજનાના કાર્ડ બાબત

* ૬૧૩૫ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ‘‘મા’’ યોજના અને ‘‘મા વાત્સલ્ય’’ કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) જિલ્લામાં તમામ લાભાર્થીને આ કાર્ડ મળી રહે તે માટે શું પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ‘‘મા’’ યોજના અને ‘‘મા વાત્સલ્ય’’ યોજનાના કાર્ડ નીચે મુજબ આપવામાં આવ્યા છે.

| વર્ષ | ‘‘મા’’ યોજના | ‘‘મા વાત્સલ્ય’’ યોજના | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૬ | ૧૩ | ૭૫,૪૮૨ | ૭૫,૪૯૫ |
| ૨૦૧૭ | ૦૭ | ૨૭,૧૦૩ | ૨૭,૧૧૦ |
| **કુલ** | **૨૦** | **૧,૦૨,૫૮૫** | **૧,૦૨,૬૦૫** |

(૨) જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે જિલ્લાના દરેક તાલુકાઓમાં એક (૧) એમ કુલ ૧૦(દસ) કીઓસ્ક ઉભા કરવામાં આવેલ છે. અને વધુમાં સમગ્ર રાજ્યમાં સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજનાના કાર્ડ કાઢી આપવાની કામગીરી કરવામાં આવેલ છે.

---------

# ૧૧૩

## પાટણ જિલ્લામાં કેનાલ મારફત તળાવો ભરવાની કામગીરી

* ૭૫૪૩ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તળાવો કેનાલ મારફત ભરવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ગામના તળાવો કઇ કેનાલ મારફત ભરવામાં આવે છે, અને

**જવાબ**

(૧) હા.

(૨) (અ) સુજલામ સુફલામ કેનાલ મારફત.

| તાલુકો | ગામ | તળાવ |
|---|---|---|
| પાટણ | ૧૫ | ૧૮ |
| સરસ્વતી | ૪ | ૪ |
| ચાણસ્મા | ૪ | ૫ |
| **કુલઃ** | **૨૩** | **૨૬** |

| (બ) ધરોઇ નહેર મારફત | | |
|---|---|---|
| **તાલુકો** | **ગામ** | **તળાવ** |
| ચાણસ્મા | ૧ | ૧ |
| સિધ્ધપુર | ૨ | ૨ |
| પાટણ | ૭ | ૯ |
| **કુલઃ** | **૧૦** | **૧૨** |
| (ક) નર્મદા મુખ્ય કેનાલ આધારિત નહેરો | | |
| **તાલુકો** | **ગામ** | **તળાવ** |
| સાંતલપુર | ૮ | ૯ |
| રાધનપુર | ૮ | ૮ |
| ચાણસ્મા | ૩ | ૩ |
| હારીજ | ૬ | ૮ |
| સમી | ૧૮ | ૧૮ |
| શંખેશ્વર | ૫ | ૬ |
| **કુલઃ** | **૪૮** | **૫૨** |

(૩) બાકી રહેતા ગામોના તળાવો સરકારનું આયોજન છે કે કેમ ?

(૩) પાણીની ઉપલબ્ધિને ધ્યાને લઇ તાંત્રિક તથા આર્થિક રીતે પોષણક્ષમ હોય તેવા તળાવો ભરવાનું આયોજન છે.

---------

# ૧૧૪

## રાજ્યમાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષના કાયદા સંબંધમાં માર્ગદર્શન

* ૬૦૯૬ **શ્રી પુર્ણેશ મોદી** (સુરત પશ્ચિમ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ (GST) કાયદાના પ્રશ્નો અંગે અધિકારી અને કરદાતાને માર્ગદર્શન આપવા કોઇ વ્યવસ્થા કરવામાં આવી હતી કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સામેલ પત્રક મુજબ.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

# ૧૧૫

## રાજ્યમાં બંધ સરકારી વીજ મથકો

* ૭૪૬૮ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ક્યા સરકારી વીજ મથકો કેટલા સમય બંધ પડી રહ્યા હતા,

(૨) આ વીજ મથકો બંધ પાડવા પાછળના કારણો શા છે, અને

**જવાબ**

(૧) અને (૨) એક પણ નહી.

ઉક્ત સ્થિતિએ ઉપર્યુક્ત તમામ વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ છે. પરંતુ વીજ ઉત્પાદનનો સંગ્રહ શક્ય નથી અને ઉત્પાદન સમયે જ તેનો વપરાશ કરવો જરૂરી છે. આમ, વીજ ઉત્પાદન જે–તે સમયના વપરાશ/માંગને આધારિત હોય છે અને આ સ્થિતિ દરેક દિવસે દરેક ક્ષણે બદલાતી રહે છે. સામાન્ય રીતે વીજ મથકોમાંથી ઉત્પાદન મેળવવાનું ચાલુ હોય છે પરંતુ આકસ્મિક રીતે ખોટકાઇ જવું, સમારકામની જરૂરિયાત, બળતણ ઉપલબ્ધ ન હોય તેવા કપરા સંજોગોમાં પ્લાન્ટને બંધ રાખવા પડે છે. ગેસ આધારિત વીજ મથકો માટે ડોમેસ્ટિક ગેસનો પુરવઠો ઉપલબ્ધ ન હોઇ, મથકો બંધ રહે છે. તદ્ઉપરાંત હાઇડ્રો પાવર પ્રોજેક્ટ્સ સિંચાઇ વિભાગની જરૂરિયાત મુજબ ચલાવવામાં આવે છે આ ઉપરાંત નામ. વીજ નિયમન આયોગની ‘‘મેરિટ ઓર્ડર’’ ની માર્ગદર્શિકાને ધ્યાને

લઇ તેમજ લો ડિમાન્ડ (low demand) ને કારણે SLDC (સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર) ની સૂચના મુજબ જે તે સમયે વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં ઉપર્યુક્ત અનિવાર્ય કારણોસર તત્પૂરતા સમય માટે હંગામી ધોરણે બંધ રાખવા પડે છે અથવા જે તે સમયની જરૂરિયાત મુજબ અંશતઃ કાર્યરત રાખવા પડે છે.

(૩) વીજ મથકો બંધ પડવા કે પડી રહેવાના કારણે કેટલા યુનીટ વીજળી ઉત્પન્ન ન થઇ શકી ?

(૩) ઉપર (૧) અને (૨) માં જણાવ્યા પ્રમાણે જે તે સમયની વીજ માંગ અને નામદાર વીજ નિયમન આયોગના મેરીટ ઓર્ડરને અનુલક્ષીને વીજ ઉત્પાદન મેળવવામાં આવતું હોવાથી, વીજ ઉત્પાદન ન થઇ શકતું હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૧૬

## એન.યુ.ઇ.ટી.ના ધોરણે રેલ્વે ઓવરબ્રીજ બાંધવા અંતર્ગત કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૭૪૪૪ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૩ ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ એન્યુઈટીના ધોરણે રેલ્વે ઓવર બ્રીજ બાંધવાની કામગીરી બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો?

**જવાબ**

(૧) અને (૨)

વર્ષ ૨૦૧૩ ના પડતર પ્રશ્ન અન્વયે રેલવે વિભાગ દ્વારા માર્ચ–૨૦૧૩ માં એન્યુઈટી ધોરણે આર.ઓ.બી.ની કામગીરીની મંજૂરી આપેલ હોઇ વર્ષ ૨૦૧૪ માં પ્રશ્ન પડતો મુકેલ હોઇ છેલ્લા બે વર્ષમાં દરખાસ્ત કરવાનો પ્રશ્ન રહેતો નથી.

---------

# ૧૧૭

## મહેસાણા જિલ્લાના ગાંધીનગર લીંક રોડ ઉપર પુલ પહોળો કરવાની કામગીરી

* ૬૦૮૨ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લાના ગાંધીનગર લીંક રોડ ઉપર (માનવ આશ્રમ ચોકડી થી સાંઇબાબા મંદિર) નો પુલ પહોળો કરવાનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૧૦૦૦.૦૦ લાખ. |
| (૩) સદર કામગીરી તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) નકશા અંદાજો બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. |

---------

# ૧૧૮

## પોરબંદર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજ જોડાણ

* ૬૦૭૮ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૩૧૮. |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૯૯૮.૦૪ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૧૯

### અમદાવાદ જિલ્લામાં મેલેરીયાના દર્દીઓ

* ૬૧૨૭ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો નોંધાયા, અને | (૧) કુલ ૪૮૩ મેલેરિયાના કેસો નોંધાયેલ છે. |
| (૨) અમદાવાદ જિલ્લામાં મેલેરિયા નિયંત્રણ માટે શી કાર્યવાહી હાથ ધરી ? | (૨) અમદાવાદ જિલ્લામાં મેલેરિયા નિયંત્રણ માટે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.<br>• ફીવર સર્વેલન્સ<br>• પોરાનાશક કામગીરી<br>• જંતુનાશક દવા છંટકાવ કામગીરી<br>• ફોગીંગ કામગીરી<br>• જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીના ઉપયોગ<br>• આરોગ્ય શિક્ષણ. |

---------

# ૧૨૦

### નસવાડી તાલુકામાં ડબ્બા ખોખરા રોડ પરના નાળાની કામગીરી

* ૬૧૪૫ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં ડબ્બા ખોખરા રોડ પર બે નાળા નવા બનાવવા માટે રાજ્ય સરકારનું આયોજન છે, કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો આ કામ મંજુર કરવામાં આવેલ હોય તો કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યુ છે, અને | (૨) રૂ.૧.૬૦ લાખ. |
| (૩) તા.૩૧–૧–૨૦૧૮ ની સ્થિતિએ કામ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

# ૧૨૧

### આશા હેલ્થ વર્કરને દર માસે આપવામાં આવતી પ્રોત્સાહક રકમ

* ૭૪૬૫ **શ્રી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં આશા હેલ્થ વર્કરને દર માસે પ્રોત્સાહક રકમ કેટલી આપવામાં આવેલ છે, | (૧) આશાએ કરેલ કામગીરીના પ્રમાણમાં ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ દર માસે રૂ. ૨૦૦૦ થી રૂ. ૨૫૦૦. |
| (૨) ઉક્ત રકમમાં છેલ્લા બે વર્ષમાં ક્યારે અને કેટલો વધારો કરવામાં આવેલ છે, અને | (૨) ચાલુ નાણાકીય વર્ષમાં તા. ૧૮.૧૦.૨૦૧૭ના ઠરાવથી ૩૦% અને તા. ૩૦.૧૨.૨૦૧૭ના ઠરાવથી વધુ ૨૦% મળી કુલ ૫૦% નો ઉક્ત રકમ ઉપરાંત વધારો કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત રકમમાં કોઇ વધારો કરવાનું આયોજન છે કે કેમ? | (૩) તાજેતરમાં જ વધારો કરેલ હોઇ હાલના તબક્કે આવું કોઇ આયોજન નથી. |

---------

# ૧૨૨

## વડોદરા પ્રોયોગશાળા દ્વારા ઔષધના નમૂનાઓની ચકાસણી

* ૬૧૦૯ **શ્રી જીતેન્દ્ર સુખડીયા** (સયાજીગંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા પ્રયોગશાળા દ્વારા સને ૨૦૧૭ના વર્ષ દરમ્યાન ઔષધના કેટલા નમૂનાઓની ચકાસણી કરવામાં આવેલ છે,

(૨) કેટલા નમૂનાઓ પ્રમાણસર ધોરણના માલુમ પડ્યા,

(૩) કેટલા નમૂનાઓ અપ્રમાણસર ધોરણના માલુમ પડ્યા, અને

(૪) સને ૨૦૧૭ના વર્ષમાં અપ્રમાણસર દવાના કિસ્સામાં શા પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) ૧૧૭૩૭

(૨) ૧૧૨૪૭

(૩) ૪૯૦

(૪) અપ્રમાણસર થયેલ દવાના તમામ નમૂનાના કિસ્સામાં ૨૦૧૭ના વર્ષ દરમ્યાન નીચે મુજબનાં પગલાં લેવામાં આવ્યા.

| પગલાંની વિગત | |
|---|---|
| ઉત્પાદકના પરવાના સ્થગિત કરવામાં આવ્યા | ૩૩૫ |
| ઉત્પાદકની બનાવટની પરવાનગી પરત ખેચવામાં આવી અને પરવાના સ્થગિત કરવામાં આવ્યા | ૨૨ |
| ઉત્પાદક સામે નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યા | ૫ |
| ઉત્પાદકને સખત ચેતવણી આપવામાં આવી | ૫ |

---------

# ૧૨૩

## ભરૂચ જિલ્લામાં ઉજાલા યોજના

* ૬૦૯૧ **શ્રી દુષ્યંતભાઇ પટેલ** (ભરૂચ) : **માનનીય ઉર્જામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ ભરૂચ જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઇડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે વાર્ષિક અંદાજીત કેટલા યુનીટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત કેટલા રૂપીયાની બચત થશે?

**જવાબ**

(૧) તા. ૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ ભરૂચ જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૨,૦૨,૫૩૩ એલઇડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઇડી બલ્બ વપરાશથી વાર્ષિક અંદાજીત ૮.૯૫ કરોડ યુનીટની વીજ બચત થશે.

(૩) એલઇડી બલ્બના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂા. ૪૦.૨૮ કરોડની બચત થશે.

---------

# ૧૨૪

## ગીર સોમનાથ જિલ્લામાં મુખ્ય નદીઓ સાથે અન્ય નદીઓનું જોડાણ

* ૪૯૦૭ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર–સોમનાથ જિલ્લામાં કઈ નદીઓને મુખ્ય નદીઓ સાથે જોડવામાં આવી, અને

(૨) આ નદીઓને મુખ્ય નદી સાથે જોડવા અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૨૫

**સરસ્વતી નદીમાં ઠાલવવામાં આવેલ નર્મદાનું પાણી**

* ૭૪૪૧ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરસ્વતી નદીમાં નર્મદાનું કુલ કેટલું પાણી ઠાલવવામાં આવ્યું, અને | (૧) ૧.૫ મી. ક્યુબીક મીટર. (૫૨.૯૭ મી. ઘન ફૂટ) |
| (૨) આ પાણી ઠાલવવા પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) ૩૨.૧૩ લાખ. |

---------

# ૧૨૬

**નર્મદા યોજના ભાગીદાર રાજ્યો પાસેથી વસુલવાની રકમ**

* ૪૧૧૭ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી કેટલી રકમ મેળવવાની બાકી છે, અને | (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી બિનવિવાદિત રકમ રૂા. ૩૪૧.૮૫ કરોડ અને વિવાદિત રકમ રૂા. ૩૨૭.૫૨ કરોડ મળી કુલ રૂા. ૬૬૯.૩૭ કરોડની રકમ મેળવવાની બાકી છે. |
| (૨) આ રકમ મેળવવા સરકારે શી કાર્યવાહી કરી? | (૨) સંબંધિત રાજ્યોને છેલ્લાં બે વર્ષમાં આ બાબતે વિનંતી કરતા ૨૭ પત્રો લખેલ છે તથા સરદાર સરોવર કન્સ્ટ્રક્શન એડવાઈઝરી કમિટિની મીટીંગ નં. ૮૩,૮૪ અને ૮૫માં આ સંદર્ભમાં જરૂરી રજુઆતો કરવામાં આવેલ છે. |

---------

# ૧૨૭

**કામરેજ તાલુકાના નાના વરાચા–મોરથાણા–વિહાણ રોડને રીસરફેસ કરવાની કામગીરી**

* ૬૧૪૩ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં નાના વરાચા કઠોદરા મોરથાણા શેવડી વિહાણ રોડને રીસરફેસ કરવા માટે રાજ્ય સરકારનું આયોજન છે, કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો આ કામ મંજુર કરવામાં આવેલ હોય તો કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યુ છે, અને | (૨) રૂા. ૬૨૫ લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

# ૧૨૮

**કચ્છ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ**

* ૬૧૦૦ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૩૩૧૭ |

(૨) ઉક્ત સમયગાળા દરમ્યાન તે માટે કેટલો ખર્ચ થયો?

(૨) રૂ. ૮૧૩૩.૯૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૧૨૯

### શહેરા આંકડીયા બામરોલી રોડ પર આંકડીયા ગામ પાસેનો કોઝવે

* ૬૧૪૭ **સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના શહેરા આંકડીયા બામરોલી રોડ પર આંકડીયા ગામ પાસે કોઝ વે સાંકડુ પડે તે તે સ્થળે પુલ બનાવવા સરકારનું શું આયોજન છે, અને

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી છે તથા આ કામ તા. ૩૧–૦૧–૧૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) અને (૨) હયાત સાંકડા ડીપના સ્થાને નવીન સ્લેબ ડ્રેઈન બનાવવા રૂા. ૧૦૧ લાખ મંજુર કરેલ છે જે ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

---------

# ૧૩૦

### ભાવનગર જિલ્લામાં ઉજાલા યોજના

* ૬૧૦૫ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં કેટલા એલઈડી ટ્યુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે ઉક્ત સ્થિતિએ વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની બચત થશે, અને

(૩) ઉક્ત સ્થિતિએ વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે?

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૩૬,૭૩૩ એલઈડી ટ્યુબલાઈટ અને ૧૮,૯૩૭ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઈડી ટ્યુબલાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૧૮.૭૭ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજિત ૧૩.૫૪ લાખ યુનિટની બચત થશે.

(૩) એલઈડી ટ્યુબલાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૮૪.૪૯ લાખની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૬૦.૯૮ લાખની બચત થશે.

---------

# ૧૩૧

### પશ્ચિમ રેલ્વેનું મુખ્ય મથક અમદાવાદ ખાતે ખસેડવા

* ૭૪૬૨ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પશ્ચિમ રેલવેનું મુખ્ય મથક અમદાવાદ ખાતે ખસેડવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો ?

**જવાબ**

(૧) ત્રણ વખત

(૨) રાજ્ય સરકાર દ્વારા આ બાબતે સમયાંતરે માંગણી કરવામાં આવી રહેલ છે.

---------

# ૧૩૨

## ખાનગી વીજ કંપની પાસેથી વીજ ખરીદીના થયેલ કરારો

* ૭૪૮૩ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારે કરાર મુજબ કઈ ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી, અને

(૩) ઉક્ત સ્થિતિએ વીજળી ખરીદી ન હોય અને કરાર મુજબ કોઈ વીજ કંપનીને રકમ ચૂકવેલ હોઈ તો કઈ કંપનીને કેટલી રકમ ચૂકવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી. પરંતુ તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માત્ર બિનપરંપરાગત ક્ષેત્રે ખાનગી વીજ કંપની સાથે નવા વીજ ખરીદી કરાર થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉપરોક્ત ખાનગી કંપનીઓ પાસેથી કરવામાં આવેલ વીજ ખરીદી અને તેના ભાવની વિગત * **પરિશિષ્ટ–અ** મુજબ છે.

(૩) તે અન્વયે કોઈપણ ખાનગી વીજ કંપની પાસેથી વીજળી ખરીદી ન હોય અને નાણા ચુકવવામાં આવેલ હોય તેવું બન્યું નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

# ૧૩૩

## જુનાગઢ જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ બાબત

* ૬૧૩૪ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) આ કાર્ડ લાભાર્થીઓને આપવા માટે જિલ્લામાં હાલ શું વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) ''મા'' યોજના ૧૨૬
''મા વાત્સલ્ય'' યોજના ૮૨,૯૨૦

(૨) ઉક્ત સ્થિતિએ તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે જિલ્લાના દરેક તાલુકાઓમાં એક (૧) એમ કુલ નવ (૦૯) તથા શહેરી કક્ષાએ બે (૨) એમ કુલ ૧૧ કીઓસ્ક ઉભા કરવામાં આવેલ છે અને વધુમાં સમગ્ર રાજ્યમાં સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ કાઢી આપવાની કામગીરી કરવામાં આવેલ છે.

---------

# ૧૩૪

## કલ્પસર યોજનામાં ખર્ચ

* ૭૫૬૨ **શ્રી અમીતભાઈ ચાવડા** (આંકલાવ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ કલ્પસર પ્રોજેક્ટ માટે પ્રાથમિક સર્વે ક્યારે કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ કયા કયા પ્રકારના સર્વે/રિપોર્ટ કરવામાં આવ્યા,

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને

**જવાબ**

(૧) કલ્પસર પ્રોજેક્ટ માટે આવિક્ષણ અહેવાલ ૧૯૮૯માં, પૂર્વ શક્યતાદર્શી અહેવાલ ૧૯૯૬માં, છ વિશિષ્ટ અભ્યાસો ૧૯૯૯માં પૂર્ણ થયા બાદ, યોજનાના પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાની કામગીરી સને–૨૦૦૩થી પ્રગતિમાં છે.

(૨) પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવામાં કુલ ૨૧ અભ્યાસો પૂર્ણ થયેલ છે, ૧૦ અભ્યાસો પ્રગતિ હેઠળ છે અને ૧૯ અભ્યાસો આયોજન હેઠળ છે. જેની વિગતો *પત્રક–૧ માં આપેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ રૂ. ૩૧૦૧.૧૬ રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | કુલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | સને ૨૦૧૫-૧૬ | ૨૧૦૨.૯૧ |
| ૨ | સને ૨૦૧૬-૧૭ | ૬૨૩.૧૬ |
| ૩ | સને ૨૦૧૭-૧૮ (તા. ૩૧.૦૧.૨૦૧૮ સુધી) | ૩૭૫.૦૯ |
| | **કુલ** | **૩૧૦૧.૧૬** |

(૪) ઉક્ત સ્થિતિએ કલ્પસર પ્રોજેક્ટની કામગીરી ક્યારે શરૂ કરવાનું આયોજન છે ?

(૪) કલ્પસર યોજનાનો શક્યતાદર્શી અહેવાલ તૈયાર થયા પછી સદર અહેવાલને સક્ષમ સ્તરેથી જરૂરી મંજુરીઓ મળ્યેથી, આ યોજના સત્વરે શરૂ કરી, શક્ય બને તેટલું જલ્દી પૂર્ણ કરવાનું આયોજન છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

# ૧૩૫

**યુ. એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચને ફાળવેલ ગ્રાન્ટ**

* ૬૧૧૬ **માન. ધારાસભ્ય શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડીયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) યુ. એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ, અમદાવાદને સને ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કેટલી કુલ ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) આ સમય દરમ્યાન કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટ** |
|---|---|
| ૨૦૧૬-૧૭ | રૂ. ૨૭૬.૧૨ કરોડ |
| ૨૦૧૭-૧૮ | રૂ. ૧૭૨.૦૮ કરોડ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ** |
|---|---|
| ૨૦૧૬-૧૭ | રૂ. ૨૦૨.૫૭ કરોડ |
| ૨૦૧૭-૧૮ | રૂ. ૧૯૪.૩૪ કરોડ |

---------

# ૧૩૬

**ઉકાઈ-કાકરાપાર યોજનાની કમાન્ડ વિસ્તારમાં નહેરો સુધારણાના કામો**

* ૬૧૫૪ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ઉકાઈ-કાકરાપાર યોજનાની કમાન્ડ વિસ્તારમાં વર્ષ ૨૦૧૭-૧૮માં નહેર સુધારણાના કામો હાથ ધરવાનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો તાલુકાવાર કેટલા ગામોને આ કામોથી લાભ થશે, અને

**જવાબ**

(૧) હા

(૨) ઉકાઈ-કાકરાપાર યોજનાના નહેર સુધારણાના કામોથી ૨૧ તાલુકાઓના ૪૫૬ ગામોને લાભ થશે. જેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | કામરેજ | ૨૨ |
| ૨ | બારડોલી | ૨૦ |
| ૩ | પલસાણા | ૪૦ |
| ૪ | ચોર્યાસી | ૦૩ |
| ૫ | માંડવી | ૧૨ |
| ૬ | ઓલપાડ | ૬૩ |
| ૭ | માંગરોળ | ૨૬ |
| ૮ | મહુવા | ૨૪ |
| ૯ | નવસારી | ૨૩ |
| ૧૦ | જલાલપોર | ૩૮ |

| | | |
|---|---|---|
| ૧૧ | ગણદેવી | ૩૦ |
| ૧૨ | ચીખલી | ૩૭ |
| ૧૩ | વાંસદા | ૦૨ |
| ૧૪ | ખેરગામ | ૦૪ |
| ૧૫ | વલસાડ | ૪૫ |
| ૧૬ | ધરમપુર | ૦૧ |
| ૧૭ | અંકલેશ્વર | ૧૬ |
| ૧૮ | હાંસોટ | ૨૩ |
| ૧૯ | વ્યારા | ૧૪ |
| ૨૦ | વાલોડ | ૧૧ |
| ૨૧ | ડોલવણ | ૦૨ |
| | **કુલ** | **૪૫૬** |

(૩) કુલ કેટલા સિંચાઈ વિસ્તારને લાભ થશે ?

(૩) ૧,૦૪,૨૬૬ હેક્ટર

---------

# ૧૩૭

**અમદાવાદ સિવિલ હોસ્પિટલનું નવીનીકરણ**

* ૬૧૩૮ **શ્રી હસમુખભાઈ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સીવીલ હોસ્પિટલ, અમદાવાદના નવીનીકરણ/વિસ્તરણની કોઈ યોજના છે, અને | (૧) હા જી. |
| (૨) આ યોજના માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે ? | (૨) માસ્ટર પ્લાનીંગ પ્રોજેક્ટ અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૨૦૦–૦૦ કરોડ (બસો કરોડ)ની ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે. |

---------

# ૧૩૮

**અમદાવાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ**

* ૬૨૪૬ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણિનગર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૩૨૦૮ |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૬૦૧૭.૨૫ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૩૯

**અરવલ્લી જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો**

* ૬૨૧૭ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૧૧૭૩ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૫૫.૧૫ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૪૦

## ધાનેરા તાલુકામાં જર્જરીત વીજ વાયરો

* ૪૪૨૨ **શ્રી નાથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ધાનેરા તાલુકામાં નાંખવામાં આવેલી વીજ લાઈનો જર્જરીત થઈ ગઈ હોવાથી શોટસર્કિટને કારણે ખેડૂતોની મોટરો બળી જવાની હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આવા જર્જરીત વીજ વાયરો ક્યાં સુધીમાં બદલવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૧૪૧

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં નવા વીજ સબસ્ટેશનો

* ૬૦૮૫ **શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા** (જામનગર ઉત્તર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ જામનગર જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૧૬ (સોળ) નવા વીજ સબસ્ટેશનો અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૭ (સાત) વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો? | (૨) તે માટે ઉક્ત સ્થિતિએ જામનગર જીલ્લામાં કુલ રૂ. ૧૧૮૦૯.૨૯ લાખનો ખર્ચ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ રૂ. ૩૪૮૩.૧૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૪૨

## આણંદ જિલ્લામાં ઉજાલા યોજના

* ૬૦૯૨ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં કેટલા એલઈડી ટ્યુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૪૨,૬૫૮ એલઈડી ટ્યુબલાઈટ અને ૨૧,૯૯૨ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને | (૨) એલઈડી ટ્યુબલાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૨૧.૮૦ લાખ યુનિટની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વાર્ષિક અંદાજિત ૧૫.૭૪ લાખ યુનિટની બચત થશે. |
| (૩) વીજ ગ્રાહકને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે? | (૩) એલઈડી ટ્યુબલાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૯૮.૧૧ લાખની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૭૦.૮૧ લાખની બચત થશે. |

---------

# ૧૪૩

**રાજકોટ મહાનગરપાલિકામાં મંજૂર કરેલ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો અંગે**

* ૬૧૦૭ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ મહાનગરપાલિકામાં શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર હેઠળ મેડિકલ અને પેરામેડિકલ તથા અન્ય કેટલો સ્ટાફ મંજુર કરવામાં આવ્યો? | મેડિકલ – ૮<br>પેરામેડિકલ – ૧૫<br>અન્ય – ૧૯ |

---------

# ૧૪૪

**રાજકોટ જિલ્લામાં ઉજાલા યોજના હેઠળ એલઈડીનું વિતરણ**

* ૬૬૨૨ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં કેટલા એલઈડી ટ્યુબ લાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૭૪,૦૪૭ એલઈડી ટ્યુબ લાઈટ અને ૩૮,૧૭૪ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને | (૨) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૩૭.૮૩ લાખ યુનિટની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજિત ૨૭.૩૧ લાખ યુનિટની બચત થશે. |
| (૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે? | (૩) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૧.૭૦ કરોડની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૧.૨૨ કરોડની બચત થશે. |

---------

# ૧૪૫

**દાહોદ જિલ્લામાં દાહોદ ખાતે અદ્યતન વિશ્રામગૃહ બનાવવાનું આયોજન**

* ૩૬૦૫ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિ દાહોદ જિલ્લામાં જિલ્લા મથક દાહોદ ખાતે અદ્યતન વિશ્રામગૃહ નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે બનાવવા માટે ઉક્ત સ્થિતિએ સરકારનું શું આયોજન છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૧૪૬

**બોટાદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

* ૬૧૯૪ **શ્રી રાઘવભાઈ મકવાણા** (મહુવા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત બોટાદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૮૧૧ |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૬૩.૦૨ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૪૭

**ખેડા જિલ્લામાં મંજૂર કરેલ રસ્તાઓ**

* ૭૧૮૨ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં પંચાયત અને રાજ્ય સરકાર હસ્તકના કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા રસ્તાના કામ પુર્ણ થયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાના કામો પ્રગતિમાં છે, અને

(૪) તે પેટે કેટલી રકમનો ખર્ચ થયો?

**જવાબ**

(૧)

| તાલુકો | પંચાયત હસ્તક | રાજ્ય સરકાર હસ્તક |
|---|---|---|
| નડિયાદ | ૧૪૬ | ૧૧ |
| ખેડા | ૩૮ | ૩ |
| માતર | ૫૨ | ૫ |
| મહેમદાવાદ | ૮૮ | ૪ |
| વસો | ૧૭ | ૪ |
| મહુધા | ૬૩ | ૨ |
| કઠલાલ | ૪૧ | ૧ |
| કપડવંજ | ૯૮ | ૪ |
| ઠાસરા | ૫૨ | ૬ |
| ગળતેશ્વર | ૩૩ | ૪ |
| **કુલ** | **૬૨૮** | **૪૪** |

(૨) ૨૧૪.

(૩) ૨૪૯.

(૪) ૮૮૭૩.૫૪ લાખ

---------

# ૧૪૮

**રાજ્યમાં પેન્શન મેળવતા પેન્શનરો**

* ૬૧૫૭ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા પેન્શનરો પેન્શન મળવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરીમાં કેટલા પેન્શનના કેસો પડતર છે, અને

(૩) આ પડતર કેસોનો ક્યારે નિકાલ થશે?

**જવાબ**

(૧) ૪,૩૪,૫૬૧

(૨) ૬૮૦

(૩) હાલમાં તે પૈકી કોઈ કેસ પડતર નથી.

---------

# ૧૪૯

**નવસારી જિલ્લામાં ઉજાલા યોજના**

* ૬૨૭૦ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઈડી ટ્યુબ લાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૫,૭૧૬ એલઈડી ટ્યુબ લાઈટ તથા ૮,૧૦૨ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૮.૦૩ લાખ યુનિટની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજિત ૫.૭૯ લાખ યુનિટસની બચત થશે.

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે?

(૩) એલઈડી ટ્યુબલાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૩૬.૧૪ લાખની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૨૬.૦૮ લાખની બચત થશે.

---------

# ૧૫૦

### અરવલ્લી જિલ્લામાં ઉજાલા યોજના હેઠળ એલઈડીનું વિતરણ

* ૬૬૨૮ **શ્રી કેસરિસિંહ સોલંકી** (માતર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧,૫૨,૧૨૪ એલઈડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઈડી બલ્બના વપરાશથી વાર્ષિક અંદાજિત ૧.૧૩ કરોડ યુનિટની વીજ બચત થશે.

(૩) એલઈડી બલ્બના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૫૦.૯૬ કરોડની બચત થશે.

---------

# ૧૫૧

### અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વર્ગ–૧ની ખાલી જગ્યાઓ

* ૭૫૩૪ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં બ્લડ બેંક સહિતના વિભાગોમાં વર્ગ–૧ની કુલ કેટલી જગ્યાઓ એડહોક નિમણૂકથી ભરાયેલ છે,

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭–૦૮–૧૯૯૭ના એડહોક નિમણૂક બાબતે માર્ગદર્શક સિધ્ધાંતો અને સૂચનાઓ અંગેના પરિપત્ર મુજબ આવી જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ/ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ/પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા ભરવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) આવી એડહોક નિમણૂક આપ્યાના નિમણૂક હુકમની તારીખથી ત્રણ માસમાં સંબંધિત ભરતી સંસ્થાને ક્યારે ક્યારે માગણીપત્રક મોકલવામાં આવ્યું ?

**જવાબ**

(૧) તારીખ ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બ્લડ બેંક વિભાગ સહિતની અમદાવાદ સિવિલ હોસ્પિટલ સંલગ્ન બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે નીચે મુજબની વર્ગ–૧ની જગ્યાઓ એડહોક નિમણૂકથી ભરાયેલ છે.

| સંવર્ગ | આઈએચબીટી | પેથોલોજી |
|---|---|---|
| પ્રાધ્યાપક | ૦૧ | ૦૦ |
| સહપ્રાધ્યાપક | ૦૧ | ૦૧ |
| મદદનીશ પ્રાધ્યાપક | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૦૨** | **૦૧** |

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખ–૨૦–૦૩–૨૦૦૨ના જાહેરનામાથી તબીબી શિક્ષકોના ભરતીનિયમો બહાર પાડેલ છે. તે મુજબ તબીબી શિક્ષકોની ભરતી માટે ગુજરાત જાહેર સેવા આયોગને માગણીપત્રક મોકલતા તબીબી શિક્ષકોના ભરતીનિયમોમાં ડી.એન.બી.ની લાયકાત ઉમેરવા સૂચવતા તેમજ એમ.સી.આઈ. દ્વારા મીનીમમ ક્વોલીફીકેશન ફોર મેડીકલ ટીચર્સ એમેન્ડમેન્ટ તારીખ–૮–૬–૨૦૧૭થી બહાર પાડવામાં આવેલ છે તે સુધારાને ધ્યાનમાં લઈને નવા ભરતીનિયમો તૈયાર કરીને મોકલી આપવા ગુજરાત જાહેર સેવા આયોગે જણાવેલ. આયોગે સૂચવ્યા મુજબ ભરતીનિયમો તૈયાર કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) ઉપર ક્રમ–૨ના જવાબમાં દર્શાવેલ કારણોસર અદ્યતન ભરતીનિયમો સહિતના માગણીપત્રકો ગુજરાત જાહેર સેવા આયોગને મોકલી આપવામાં આવશે.

---------

# ૧૫૨

**નર્મદા જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો**

* ૬૨૧૯ **શ્રીમતી ઝંખનાબેન પટેલ** (ચોર્યાસી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ નર્મદા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૯૩૮ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૩૨.૯૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૫૩

**ધંધુકા તાલુકાના સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મંજૂર મહેકમ**

* ૪૧૩૦ **શ્રી રાજેશભાઈ ગોહિલ** (ધંધુકા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ધંધુકા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેન્દ્રવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ધંધુકા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની વિગતો પત્રક–૧ અને પત્રક–૨ મુજબની છે તથા સંવર્ગવાર મંજૂર, ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગતો સામેલ પત્રક મુજબની છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરિયાતોને ધ્યાનમાં લઈને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે. |

**પત્રક – ૧**

**ધંધુકા તાલુકામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ધંધુકાની મહેકમની વિગત દર્શાવતું પત્રક**

| અનં. | સંવર્ગનું નામ | મંજુર | ભરેલ | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | અધીક્ષક વર્ગ–૧ અને સ્પેશ્યાલીસ્ટ | ૪ | ૦ | ૪ |
| ૨ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૪ | ૪ | ૦ |
| ૩ | ડેન્ટલ સર્જન વર્ગ–૨ | ૧ | ૧ | ૦ |
| ૪ | વહીવટી અધિકારી વર્ગ–૨ | ૧ | ૧ | ૦ |
| ૫ | સીની.આસી. | ૧ | ૧ | ૦ |
| ૬ | સીની.ક્લાર્ક | ૨ | ૦ | ૨ |
| ૭ | જુની.ક્લાર્ક | ૧ | ૧ | ૦ |
| ૮ | જુનીયર ફાર્માસીસ્ટ | ૨ | ૨ | ૦ |
| ૯ | લેબોરેટરી ટેકનીશીયન | ૧ | ૧ | ૦ |
| ૧૦ | એક્સ રે ટેકનીશીયન | ૧ | ૦ | ૧ |
| ૧૧ | ઓપ્થેલ્મીક આસીસ્ટન્ટ | ૧ | ૧ | ૦ |
| ૧૨ | ફીજીયોથેરાપીસ્ટ | ૧ | ૧ | ૦ |
| ૧૩ | હેડ નર્સ | ૧ | ૧ | ૦ |
| ૧૪ | સ્ટાફ નર્સ | ૧૧ | ૧૧ | ૦ |
| ૧૫ | ડ્રાયવર | ૧ | ૧ | ૦ |
| ૧૬ | ડ્રેસર | ૧ | ૦ | ૧ |
| ૧૭ | વોર્ડ બોય | ૯ | ૯ | ૦ |
| ૧૮ | સ્વીપર | ૬ | ૬ | ૦ |
| | **કુલ** | **૪૯** | **૪૧** | **૮** |

| સમરી | | | |
|---|---|---|---|
| **વર્ગ** | **મંજુર** | **ભરેલ** | **ખાલી** |
| વર્ગ–૧ | ૪ | ૦ | ૪ |
| વર્ગ–૨ | ૬ | ૬ | ૦ |
| વર્ગ–૩ | ૨૩ | ૨૦ | ૩ |
| વર્ગ–૪ | ૧૬ | ૧૫ | ૧ |
| **કુલ** | **૪૯** | **૪૧** | **૮** |

**પત્રક–૨**

**ધંધુકા તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | પ્રાઆકેન્દ્ર | તબીબી અધિકારી, વર્ગ–૨ | | | જુનીયર ફાર્માસીસ્ટ | | | લેબૉરેટરી ટેકનીશિયન | | | ડ્રાઈવર | | | વોર્ડ આયા | | | વોર્ડ બોય | | | પાર્ટટાઈમ સ્વીપર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | ખાલી | મંજુર | ભરેલી | ખાલી |
| ૧ | હડાલા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૨ | આકરૂ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૩ | વાગડ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| | | **૩** | **૧** | **૨** | **૩** | **૨** | **૧** | **૩** | **૨** | **૧** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૩** | **૩** | **૦** | **૬** | **૬** | **૦** |

| **સમરી** | | | |
|---|---|---|---|
| **વર્ગ** | **મંજુર** | **ભરેલ** | **ખાલી** |
| વર્ગ–૨ | ૩ | ૧ | ૨ |
| વર્ગ–૩ | ૯ | ૭ | ૨ |
| વર્ગ–૪ | ૧૨ | ૧૨ | ૦ |
| **કુલ** | **૨૪** | **૨૦** | **૪** |

**પત્રક**

| **તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ધંધુકા તાલુકામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર, ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક** | | | | |
|---|---|---|---|---|
| **આરોગ્ય કેન્દ્રોની સંખ્યા** | **સંવર્ગ** | **મંજુર** | **ભરેલ** | **ખાલી** |
| સામુહિક આરોગ્ય કેન્દ્ર–૦૧ | વર્ગ–૧ | ૪ | ૦ | ૪ |
| | વર્ગ–૨ | ૬ | ૬ | ૦ |
| | વર્ગ–૩ | ૨૩ | ૨૦ | ૩ |
| | વર્ગ–૪ | ૧૬ | ૧૫ | ૧ |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–૦૩ | વર્ગ–૨ | ૩ | ૧ | ૨ |
| | વર્ગ–૩ | ૯ | ૭ | ૨ |
| | વર્ગ–૪ | ૧૨ | ૧૨ | ૦ |

---------

# ૧૫૪

## વાડીનારથી દેવભૂમિ દ્વારકાના રસ્તાને નેશનલ હાઈવેમાં સમાવેશ કરવા માટે કેન્દ્ર સરકારને કરેલ રજુઆત

* ૭૪૯૫ **શ્રી પ્રવિણભાઈ મુસડિયા** (કાલાવડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાડીનારથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા યાત્રાધામને જોડતા રસ્તાને નેશનલ હાઈવેમાં સમાવેશ કરવા માટે ભારત સરકારને આ રસ્તો રાષ્ટ્રીય ધોરી માર્ગ તરીકે જાહેર કરવા તા.૧૮–૦૬–૨૦૧૫ના પત્રથી રજુઆત કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આ રસ્તાને રાષ્ટ્રીય ધોરી માર્ગ તરીકે જાહેર કરેલ છે કેમ, અને

(૩) જો ઉક્ત રસ્તાને રાષ્ટ્રીય ધોરી માર્ગ જાહેર ન કરેલ હોય તો રાષ્ટ્રીય ધોરી માર્ગની મંજુરી મળે તે માટે રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ ક્યારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) હા જી,

(૨) અને (૩)

ભારત સરકારના સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના તા.૧૬–૬–૨૦૧૬ના પત્રથી નવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ તરીકે જાહેર કરવા માટે સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. તથા નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા તરફથી ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટની કામગીરી પ્રગતિમાં છે.

---------

# ૧૫૫

### કચ્છ જિલ્લામાં નર્મદા પાઈપલાઈન પેયજળ અન્વયે ઔદ્યોગિક એકમોને પાણીની ફાળવણી

* ૪૩૭૧ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા પાઈપલાઈનના પેયજળ અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક એકમોને પાણીની ફાળવણી પાંચ કરોડ લીટર પ્રતિદિનની હોવા છતાં આઠ કરોડ લીટર પાણી પ્રતિદિન આપવાના કરાર ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ દ્વારા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, અને | (૧) ના જી. |
| (૨) જો હા, તો આ સંબંધે શાં પગલાં લીધા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૧૫૬

### વાંસદા તાલુકામાં આવેલ જુજ ડેમ અને કેલિયા ડેમ પાછળ રીપેરીંગ ખર્ચ

* ૪૧૩૭ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ વાંસદા તાલુકામાં આવેલ જુજ ડેમ અને કેલિયા ડેમ પાછળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રીપેરીંગ કામ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ વાંસદા તાલુકામાં આવેલ જુજ ડેમ અને કેલિયા ડેમ પાછળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રીપેરીંગ કામ માટે કરેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ (સમયગાળો) | ખર્ચની વિગત (રૂ.લાખમાં) | |
|---|---|---|
| | જુજ ડેમ | કેલિયા ડેમ |
| તા.૦૧–૦૨–૨૦૧૬ થી તા.૩૧–૦૧–૨૦૧૭ | ૩૬૬.૫૮ | ૩૬.૦૭ |
| તા.૦૧–૦૨–૨૦૧૭ થી તા.૩૧–૦૧–૨૦૧૮ | ૧૧.૦૬ | ૨૪.૪૯ |
| **કુલ** | **૩૭૭.૬૪** | **૬૦.૫૬** |

---------

# ૧૫૭

### અમદાવાદના કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટનું નવીનીકરણ

* ૬૧૬૫ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદમાં કેન્સર એંડ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટના નવીનીકરણ/વિસ્તરણની કોઈ યોજના છે, અને | (૧) હા. જી |
| (૨) આ યોજના માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે ? | (૨) ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટને આંતરરાષ્ટ્રીય કક્ષાનું અત્યાધુનિક કેન્સર સેન્ટર બનાવવા માટે તેના નવીનીકરણ/વિસ્તરણ માટે ભારત સરકાર તરફથી રૂ.૬૭.૫૦/– કરોડ અને રાજ્ય સરકાર તરફથી રૂ.૨૨.૫૧/– કરોડ એમ કુલ રૂ.૯૦.૦૧/– કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |

---------

# ૧૫૮

## ગાંધીનગર સંત સરોવરના પુનઃ નિર્માણ માટે થયેલ ખર્ચ

* ૭૯૨૧ **ડૉ. સી.જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગરના ઈન્દ્રોડા ખાતેના સંત સરોવરના પુનઃનિર્માણમાં કુલ કેટલો ખર્ચ થયો, અને

(૨) આ યોજનાથી ગાંધીનગર શહેર અને તાલુકાને સિંચાઈનો કેટલો લાભ થશે ?

**જવાબ**

(૧) ૧૨૯.૬૧ કરોડ.

(૨) ૪૮૦૦ હેક્ટર.

---------

# ૧૫૯

## અમરેલી અને પોરબંદર જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૪૮૧ **શ્રી જે.વી. કાકડીયા** (ધારી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ અમરેલી અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યું છે ?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ પોરબંદર જિલ્લામાં ૬૪.૬૩ એમ.એલ.ડી. તથા અમરેલી જિલ્લામાં ૧૩૮.૬૦ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) જિલ્લાવાર મુખ્ય ડેમોની વિગત નીચે મુજબ છે.

| અનુ. | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | પોરબંદર | ફોદારા | ૧૪.૪૯ |
| ૨ | પોરબંદર | ખંભાળા | ૧.૨૯ |
| ૩ | પોરબંદર | સોરઠી | ૧.૭૭ |
| ૪ | પોરબંદર | અમીપુર | ૧.૧૫ |
| ૫ | પોરબંદર | કાલીન્દ્રી | ૦.૩૯ |
| ૬ | પોરબંદર | અડવાણા | ૦.૪૦ |
| ૭ | પોરબંદર | સારણ | ૦.૦૦ |
| ૮ | અમરેલી | ખોડીયાર | ૬.૫૦ |
| ૯ | અમરેલી | હેબી | ૨.૩૦ |
| ૧૦ | અમરેલી | ધાતરવાડી–૧ | ૧૧.૦૨ |
| ૧૧ | અમરેલી | મુંજીયાસર | ૦.૦૨ |
| ૧૨ | અમરેલી | શેલદેદુમલ | ૧.૦૬ |
| ૧૩ | અમરેલી | ધાતરવાડી–૨ | ૧.૧૫ |
| ૧૪ | અમરેલી | ઘેલો–૧ | ૦.૫૩ |
| ૧૫ | અમરેલી | રાયડી | ૦.૯૬ |
| ૧૬ | અમરેલી | સાંકરોલી | ૦.૬૦ |
| ૧૭ | અમરેલી | સુરજવાડી | ૦.૦૪ |
| ૧૮ | અમરેલી | વાડી | ૦.૧૮ |
| ૧૯ | અમરેલી | વડીયા | ૦.૯૯ |

(૩) પોરબંદર અને અમરેલી જિલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- નર્મદા તથા સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

- સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારીત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા.
- વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- પોરબંદર જિલ્લામાં નર્મદાનું પાણી ઓછું મળે તો જરૂરિયાતે ફોદારા ડેમમાંથી પાણી પમ્પીંગ કરવા માટેની કામગીરીનું પણ આયોજન કરેલ છે.

---------

# ૧૬૦

## ભરૂચ જીલ્લામાં નર્મદાની કેનાલોની સ્થિતિ

* ૪૧૩૫ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભરૂચ જીલ્લાના જંબુસર અને આમોદ તાલુકામાં નર્મદાની કેનાલો જર્જરિત હોવાથી ખેડૂતોને સિંચાઈનું પાણી મળતું નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) ભરૂચ જીલ્લાના જંબુસર અને આમોદ તાલુકામાં નર્મદાની કેનાલો જર્જરીત નથી, ખેડુતોને સિંચાઈનું પાણી મળે છે. |
| (૨) જો હા, તો આ અંગે સરકારે શું કાર્યવાહી કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ખેડૂતોને ક્યાં સુધીમાં સિંચાઈનું પાણી આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૧૬૧

## દાહોદ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાઓ

*૬૧૯૦ **શ્રી રતનસિંહ રાઠોડ** (લુણાવાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવેલ છે કે કેમ, અને | (૧) ૨૭ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં આ સેવાઓનો કેટલા દર્દીઓને લાભ આપવામાં આવેલ છે ? | (૨) વર્ષ–૨૦૧૬ માં ૫૭૦૯૬ અને<br>વર્ષ–૨૦૧૭ માં ૫૮૯૪૪ |

---------

# ૧૬૨

## ખેડા જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

* ૬૨૧૪ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને | (૧) ૩૮ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૪૦૪.0૩ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૬૩

**કેન્સર, ડાયાબીટીસ અને મગજના રોગોના અંકુશ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમ અંગર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ**

* ૭૪૭૨ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કેન્સર, ડાયાબીટીસ. કાર્ડીયોવેસ્ક્યુલર રોગો અને મગજના રોગોના અંકુશ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| વર્ષ | મળેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૬૩૫.૧૩/– |
| ૨૦૧૭–૧૮ (૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ) | ૭૩૬.૩૨/– |

---------

# ૧૬૪

**રાજ્યમાં બાળસખા યોજના**

* ૬૧૮૪ **ડૉ.નીમાબેન આચાર્ય** (ભૂજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બાળસખા યોજના–૩થી રાજ્યમાં બાળમૃત્યુ દરમાં ઘટાડો થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલો ઘટાડો નોંધાયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં બાળમૃત્યુનો મૃત્યુદર કેટલો છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) સેમ્પલ રજીસ્ટ્રેશન સીસ્ટમ (એસ.આર.એસ.) ૨૦૧૭ પ્રસિધ્ધ થયેલ નથી, જે પ્રસિધ્ધ થયેથી વિગતો જાણી શકાય.

---------

# ૧૬૫

**દાહોદ જિલ્લામાં મંજૂર કરેલ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો**

* ૬૧૭૯ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે,

(૨) વર્ષ ૨૦૧૧ની વસ્તી પ્રમાણે જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર છે અને તેની સામે કેટલા મંજૂર કરવામાં આવ્યા અને કેટલી ઘટ છે, અને

(૩) ઉક્ત ઘટ પૂરી કરવા માટે સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) કુલ – ૧૨ (બાર)

(૨)

| | |
|---|---|
| મળવાપાત્ર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૯૭ |
| મંજૂર કરવામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૯૭ |
| ઘટ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૬૬

## પિયત સહકારી મંડળીને લિફ્ટ ઈરિગેશન માટે ભારે દબાણનું વીજ જોડાણ

* ૬૨૬૦ **શ્રી વિવકે પટેલ** (ઉધના) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના ખેડૂતો પિયત સહકારી મંડળી સ્થાપી લિફ્ટ ઈરિગેશન માટે ભારે દબાણનું વીજ જોડાણ મેળવવા માંગતા હોય તો તે અંગેના નિયમમાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો છે કે કેમ, અને

(૨) જો હા, તો કેવા ફેરફાર કરવામાં આવ્યા છે?

**જવાબ**

(૧) અને (૨) હા, જી. રાજ્ય સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ સુચનાઓ અન્વયે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. નાં પરિપત્ર ક્રઃ જીયુવીએનએલ–ટેક–૨–એનએએસ–૨૮૬૩, તા. ૦૮–૦૨–૨૦૧૭ થી રાજ્યનાં ખેડૂતો પિયત સહકારી મંડળી સ્થાપી લિફ્ટ ઈરિગેશન માટે ભારે દબાણનું વીજ જોડાણ મેળવવા માંગતા હોય તો તેમના વ્યક્તિગત હયાત કૃષિ વીજ જોડાણ રદ/પરત ન કરવાની શરતે એચટીપી–૫ વીજ જોડાણ આપવા સુનિશ્ચત નીતિ અને ધારા–ધોરણોને આધીન મંજૂરી આપવામાં આવે છે. વધુમાં, પિયત સહકારી મંડળીના સભ્યો હોય એવા ખેડૂતો, સરફેસ લેવલ પર પાણી ઉપલબ્ધ ન હોય તો વ્યક્તિગત રીતે પોતાના હયાત વીજ કનેકશનથી પિયત કરી શકશે.

---------

# ૧૬૭

## તાપી અને નવસારી જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૭૫૨૭ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ તાપી અને નવસારી જીલ્લામાં જીલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રા.આ.કેન્દ્રો | સા.આ.કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | તાપી | ૩૮ | ૮ |
| ૨ | નવસારી | ૪૫ | ૧૨ |

(૨) એક પણ નહિ.

ઉક્ત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની ''ક્વોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ'' મુજબના છે.

(૩) લાગુ પડતું નથી.

---------

# ૧૬૮

## નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત ડૉક્ટરોને ચૂકવાતું મહેનતાણું

* ૭૪૭૮ **શ્રી લલિતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત આયુષ ડૉક્ટરો અને મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ)ને માસિક કેટલું મહેનતાણું ચૂકવવામાં આવે છે, અને

(૨) ઉક્ત મહેનતાણામાં છેલ્લા બે વર્ષમાં ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો હતો?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ આયુષ ડોક્ટરોને શરૂઆતના તબક્કે રૂ. ૨૨,૦૦૦/– અને વધુમાં વધુ રૂ. ૨૪,૯૪૮/– માસિક મહેનતાણું ચૂકવવામાં આવે છે.

– મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની નિમણુંક એનએચએમ અંતર્ગત થતી નથી.

(૨) તા. ૦૧–૦૪–૨૦૧૬ની અસરથી બીજી કરારી નિમણુંક વખતે ૫ ટકા વધારો અને તા. ૦૧–૦૪–૨૦૧૭ની અસરથી એ ઉપરાંત ૩ ટકા પર્ફોમન્સ અન્વયેનો વધારો મળી કુલ ૮ ટકા વધારો કરવામાં આવ્યો છે.

---------

# ૧૬૯

**સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો**

* ૭૫૦૫ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને મોરબી જીલ્લામાં જીલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રા.આ.કેન્દ્રો | સા.આ.કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ૫૦ | ૧૨ |
| ૨ | મોરબી | ૩૦ | ૦૬ |

(૨) એક પણ નહિ.

ઉક્ત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની ''ક્વોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ'' મુજબના છે.

(૩) લાગુ પડતું નથી.

---------

# ૧૭૦

**ભરૂચ અને વાગરા તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના**

* ૫૫૭૦ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના હેઠળ ભરૂચ અને વગરા તાલુકામાં કેટલી પાણીની ટાંકી મંજુર કરવામાં આવી,

(૨) કેટલી મંજુરી હેઠળ છે,

(૩) ઉક્ત બાકી પહેલ મંજુરીઓ પૈકી ૧૦% લોકફાળો બાકી રહેવાના કારણે મંજૂરી આપવાની બાકી હોય તેવા કેટલા કિસ્સાઓ છે, અને

(૪) ઉક્ત બાકી રહેલ મંજૂરીઓ પૈકી ૧૦% લોકફાળો ભરેલ હોય પરંતુ તેનું કામ ચાલુ ન કરવામાં આવેલ હોય તેવા કેટલા કિસ્સાઓ છે?

**જવાબ**

(૧) ૮

(૨) ૧

(૩) ૧

(૪) એક પણ નહી.

---------

# ૧૭૧

**ગીર સોમનાથ અને નર્મદા જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો**

* ૭૫૩૭ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ ગીર સોમનાથ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રા.આ. કેન્દ્રો | સા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | ગીર સોમનાથ | ૨૯ | ૦૮ |
| ૨ | નર્મદા | ૨૭ | ૦૪ |

(૨) એક પણ નહિ.

ઉક્ત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની “ક્વોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ” મુજબના છે.

(૩) લાગુ પડતું નથી.

---------

# ૧૭૨

## મોરબી અને માળીયા તાલુકામાં પીવાના પાણીનું આયોજન

* ૫૫૯૭ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મોરબી અને માળીયા (મિ) તાલુકામાં પુરતા પ્રમાણમાં પીવાનું પાણી મળતું નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો લોકોને નિયમિત પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહે તે માટેનું શું આયોજન કરાયું છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૭૩

## કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૭૫૨૦ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રા.આ. કેન્દ્રો | સા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | કચ્છ | ૬૭ | ૧૭ |
| ૨ | બનાસકાંઠા | ૧૨૧ | ૨૭ |

(૨) એક પણ નહિ.

ઉક્ત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની "ક્વોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ" મુજબના છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૭૪

## ભરૂચ જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

* ૬૨૧૧ **શ્રી હર્ષ સંઘવી** (મજુરા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૯

(૨) રૂ. ૬૯૪.૧૬ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૧૭૫

## સાબરકાંઠા જિલ્લાના દહેગામ–બાયડ રોડને પહોળો કરવાની કામગીરી

* ૬૧૭૩ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના દહેગામ બાયડ રોડ કિ.મી. ૨૨/૦ થી ૪૩/૦ રોડ પહોળો કરવાનું કોઈ આયોજન છે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

| | |
|---|---|
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૩૦૦૦.૦૦ લાખ. |
| (૩) સદર કામગીરી તા.૩૧-૦૧-૨૦૧૮ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

# ૧૭૬

## અમદાવાદ-પુના હાઈ સ્પીડ રેલ્વે પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૬૩૪૩ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ હાઈસ્પીડ રેલ્વે પ્રોજેક્ટ અને અમદાવાદ-મુંબઈ-પુના કોરીડોર બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) અને (૨) : અમદાવાદ-મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેનની કામગીરીને ભારત સરકાર ધ્વારા વર્ષ ૨૦૧૪માં મંજુર કરવામાં આવેલ છે અને માન.વડાપ્રધાનશ્રી ધ્વારા માન.વડાપ્રધાન (જાપાન)ની ઉપસ્થિતિમાં તા. ૧૪-૯-૨૦૧૭ના રોજ ખાતમુર્હુત કરેલ છે. |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો ? | |

---------

# ૧૭૭

## ભાવનગર જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૬૨૦૫ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જીલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને | (૧) ૫૯૨.૩૪ કીમી જર્જરીત વીજ વાયરો અને ૯૦૮ વીજ થાંભલા બદલવામાં આવેલ છે. |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૩૩૪.૯૬ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૭૮

## રાજકોટ જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ

* ૬૧૧૭ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) ''મા'' યોજના ૧૧૯૦<br>''મા વાત્સલ્ય'' યોજના ૧,૯૫,૩૦૩ |
| (૨) જિલ્લામાં તમામ લાભાર્થીને આ કાર્ડ મળી રહે તે માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે ? | (૨) ઉક્ત સ્થિતિએ તમામ લાભાર્થીને આ કાર્ડ મળી રહે તે માટે જિલ્લાના દરેક તાલુકા કક્ષાએ એક (૧) એમ અગીયાર (૧૧) તથા શહેરી કક્ષાએ પાંચ (૫) એમ કુલ-૧૬ કીઓસ્ક ઉભા કરવામાં આવેલ છે અને વધુમાં સમગ્ર રાજ્યમાં સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ કાઢી આપવાની કામગીરી કરવામાં આવેલ છે. |

---------

# ૧૭૯

## સાબરકાંઠા જીલ્લામાં નવા વીજ સબસ્ટેશનો

* ૬૨૩૬ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૫ (પાંચ) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

(૨) તે માટે કુલ રૂ. ૨૦૬૫.૦૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૧૮૦

## લેપ્ટોસ્પાયરોસીસના એડવાન્સ રીસર્ચ સંબંધમાં કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૭૪૭૫ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ લેપ્ટોસ્પાયરોસીસના એડવાન્સ રીસર્ચ માટે કેન્દ્ર સ્થાપવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો ?

**જવાબ**

(૧) એક પણ વખત નહી.

(૨) લાગુ પડતુ નથી.

---------

# ૧૮૧

## રાજીવ ગાંધી ડ્રીંકીંગ વોટર મિશન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૭૫૦૮ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજીવ ગાંધી ડ્રીંકીંગ વોટર મિશન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ?

**જવાબ**

(૧) રાજીવ ગાંધી ડ્રીંકીંગ વોટર મિશન હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ જ રકમ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૮૨

## રાજ્યમાં નવી નર્સીંગ કોલેજ શરૂ કરવા કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૬૧૬૭ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં નવી સરકારી નર્સીંગ કોલેજ શરૂ કરવા છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર તરફથી કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્યમાં કઈ જગ્યાએ નર્સીંગ કોલેજ શરૂ કરવા દરખાસ્ત કરેલ છે, અને

(૩) ઉક્ત દરખાસ્ત અન્વયે કેટલી નવી નર્સીંગ કોલેજો શરૂ કરવાની મંજૂરી કેન્દ્ર સરકાર દ્વારા ક્યારે આપવામાં આવી ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૮૩

## આણંદ જિલ્લામાં વીજ નાણાની વસુલાત માટે લોક અદાલતો

* ૬૨૩૯ **અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણા નીકળતા નાણાની વસુલાત માટે વિવાદ નહિ પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી, | (૧) ૭૫ |
| (૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને | (૨) ૧૧૭૦ |
| (૩) કેટલી વસુલાત કરવામાં આવી ? | (૩) આ કેસોમાં વસુલવાની થતી કુલ રૂ. ૫૮.૧૪ લાખની રકમ પૈકી રૂ. ૩૨.૮૭ લાખ સ્થળ પર વસુલાત કરવામાં આવ્યા અને બાકી રૂ. ૨૫.૨૭ લાખ નિયમાનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે. |

---------

# ૧૮૪

## અમદાવાદમાં કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટનું નવીનીકરણ

* ૬૧૬૪ **શ્રી રાકેશ શાહ** (એલિસબ્રીજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (તબીબી શિક્ષણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ અમદાવાદમાં કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટના નવીવીકરણ/વિસ્તરણની કોઈ યોજના છે, અને | (૧) હા, જી. |
| (૨) આ યોજના માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે ? | (૨) ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટને આંતરરાષ્ટ્રીય કક્ષાનું અત્યાધુનિક કેન્સર સેન્ટર બનાવવા માટે તેના નવીનીકરણ/વિસ્તરણ માટે ભારત સરકાર તરફથી રૂ. ૬૭.૫૦/– કરોડ અને રાજ્ય સરકાર તરફથી રૂ. ૨૨.૫૧/– કરોડ એમ કુલ રૂ. ૯૦.૦૧/– કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |

---------

# ૧૮૫

## પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૨૫૬ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૬૦૯ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૨૩૬૧.૯૩ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૮૬

## ખાનગી વીજ કંપની પાસેથી વીજ ખરીદીના થયેલ કરારો

* ૭૪૯૯ **શ્રી અમરીશભાઈ ડેર** (રાજુલા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. પરંતુ તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માત્ર બિનપરંપરાગત ક્ષેત્રે ખાનગી વીજ કંપની સાથે નવા વીજ ખરીદી કરાર થયેલ છે. |

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારે કરાર મુજબ કઈ ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉપરોક્ત ખાનગી કંપનીઓ પાસેથી કરવામાં આવેલ વીજ ખરીદી અને તેના ભાવની વિગત* **પરિશિષ્ટ–અ** મુજબ છે.

(૩) ઉક્ત સ્થિતિએ વીજળી ખરીદી ન હોય અને કરાર મુજબ કોઈ વીજ કંપનીને રકમ ચૂકવેલ હોઈ તો કઈ કંપનીને કેટલી રકમ ચૂકવેલ છે ?

(૩) તે અન્વયે કોઈપણ ખાનગી વીજ કંપની પાસેથી વીજળી ખરીદી ન હોય અને નાણા ચુકવવામાં આવેલ હોય તેવું બન્યું નથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

# ૧૮૭

### ભાવનગરની સર. ટી. હોસ્પિટલમાં કાર્યરત કેન્સર યુનીટ

* ૩૮૪૫ **શ્રી પ્રવીણભાઈ મારું** (ગઢડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં કેન્સર યુનીટ ક્યારથી કાર્યરત છે,

(૨) જો ઉક્ત યુનિટ કાર્યરત ન હોય તો તેના કારણો શાં, અને

(૩) ક્યાં સુધીમાં ઉક્ત યુનિટ કાર્યરત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) કેન્સર યુનિટને કાર્યરત કરવાની કાર્યવાહી હાલમાં પ્રગતિમાં છે.

(૨) નવી કેન્સર હોસ્પિટલ માટે નવા બિલ્ડીંગમાં ફાયર સીસ્ટમ તેમજ જરૂરી અન્ય કામગીરી પૂર્ણ કરી કબજો સોંપવામાં આવનાર છે.

(૩) બનતી ત્વરાએ.

---------

# ૧૮૮

### મોરબી જીલ્લામાં નવા વીજ સબસ્ટેશનો

* ૬૨૩૧ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટ પૂર્વ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મોરબી જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મોરબી જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૧૬ (સોળ) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

(૨) તે માટે કુલ રૂ. ૧૧૪૮૪.૮૪ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૧૮૯

### તાપી જિલ્લામાં દિકરી યોજનાના લાભાર્થીઓ

* ૬૧૮૬ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ તાપી જિલ્લામાં દીકરી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને લાભ મળેલ છે,

(૨) તે અન્વયે તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલો છે, અને

(૩) આ યોજના માટે ભારત સરકારશ્રી તરફથી રાજ્ય સરકારને કોઈ ફંડ ફાળવવામાં આવે છે કે કેમ ?

**જવાબ**

(૧) ૨૦૨ લાભાર્થીઓને લાભ મળેલ છે.

(૨)

| વર્ષ | કરવામાં આવેલ ખર્ચ |
|---|---|
| ૨૦૧૬ | રૂ. ૬,૫૭,૦૦૦/- |
| ૨૦૧૭ | રૂ. ૪,૨૨,૦૦૦/– |
| **કુલ** | **રૂ. ૧૦,૭૯,૦૦૦/–** |

(૩) ના, જી

---------

# ૧૯૦

## અમદાવાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૨૪૫ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૩૨૦૮ |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૬૦૧૭.૨૫ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૯૧

## બનાસકાંઠા જિલ્લામાં મંજૂર કરેલ નવા પેટા આરોગ્ય કેન્દ્રો

* ૬૧૩૧ **શ્રી કિર્તિસિંહ વાઘેલ**(કાંકરેજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જીલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પેટા આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે,

(૧) કુલ–૧૪(ચૌદ)

(૨) વર્ષ ૨૦૧૧ની વસ્તી પ્રમાણે કેટલા પેટા આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર છે તેની સામે કેટલા મંજુર કરવામાં આવ્યા, અને કેટલી ઘટ છે, અને

(૨)

| | |
|---|---|
| મળવાપાત્ર પેટા આરોગ્ય કેન્દ્રો | ૭૮૫ |
| મંજૂર કરવામાં આવેલ પેટા આરોગ્ય કેન્દ્રો | ૭૫૯ |
| ઘટ | ૨૬ |

(૩) ઉક્ત ઘટ પુરી કરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૩) સર્વગ્રાહી વિચારણા કરી નિર્ણય લેવામાં આવશે.

---------

# ૧૯૨

## સુરેન્દ્રનગર જિલ્લામાં વીજ નાણાની વસુલાત માટે લોક અદાલતો

* ૬૦૮૬ **ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણા નીકળતા નાણાની વસુલાત માટે વિવાદ નહિ પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી, | (૧) ૨૦૭ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને | (૨) ૩૮૩૫ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી વસુલાત કરવામાં આવી ? | (૩) આ કેસોમાં વસુલવાની થતી કુલ રૂ.૨૮૩.૫૮ લાખની રકમ પૈકી રૂ.૧૩૯.૪૪ લાખ સ્થળ પર વસુલાત કરવામાં આવ્યા અને બાકી રૂ.૧૪૪.૧૪ લાખ નિયમાનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે. |

---------

# ૧૯૩

## અરવલ્લી જિલ્લાના ખેડુતોને સિંચાઈનું પાણી આપવા બાબત

* ૪૧૨૧ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના મોડાસા અને ધનસુરા તાલુકામાં ડાબા કાંઠાની નવી માઝુમ કેનાલથી ખેડુતોને સિંચાઈનું પાણી આપવાની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) ડાબા કાંઠાની નવી કેનાલની કોઈ માંગણી કે આયોજન નથી. હયાત નહેર માળખાથી બે તાલુકાના ૧૭ ગામોના ૪૭૧૭ હેક્ટર વિસ્તારને સિંચાઈ હેઠળ આવરી લેવાયેલ છે. |
| (૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૧૯૪

## સાબરકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજ જોડાણ

* ૬૨૫૦ **શ્રી હિતુ નરેશ કનોડીયા** (ઈડર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૪૬૬૬ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૭૨૫૨.૧૮ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૯૫

## રાજ્યમાં કેન્દ્રના ધોરણે સાતમા પગાર પંચનું એરીયર્સ ચુકવવા બાબત

* ૪૧૭૮ **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારે કેન્દ્રનાં ધોરણે સાતમુ પગાર પંચ અમલમાં મુકી તેના લાભો કર્મચારીઓ અને પેન્શનરોને આપ્યા બાદ તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા૩૧/૦૮/૨૦૧૭ સુધીનાં એરીયર્સની રકમ ચુકવવાના કોઈ હુકમો કર્યા નથી તે હકીકત સાચી છે, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો ઉક્ત એરીયર્સની રકમ કેટલા સમયમાં ચુકવવાનું સરકારનું આયોજન છે ? | (૨) માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી(નાણા) દ્વારા તા.૦૧/૦૩/૨૦૧૮ના રોજ વિધાનસભા સત્ર દરમ્યાન વિધાનસભા નિયમોના નિયમ–૪૪ હેઠળ નિવેદન કરી કર્મચારીઓને ચુકવવાપાત્ર તા.૦૧/૦૧/૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૬ સુધીની પગાર તફાવતની રકમ તથા પેન્શનરોને ચુકવવાપાત્ર તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૦/૦૯/૨૦૧૬ સુધીની પેન્શન તફાવતની રકમ ત્રણ હપ્તામાં એટલે કે માર્ચ , મે અને જુલાઈ માસમાં ચુકવવા અંગેના સરકારના નિર્ણયની જાહેરાત કરવામાં આવેલ છે. |

---------

# ૧૯૬

## રાજ્ય સરકારે ખાનગી એકમો પાસેથી ખરીદેલ વીજળી બાબત

* ૩૫૮૬ **શ્રી શૈલેષ પરમાર**(દાણીલીમડા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં ખાનગી એકમો પાસેથી કેટલી અને શું ભાવે વીજળી ખરીદી,

(૨) ખાનગી એકમો પાસેથી ખરીદેલ વીજળીના કારણે સરકારને વર્ષવાર કુલ કેટલો ખર્ચ થયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ ખાનગી ઉક્ત એકમો પાસેથી ખરીદેલ વીજળી ક્યા સેક્ટરને ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧.૧૨.૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭માં જી.યુ.વી.એન.એલ. દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી લાંબાગાળાના કરાર અંતર્ગત ખરીદવામાં આવેલ વીજળીની વિગત નીચે મુજબ છે.

| વર્ષ ૨૦૧૫–૧૬ | | વર્ષ ૨૦૧૬–૧૭ | |
|---|---|---|---|
| મિલિયન યુનિટસ | સરેરાશ રૂ. પ્રતિ યુનિટ | મિલિયન યુનિટસ | સરેરાશ રૂ. પ્રતિ યુનિટ |
| ૩૨૫૭૫ | ૨.૮૮ | ૩૧૭૬૬ | ૨.૮૩ |

(૨) ખાનગી એકમો પાસેથી ઉપરોક્ત વીજળી ખરીદી પૈકી નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન રૂ. ૯૩૭૬ કરોડ અને વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન રૂ. ૮૯૮૪ કરોડનો ખર્ચ થયેલ છે.

(૩) ઉલ્લેખનીય છે કે ખાનગી એકમો સહિત તમામ સ્ત્રોતમાંથી મેળવવામાં આવતી વીજળી ગ્રીડમાં સપ્લાય થાય છે અને પુલમાં એકત્રિત થયા બાદ પરિવહન માળખાથી ગ્રાહકો સુધી પહોચાડવામાં આવે છે. આમ, વિવિધ સ્ત્રોતથી મેળવાયેલ વીજળી કોઈ ચોક્કસ સેક્ટરને ફાળવવામાં આવતી નથી અને વિવિધ સ્ત્રોતમાં ઉપલબ્ધ થયેલ વીજળીથી તમામ પ્રકારના વીજ ગ્રાહકોની વીજ માંગ પૂર્ણ કરવામાં આવે છે.

---------

# ૧૯૭

## વલસાડ જિલ્લામાં ઉજાલા યોજના

* ૬૨૬૬ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલ.ઈ.ડી. બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ વલસાડ જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૬,૪૯,૮૧૭ એલ.ઈ.ડી. બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલ.ઈ.ડી. બલ્બ વપરાશથી વાર્ષિક અંદાજીત ૧૨.૨૮ કરોડ યુનીટની વીજ બચત થશે.

(૩) એલ.ઈ.ડી. બલ્બના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂા. ૫૫.૨૬ કરોડની બચત થશે.

---------

# ૧૯૮

## ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને મફત વીજ જોડાણની યોજના

* ૩૮૪૧ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સરકારે રાજીવ ગાંધી ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ આપવાનું બંધ કરેલ છે, તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) રાજીવ ગાંધી ઝુંપડપટ્ટી યોજના નામની કોઈ યોજના ન હતી, પરંતુ રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના અમલમાં હતી, જે અંતર્ગત ગરીબોને ઘર વપરાશના વીજ જોડાણ આપવામાં આવતા હતા. જે યોજના વર્ષ ૨૦૧૩–૧૪ માં પુર્ણ થયેલ છે.

(૨) જો હા, તો ફરીથી આ યોજના હેઠળ ગરીબોને વીજ જોડાણ આપવા સરકારનું શું આયોજન છે ?

(૨) રાજ્યના ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો રાજ્ય સરકાર પુરસ્કૃત "ઝૂંપડા વીજળીકરણ યોજના" અને ''કુટિર જ્યોતિ યોજના''હેઠળ આપવામાં આવી રહેલ છે.

---------

# ૧૯૯

## પોરબંદર જિલ્લામાં ઉજાલા યોજના હેઠળ એલઈડીનું વિતરણ

* ૬૬૨૫ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ પોરબંદર જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં કેટલા એલઈડી ટ્યુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ પોરબંદર જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૩૫,૯૦૫ એલઈડી ટ્યુબલાઈટ અને ૧૮,૫૧૦ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૧૮.૩૪ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજીત ૧૩.૨૪ લાખ યુનિટની બચત થશે.

(૩) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૮૨.૫૮ લાખની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને અંદાજીત રૂા. ૫૯.૬૦ લાખની બચત થશે.

---------

# ૨૦૦

## અરવલ્લી જિલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૨૨૭ **શ્રીમતી મનિષા વકીલ** (વડોદરા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું ,અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૨૮૮

(૨) રૂ. ૪૨૭.૯૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૦૧

## વલસાડ અને ડાંગ જિલ્લામાં પીવાના પણીની સુવિધા

* ૭૫૩૨ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય પાણીપુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ વલસાડ અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ વલસાડ જીલ્લામાં ૧૭૩.૬૩ એમ.એલ.ડી. જ્યારે ડાંગ જીલ્લામાં ૧૮.૭૯ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) જીલ્લાવાર મુખ્ય ડેમની વિગત નીચે મુજબ છે.

| **અનું** | **જિલ્લો** | **ડેમનું નામ** | **ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.)** |
|---|---|---|---|
| ૧ | વલસાડ | મધુબન ડેમ (દમણગંગા) | ૪૨૩.૩૭ |
| ૨ | ડાંગ | – | – |

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યુ છે ?

(૩) વલસાડ અને ડાંગ જીલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા.
- વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

---------

# ૨૦૨

## તાપી અને નવસારી જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૫૨૯ **શ્રી સુનિલભાઈ ગામિત** (નિઝર) : **માનનીય પાણીપુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ તાપી અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યુ છે ?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ તાપી જીલ્લામાં ૬૭.૦૪ એમ.એલ.ડી. જ્યારે નવસારી જીલ્લામાં ૧૩૧.૬૬ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) જીલ્લાવાર મુખ્ય ડેમની વિગત નીચે મુજબ છે.

| અનું | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | તાપી | ઉકાઈ ડેમ | ૩૨૦૩.૦૯ |
| ૨ | તાપી | ડોસાવાડા | ૩.૧૪ |
| ૩ | નવસારી | કેલીયા ડેમ | ૧૫.૩૦ |
| ૪ | નવસારી | જુજ ડેમ | ૨૩.૦૪ |

(૩) તાપી અને નવસારી જીલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા.
- વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

---------

# ૨૦૩

**રાજકોટ જિલ્લામાં નાની સિંચાઈ યોજનાના કામો**

* ૭૨૩૦ **શ્રી કુંવરજીભાઈ બાવળીયા** (જસદણ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નાની સિંચાઈના જાળવણી અને મરામતના કેટલા કામોની દરખાસ્ત સરકારમાં આવેલ,

(૨) તે પૈકી કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) મંજુર થયેલ કામ કયાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| વર્ષ | દરખાસ્ત કરેલ કામો |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૧૯ |
| ૨૦૧૭–૧૮ થી (જાન્યુઆરી–૧૮ સુધી) | ૨૯ |
| **કુલ કામોઃ** | **૪૮** |

(૨) તે પૈકી ૨૯–કામો મંજુર કરવામાં આવ્યા.

(૩) ૫–કામો રૂ.૮૪.૮૭ લાખના ખર્ચે પૂર્ણ થયેલ છે તેમજ ૨૪–કામો રૂ.૨૪૮.૫૪ લાખના અંદાજિત ખર્ચે તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

# ૨૦૪

**અરવલ્લી જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો**

* ૬૨૨૬ **શ્રી પ્રદીપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ઘરવપરાશના લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૬૦૫

(૨) રૂ. ૫૫.૪૮ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૦૫

**રાજ્યની જિલ્લા તિજોરી કચેરીઓને કોમ્પ્યુટરાઈઝેશન કરવાની કામગીરી**

* ૬૧૬૨ **શ્રીમતી સીમાબેન મોહિલે** (અકોટા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યની કેટલી જિલ્લા તિજોરી કચેરીઓ ખાતે કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી કોમ્પ્યુટરાઈઝેશન કરવાના બાકી છે, અને

(૩) બાકી રહેલ કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) રાજ્યમાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ તમામ જિલ્લા તિજોરી કચેરીઓ ખાતે કોમ્પ્યુટરાઈઝેશન થઈ ગયેલ છે. જે અંતર્ગત ૩૩ જિલ્લા તિજોરી કચેરીઓ, ૧૩૮ પેટા તિજોરી કચેરીઓ, ૨ પગાર અને હિસાબ કચેરીઓ, ૫ પેન્શન ચૂકવણાં કચેરીઓ તથા ૧ વિભાગીય તિજોરી કચેરી અમદવાદનો સમાવેશ થાય છે.

(૨) એક પણ નહિ.

(૩) લાગુ પડતુ નથી.

---------

# ૨૦૬

## જામનગરની જી.જી. હોસ્પીટલમાં આઇ.સી.યુ. ઓન વ્હીલ સુવિધા

* ૪૩૭૯ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જામનગર ખાતેની જી.જી. હોસ્પીટલમાં આઇસીયુ ઓન વ્હીલ ઉપલબ્ધ છે અને તે સ્ટાફ ના હોવાના કારણે બંધ છે તે હકીકત સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો કેટલા સમયથી બંધ છે, અને

(૩) કેટલા સમયમાં આઇસીયુ ઓન વ્હીલ ચાલુ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જામનગર ખાતેની જી.જી. હોસ્પીટલમાં આઇસીયુ ઓન વ્હીલનો સ્ટાફ ઉપલબ્ધ છે અને તે ચાલુ સ્થિતિમાં છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૦૭

## માણાવદર, વંથલી અને મેદરડા તાલુકાના સરકારી દવાખાનામાં દર્દીઓને લખી આપવામાં આવતી દવાઓ

* ૬૬૪૦ **શ્રી જવાહરભાઈ ચાવડા** (માણાવદર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં માણાવદર, વંથલી અને મેદરડા તાલુકાની જનરલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓને છેલ્લા બે વર્ષથી બહારથી દવાઓ લખી આપવામાં આવે છે, તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇમરજન્સી અને ગંભીર પ્રકારની બિમારીમાં કેટલા દર્દીઓને રોગી કલ્યાણ સમિતિ ફંડમાંથી ઉક્ત વર્ષવાર કેટલી રકમની દવાઓ ખરીદ કરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ગરીબ દર્દીઓને ઉક્ત હોસ્પિટલમાંથી જ દવા પુરી પાડવા શી વ્યવસ્થી કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં માણાવદર, વંથલી અને મેદરડા તાલુકાઓમા જનરલ હોસ્પિટલ આવેલ નથી.

ઉક્ત ત્રણેય તાલુકમાં કુલ–૩(ત્રણ)સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા ૧૦(દસ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે, જેમાં દર્દીઓને બહારથી દવાઓ લખી આપવામાં આવતી નથી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ ગરીબ દર્દીઓને દવા પુરી પાડવા માટે નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

- ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડ, ગાંધીનગર દ્વારા સામુહિક આરોગ્ય કેન્દ્રો માટે અધિક્ષક દ્વારા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી મારફતે વાર્ષિક જરૂરિયાત મુજબની દવાઓનું ઓનલાઈન માંગણાપત્રક મંગાવવામાં આવે છે.
- સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે વિભાગીય પેટા ડેપો મારફતે અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી મારફતે માંગણી મુજબની દવાઓ તબક્કાવાર વિતરણ કરવામાં આવે છે,

સરકારી દવાખાનામાં આવતા તમામ દર્દીઓને નિઃશુલ્ક દવાઓ આપવામાં આવે છે.

---------

# ૨૦૮

## ખાનગી વીજ કંપની પાસેથી વીજ ખરીદીના થયેલ કરારો

* ૭૪૮૬ **શ્રી ભીખાભાઈ જોશી** (જુનાગઢ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો થયેલ છે તે હકીકત સાચી છે. | (૧) હા,જી. પુરંતુ તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માત્ર બિનપરંપરાગત ક્ષેત્રે ખાનગી વીજ કંપની સાથે નવા વીજ ખરીદી કરાર થયેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકારે કરાર મુજબ કઈ ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી અને, | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉપરોક્ત ખાનગી કંપનીઓ પાસેથી કરવામાં આવેલ વીજ ખરીદી અને તેના ભાવની વિગત પરિશિષ્ઠ–અ મુજબ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ વીજળી ખરીદી ન હોય અને કરાર મુજબ કોઈ વીજ કંપનીને રકમ ચૂકવેલ હોય તો કઈ કંપનીને કેટલી રકમ ચૂકવેલ છે? | (૩) તે અન્વયે કોઈ પણ ખાનગી વીજ કંપની પાસેથી વીજળી ખરીદી ન હોય અને નાણાં ચુકવવામાં આવેલ હોય તેવું બન્યું નથી. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

# ૨૦૯

## જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણ

* ૬૨૨૮ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા ઘરવપરાશના લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૫૬૮ |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૨૧.૭૮ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૨૧૦

## ગુજરાતમાં નવી ટ્રેનો શરૂ કરવા તેમજ ટ્રેનોનો રૂટ બનાવવા કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૭૫૧૪ **શ્રી વલ્લભભાઈ ધારવીયા** (જામનગર ગ્રામ્ય) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગુજરાતમાં નવી ટ્રેનો શરૂ કરવા તથા ટ્રેનોનો રૂટ લંબાવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) ત્રણ વખત |
| (૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો ? | (૨) રાજ્ય સરકારને રેલ્વે બાબતે મળતી સ્થાનિક માંગણીઓ અને જરૂરીયાતના આધારે કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા તેના પ્રતિભાવ સ્વરૂપે નાણાકીય ઉપલબ્ધતા અને ટ્રાફીકની જરૂરીયાતના ધારાધોરણો અનુસાર કાર્યવાહી કરવામાં આવે છે અને તે મુજબ રેલવે વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં ગુજરાત રાજ્યમાં કુલ ૧૬ નવી ટ્રેનો શરૂ કરવામાં આવેલ છે અને ૪ ટ્રેનોના રૂટ લંબાવવામાં આવેલ છે. |

---------

# ૨૧૧

## ભિલોડા અને મેઘરજ તાલુકામાં વનબંધુ યોજના અંતર્ગત પાણી આપવાની યોજના

* ૬૨૭૧ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં વનબંધુ યોજના હેઠળ દરેક આદિવાસીના ઘર સુધી નળથી પાણી આપવાની યોજનામાં ઉક્ત સ્થિતિએ કેટલા ગામોની કામગીરી પુર્ણ કરવામાં આવી,

(૨) કેટલા ટકા કામગીરી બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિ સુધીમાં આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ભિલોડા તાલુકામાં ૪૪ ગામોમાં ૫૪ યોજનાઓમાં તથા મેઘરજ તાલુકામાં ૩૪ ગામોમાં ૬૯ યોજનાઓમાં ઘર સુધી નળથી પાણી આપવાની યોજનાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

(૨) અરવલ્લી જિલ્લામાં ભિલોડા તાલુકામાં કુલ ૭૮.૪૩ ટકા ઘર સુધી પાણી આપવામાં આવેલ છે. જ્યારે ૨૧.૫૭ ટકા કામગીરી બાકી છે અને મેઘરજ તાલુકામાં કુલ ૬૪.૩૩ ટકા ઘર સુધી પાણી આપવામાં આવેલ છે. જ્યારે ૩૫.૬૭ ટકા કામગીરી બાકી છે.

(૩) રૂ. ૧૨૯૧.૬૯ લાખ

---------

# ૨૧૨

## માલપુર અને બાયડ તાલુકાના પેટા પરાને એપ્રોચ રોડની સુવિધા

* ૪૯૩૩ **શ્રી ધવલસિંહ ઝાલા** (બાયડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના માલપુર અને બાયડ તાલુકાના ૫૦૦ થી ૨૫૦૦ સુધીની વસ્તી ધરાવતા કેટલા પેટા પરાને એપ્રોચ રોડની સુવિધા આપવામાં આવેલ છે અને કેટલા પેટા પરા સુવિધાથી વંચિત છે, અને

(૨) આવા પેટા પરાને ક્યાં સુધીમાં સુવિધા પૂરી પાડવામાં આવશે ?

**જવાબ**

(૧)

| તાલુકો | પેટાપરાની સંખ્યા | |
|---|---|---|
| | એપ્રોચ રોડની સુવિધા | એપ્રોચ રોડની સુવિધાથી વંચિત |
| માલપુર | ૧ | ૦ |
| બાયડ | ૨૭ | ૦ |

(૨) તમામ પેટાપરાઓ પાકા રસ્તાથી જોડાયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૧૩

## પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં ના લેણા પ્રમાણપત્રની પડતર અરજી

* ૬૧૫૯ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ મકાન/વાહન પેશગી અન્વયે ના લેણાં પ્રમાણપત્રની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) આ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧) (અ) મકાન પેશગી – ૫૨ (બાવન)
(બ) વાહન પેશગી – ૦૪ (ચાર)

(૨) હાલમાં તે પૈકીની કોઇ પણ અરજી પડતર નથી.

---------

# ૨૧૪

## અમરેલી જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૭૧૮૯ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર ગરીબી રેખા નીચે જીવતા ઝૂંપડાવાસીઓને ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને કેટલા આપવાના બાકી છે, અને

(૨) બાકી વીજ જોડાણો કેટલા સમયમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) :અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર આપવામાં આવેલ વીજ જોડાણોની વિગતો નીચે મુજબ છે.

| તાલુકા | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|
| અમરેલી | ૧૬૨ |
| બાબરા | ૨૧૩ |
| બગસરા | ૨૩ |
| ધરી | ૩૨૨ |
| જાફરાબાદ | ૩૩૨ |
| ખાંભા | ૩૬ |
| કુકવાવ વાડિયા | ૪૨ |
| લાઠી | ૪૨ |
| લીલીયા | ૮૨ |
| રાજુલા | ૧૨૯૫ |
| સાવરકુંડલા | ૩૦૬ |
| **કુલ** | **૨૮૪૨** |

વીજ જોડાણ માટે એક પણ અરજી પડતર ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૧૫

## અમરેલી જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

* ૬૨૧૩ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૭૦

(૨) રૂ. ૮૯૫.૩૮ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૧૬

## બનાસકાંઠા જિલ્લામાં મંજૂર કરેલ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૬૧૩૯ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) ૨૭ (સત્યાવીસ)

(૨) વર્ષ ૨૦૧૧ની વસ્તી પ્રમાણે કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર છે તેની સામે કેટલા મંજુર કરવામાં આવ્યા છે અને કેટલી ઘટ છે, અને

(૨) મળવાપાત્ર – ૧૨૧
મંજુર – ૧૨૧
ઘટ – ૦૦

(૩) ઉક્ત ઘટ પુરી કરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૧૭

## ગાંધીનગર જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

* ૬૨૦૭ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર–દક્ષિણ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને | (૧) ૨૪ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૩૩૩.૯૫ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૨૧૮

## આણંદ જિલ્લામાં પાદરા આરોગ્ય કેન્દ્રને મોડર્ન બનાવવાની કામગીરી

* ૩૮૪૩ **શ્રી જશપાલસિંહ ઠાકોર** (પાદરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લાના પાદરા ખાતે આવેલ આરોગ્ય કેન્દ્રને મોડર્ન બનાવવા કે આધુનિક સુવિધા ઉપલબ્ધ કરાવવા કોઈ મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત કામ માટે વર્ક ઓર્ડર ક્યારે કઈ એજન્સીને આપવામાં આવેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પાદરા આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા બે વર્ષમાં શી કામગીરી કરવામાં આવી, કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત આરોગ્ય કેન્દ્રનું કામ કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૨૧૯

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વર્ગ–૧ની ખાલી જગ્યાઓ

* ૭૫૨૩ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં બ્લડ બેંક વિભાગમાં વર્ગ–૧ની કુલ કેટલી જગ્યાઓ છે, | (૧) તારીખ ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બ્લડ બેંક વિભાગમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ સંલગ્ન બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે આઈ.એચ.બી.ટી. સંવર્ગની વર્ગ–૧ની નીચે મુજબ કુલ–૦૫(પાંચ) જગ્યાઓ મંજૂર થયેલ છે. |

| ક્રમ | સંવર્ગ | મંજુર |
|---|---|---|
| ૧ | પ્રાધ્યાપક | ૧ |
| ૨ | સહપ્રાધ્યાપક | ૨ |
| ૩ | મદદનીશ પ્રાધ્યાપક | ૨ |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ, કેટલા સમયથી એડહોક નિમણૂંકથી ભરાયેલ છે, અને

(૨) પ્રાધ્યાપક સંવર્ગ વર્ગ–૧ની ૧ જગ્યા અને સહપ્રાધ્યાપક વર્ગ–૧ સંવર્ગની ૧ જગ્યા તા. ૨૦–૦૯–૨૦૧૦થી એડહોક નિમણુકથી ભરાયેલ છે.

(૩) આવી જગ્યાઓ કાયમી ભરવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવી ?

(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખ–૨૦–૦૩–૨૦૦૨ના જાહેરનામાથી તબીબી શિક્ષકોના ભરતી નિયમો બહાર પાડેલ છે. તે મુજબ તબીબી શિક્ષકોની ભરતી માટે ગુજરાત જાહેર સેવા આયોગને માગણીપત્રક મોકલતા તબીબી શિક્ષકોના ભરતી નિયમોમાં ડી.એન.બી.ની લાયકાત ઉમેરવા સૂચવતા તેમજ એમ.સી.આઈ. દ્વારા મીનીમમ ક્વાલીફીકેશન ફોર મેડીકલ ટીચર્સ એમેન્ડમેન્ટ તારીખ–૮–૬–૨૦૧૭થી બહાર પાડવામાં આવેલ છે તે સુધારાને ધ્યાનમાં લઈને નવા ભરતી નિયમો તૈયાર કરીને મોકલી આપવા ગુજરાત જાહેર સેવા આયોગે જણાવેલ. આયોગે સૂચવ્યા મુજબ સુધારા સામેલ કરીને નવા ભરતી નિયમો તૈયાર કરવાની કાર્યવાહી ચાલુ છે.

---------

# ૨૨૦

## વડોદરા અને દાહોદ જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૭૫૫૪ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ વડોદરા અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રા.આ. કેન્દ્રો | સા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | વડોદરા | ૪૨ | ૧૦ |
| ૨ | દાહોદ | ૯૭ | ૨૧ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના છે, અને

(૨) એક પણ નહિ.

ઉક્ત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની "ક્વોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ" મુજબના છે.

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

(૩) લાગુ પડતું નથી.

---------

# ૨૨૧

## મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૭૪૫૧ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | પ્રા.આ. કેન્દ્રો | સા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | મહિસાગર | ૩૫ | ૮ |
| ૨ | પંચમહાલ | ૫૦ | ૧૩ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ન્ડ મુજબના છે, અને

(૨) એકપણ નહિં. ઉકત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની ‘‘કવોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ’’ મુજબના છે.

(૩) ઉકત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ન્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

(૩) લાગુ પડતું નથી.

---------

# ૨૨૨

## રાજ્ય સરકારે વીજળીનું કરેલ વેચાણ બાબત

* ૭૫૦૨ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ક્યા રાજ્યને યુનિટ દીઠ શા ભાવે કેટલી વીજળી વેચી, અને

**જવાબ**

(૧) ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જી.યુ.વી.એન.એલ. દ્વારા અન્ય રાજ્યને વેચવામાં આવેલ વીજળીની માહિતી નીચે મુજબ છે.

| | **વર્ષ ૨૦૧૬** | | **વર્ષ ૨૦૧૭** | |
|---|---|---|---|---|
| **રાજ્ય** | **છતીસગઢ** | **ઉત્તરપ્રદેશ** | **–** | **–** |
| મિલિયન યુનિટસ | ૨૫.૯૬ | ૪.૪૪ | – | – |
| રૂ./યુનિટ | ૨.૩૫ | ૨.૬૦ | – | – |

આ ઉપરાંત વર્ષ ૨૦૧૬માં ૮.૦૧ મિલિયન યુનિટસ વીજળી રૂ.૩.૧૦ પ્રતિ યુનિટના દરે અને વર્ષ ૨૦૧૭ દરમ્યાન ૬૩૫ મિલિયન યુનિટસ વીજળી રૂ.૩.૦૨ પ્રતિ યુનિટના દરે પાવર એક્ષ્ચેન્જ થકી વેચવામાં આવેલ છે. પાવર એક્ષ્ચેન્જ થકી વેચવામાં આવતી વીજળીના અનેક ખરીદદાર હોય છે જેવા કે અન્ય રાજ્યની વીજ કંપનીઓ, ઓપન એક્ષેસ ગ્રાહકો વિગેરે આથી તે વીજળી ક્યા રાજ્યએ ખરીદ કરી તેની વિગતો સ્પષ્ટ થઈ શકે નહિં.

(૨) રાજ્ય બહાર વીજળી વેચવાના કારણો શા છે ?

(૨) ઉત્પાદિત વીજળીનો સંગ્રહ કરવો શક્ય નથી. આ કારણોસર શિયાળો/વર્ષાઋતુ વખતે રાજ્યના તમામ ગ્રાહકોની વીજ માંગ ઓછી હોય ત્યારે વીજ મથકોનો મહત્તમ ઉપયોગ કરી વીજળી પૂરી પાડવાનો ખર્ચ ઘટાડવાના હેતુથી રાજ્યની વીજ માંગને કોઈપણ પ્રકારની અસર કર્યા સિવાય વીજળી વેચવામાં આવેલ છે.

---------

# ૨૨૩

## વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કુવાઓનું વીજળીકરણ

* ૬૨૫૪ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) ૨૬૩૯

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ.૫૦૦૧.૬૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૨૪

## રાજ્યમાં પેન્શન મેળવતા પેન્શનરો

* ૬૧૫૮ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા પેન્શનરો પેન્શન મેળવે છે, | (૧) ૪,૩૪,૫૬૧ |
| (૨) ઉકત સ્થિતિએ પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરીમાં કેટલા પેન્શનના કેસો પડતર છે, અને | (૨) ૬૮૦ |
| (૩) આ પડતર કેસોનો ક્યારે નિકાલ થશે ? | (૩) હાલમાં તે પૈકી કોઈ કેસ પડતર નથી. |

---------

# ૨૨૫

## સુખી સિંચાઈ યોજનાની સીલ્ટીંગ, કેનાલો, સાઈફૂન તથા કૂવા રીપેરીંગના કામો

* ૩૮૮૭ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ સુખી સિંચાઈ યોજનાની સીલ્ટીંગ, કેનાલો–સાઈફૂન–કૂવા રીપેરીંગ કરવા માટેની છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧૨ (બાર) અરજીઓ. |
| (૨) જમણા કાંઠા અને ડાબા કાંઠાની ક્યાંથી ક્યાં સુધીની કેનાલો રીપેરીંગ કરવા–સીલ્ટીંગ માટી કાઢવા સાઈફૂન, કૂવા રીપેરીંગ માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ થયો ? | (૨) છેલ્લા બે વર્ષમાં જમણા કાંઠાની ૭.૮ કિ.મી. લંબાઈમાં અને ડાબા કાંઠાની ૬.૩ કિ.મી. લંબાઈમાં તા.૧–૨–૨૦૧૬ થી તા.૩૧–૧–૨૦૧૭ સુધીમાં રૂ.૩૩.૨૫ લાખનો તથા તા.૧–૨–૨૦૧૭ થી તા.૩૧–૧–૨૦૧૮ સુધીમાં રૂ.૯૨.૩૫ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૨૨૬

## બનાસકાંઠા જિલ્લામાં કેનાલોના રીપેરીંગની કામગીરી

* ૪૯૨૪ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેનાલોના રીપેરીંગ હેતુ સિંચાઈનું પાણી બંધ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના. |
| (૨) જો હા, તો કઈ કેનાલોનું કેટલા ખર્ચે ક્યાં સુધીમાં રીપેરીંગ કરવાનું આયોજન છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) છેલ્લા બે વર્ષમાં કઈ કેનાલોના રીપેરીંગ માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) |

**ખર્ચ રૂ.લાખમાં.**

| વર્ષ | દાંતીવાડા જળાશય યોજના | સીપ જળાશય યોજના | મુકતેશ્વર જળાશય યોજના | સુજલામ સુફલામ કેનાલ | સરદાર સરોવર યોજનાની નેહેરો |
|---|---|---|---|---|---|
| ૧૬–૧૭ | ૫૫૬.૫૮ | ૧૨૦ | ૯૫ | ૪૩૩.૮૩ | ૧૪૩૦ |
| ૧૭–૧૮ | ૧૦૦ | ૯૮ | ૮૦ | ૭૮.૦૫ | ૪૯૫૯ |
| **કુલ** | **૬૫૬.૫૮** | **૨૧૮** | **૧૭૫** | **૫૧૧.૯૩** | **૬૩૮૯** |

---------

# ૨૨૭

## વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કુવાઓનું વીજળીકરણ

* ૬૨૫૩ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૬૩૯ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૫૦૦૧.૬૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૨૨૮

## નવસારી જિલ્લામાં ઉજાલા યોજના

* ૬૨૬૯ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઈડી ટયુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૫,૭૧૬ એલઈડી ટયુબલાઈટ તથા ૮,૧૦૨ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને | (૨) એલઈડી ટયુબલાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૮.૦૩ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજીત ૫.૭૯ લાખ યુનિટસની બચત થશે. |
| (૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ? | (૩) એલઈડી ટયુબલાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂ.૩૬.૧૪ લાખની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને અંદાજિત રૂ.૨૬.૦૮ લાખની બચત થશે. |

---------

# ૨૨૯

## સુરત જિલ્લાના માંડવી–શેરૂલ્લા રોડ પહોળો કરવાની કામગીરી

* ૬૧૭૫ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી શેરૂલ્લા રોડ પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧), (૨) અને (૩) ટ્રાફિકનું ભારણ જોતાં હાલમાં આ રસ્તાને પહોળો કરવાની કોઈ જરૂરીયાત નથી. પરંતુ આ રસ્તાની જરૂરીયાત વાળી ૧૧.૫ કિ.મી. લંબાઈમાં મજબુતીકરણની કામગીરી માટે રૂ.૨૦૦૦.૦૦ લાખની મંજુરી આપવામાં આવેલ છે. જેની કામગીરી નકશા અંદાજ તબક્કે છે. |
| (૨) જો હા,તો ઉકત સ્થિતિએ આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને | |
| (૩) સદર કામગીરી તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | |

---------

# ૨૩૦

## ઠાસરા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ

* ૪૧૧૬ **શ્રી કાન્તીભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઠાસરા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉક્ટર તથા અન્ય સ્ટાફની ભરતી પૂર્ણ છે કે કેમ, અને

(૨) જો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફની ભરતી પૂર્ણ ન હોઈ તો ડૉક્ટર તથા નર્સની ભરતી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) ડૉક્ટરોની ૩ (ત્રણ) જગ્યા ખાલી છે, જે યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યા ભરવાનું સરકારનું આયોજન છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની પેટર્નમાં નર્સની જગ્યા મંજુર થયેલ નથી.

---------

# ૨૩૧

## નેશનલ મિશન ઓન આયુષ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૭૪૬૦ **ડૉ. આશા પટેલ** (ઊંઝા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નેશનલ મિશન ઓન આયુષ યોજના અન્વયે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (રૂ. લાખમાં)

| | |
|---|---|
| તા. ૦૧/૦૧/૨૦૧૬ થી ૩૧/૧૨/૨૦૧૬ | ૧૪૪૦.૬૮૪ |
| તા. ૦૧/૦૧/૨૦૧૭ થી ૩૧/૧૨/૨૦૧૭ | ૧૨૪૨.૯૧૭ |

---------

# ૨૩૨

## ભાવનગર જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૬૨૦૪ **શ્રી મોહનભાઈ ઢોડીયા** (મહુવા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૫૯૨.૩૪ કીમી જર્જરીત વીજ વાયરો અને ૯૦૮ વીજ થાંભલા બદલવામાં આવેલ છે.

(૨) રૂ. ૩૩૪.૯૬ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૩૩

## અમદાવાદ જિલ્લામાં બોગસ મેડીકલ સર્ટીફીકિટ

* ૭૨૧૩ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ સિવિલ હોસ્પિટલના ડોક્ટરોએ આપેલ બોગસ મેડીકલ સર્ટીફિકેટના આધારે આરોપીઓને જામીન અપાવવા કેટલા કીસ્સા તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બન્યા, અને

(૨) આ સબબ શા પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા. ૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવો એક પણ કિસ્સો બનેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૩૪

**દાહોદને બીજા જિલ્લાઓ સાથે જોડતા રસ્તાઓ**

* ૪૧૧૧ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં બીજા જિલ્લાઓને જોડતા રસ્તાઓને સ્ટેટ હાઈવેમાં રૂપાંતરિત કરવાની દરખાસ્ત આવેલ છે તે હકીકત સાચી છે, અને<br>(૨) જો હા, તો ક્યારે દરખાસ્ત કરવામાં આવેલ છે અને તેમાં કયા રસ્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે? | (૧) અને (૨) ઉક્ત સ્થિતિએ દાહોદ જિલ્લામાં બીજા જિલ્લાઓને જોડતા રસ્તાઓને સ્ટેટ હાઈવેમાં રૂપાંતરિત કરવાની કોઈ દરખાસ્ત અત્રે મળેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૨૩૫

**વડગામ અને પાલનપુર તાલુકામાં જર્જરીત વીજ વાયરો**

* ૬૬૪૪ **શ્રી જીગ્નેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વડગામ અને પાલનપુર તાલુકામાં નાંખવામાં આવેલી વીજ લાઈનો જર્જરીત થઈ ગઈ હોવાથી શોટસર્કિટને કારણે ખેડૂતોની મોટરો બળી જવાની હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આવા જર્જરીત વીજ વાયરો ક્યાં સુધીમાં બદલવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૨૩૬

**બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાના નોન પ્લાન રસ્તાના કામો**

* ૫૫૫૪ **શ્રી કાંતીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર, વર્ષદીઠ કેટલી નોન–પ્લાન રસ્તાઓ મંજુર કરવામાં આવેલ છે, અને<br>(૨) તે પૈકી આંતરિક અગ્રતા હેઠળના જિલ્લાદીઠ, તાલુકાવાર કયા રસ્તાઓ છે? | (૧) અને (૨) પરિશિષ્ટ મુજબ.* |

* (પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે)

---------

# ૨૩૭

**અરવલ્લી જિલ્લાના ઉભરાણ–હેલોદર–રંભોડા રોડ પહોળો કરવાની કામગીરી**

* ૬૧૭૬ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ઉભરાણ–હેલોદર–રંભોડા રોડ કિ.મી. ૦/૦ થી ૨૦/૪૦ રોડ પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામગીરી માટે કેટલા રૂપિયાની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂા. ૪૦૦૦.૦૦ લાખ. |
| (૩) સદર કામગીરી તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

---------

# ૨૩૮

**કેન્દ્રીય માર્ગ નિધી ફંડ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ**

* ૭૪૫૭ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કેન્દ્રીય માર્ગ નિધી ફંડ (સેન્ટ્રલ રોડ ફંડ–રાજ્ય ધોરી માર્ગ તથા મુખ્ય માર્ગની સુધારણા) માટે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| **જાન્યુઆરી–૨૦૧૬ થી ડીસેમ્બર–૨૦૧૬** | **જાન્યુઆરી–૨૦૧૭ થી ડીસેમ્બર–૨૦૧૭** |
|---|---|
| રૂ. ૧૩૩.૮૭ કરોડ | રૂ. ૭૪.૫૭ કરોડ |

---------

# ૨૩૯

**ભરૂચ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો**

* ૬૨૨૧ **શ્રી કેતનભાઈ ઈમાનદાર** (સાવલી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૯૦૫

(૨) રૂ. ૩૧.૭૩ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૪૦

**સાવરકુંડલા તથા લીલીયા તાલુકાના નોન–પ્લાન રસ્તાઓ**

* ૪૪૪૦ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તથા લીલીયા તાલુકામાં એક ગામથી બીજા ગામને જોડતા કોટલા નોન–પ્લાન રસ્તાઓ તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ડામર સપાટીએ બનાવવાના બાકી છે, અને

(૨) બાકી રહેલા તમામ રસ્તાઓ ક્યાં સુધી ડામર સપાટીના બનાવવાનું આયોજન છે?

**જવાબ**

(૧) અને (૨) સાવરકુંડલા તથા લીલીયા તાલુકાના ૬૫ નોનપ્લાન રસ્તાઓ પૈકી ૨૦ રસ્તા ડામર સપાટી થયેલ છે. જ્યારે ૧૯ રસ્તાઓને ડામર સપાટી કરવા મંજુર કરેલ છે. ૩ રસ્તા જંગલ જમીનમાં આવતા હોઈ તથા ૬ રસ્તામાં જમીનનો પ્રશ્ન હોઈ ડામર સપાટી થઈ શકે તેમ નથી. બાકી રહેતા ૧૭ રસ્તાઓ ડામર સપાટી કરવા માટે હાલ કોઈ આયોજન નથી.

---------

# ૨૪૧

**અરવલ્લી જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો**

* ૬૨૧૬ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૧૭૩

(૨) રૂ. ૫૫.૧૫ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૪૨

## કચ્છ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૨૦૧ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૨૦૧ |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૬૨.૦૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૨૪૩

## સહાયક પરિચારિકા, દાયણ વગેરે તાલીમ આપવા માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૭૫૧૭ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સહાયક પરિચારિકા, દાયણો, દાઈઓ અને આરોગ્ય તપાસનીશોને તાલીમ આપવા માટે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૨૪૪

## વિજાપુર તાલુકાના કરબટીયા–ગુંદરાસણ જંત્રાલ રોડ મંજુર કરવા

* ૬૧૭૭ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના કરબટીયા ગુંદરાસણ રોડથી જંત્રાલ રોડ મંજુર કરવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ રસ્તો બનાવવા કેટલો ખર્ચ થાય તેમ છે, અને | (૨) રૂા. ૪૮૨.૪૦ લાખ |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ? | (૩) કરારખત હેઠળ. |

---------

# ૨૪૫

## પાટણ–ડીસા–હાઈવે પર સરસ્વતી નદી પરનો પુલ

* ૭૫૪૪ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પાટણ–ડીસા હાઈવે પર સરસ્વતી નદી ઉપરના બ્રિજની પહોળાઈ સ્ટ્રક્ચર પ્રમાણેની નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) સિંચાઈ વિભાગ હસ્તકનો બરાજ કમ ટ્રી–માર્ગીય બ્રિજ છે. |
| (૨) જો હા, તો સદર બ્રિજની પહોળાઈ વધારવા અથવા નવીન બનાવવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૨) હયાત બ્રિજના હેઠવાસમાં નવીન ચાર માર્ગીય પુલ બનાવવાનું આયોજન છે. |

(૩) જો હા તો ક્યાં સુધીમાં કેટલા ખર્ચે કામગીરી પૂર્ણ કરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ, અંદાજીત રૂ. ૬૫ કરોડના ખર્ચે.

---------

# ૨૪૬

## ભરૂચ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૨૨૦ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત પશ્ચિમ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૯૦૫

(૨) રૂ. ૩૧.૭૩ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૪૭

## મહેસાણા અને પાટણ જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૪૬૯ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યું છે ?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ મહેસાણા જિલ્લામાં ૧૮૧.૯૩ એમ.એલ.ડી. જ્યારે પાટણ જિલ્લામાં ૧૨૫.૧૦ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) ડેમોની વિગત નીચે મુજબ છે.

| અનુ. | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ધરોઈ ડેમ | ૩૩૩.૪૪ |
| ૨ | પાટણ | – | – |

(૩) મહેસાણા અને પાટણ જિલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- નર્મદા તેમજ સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારીત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા.
- વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

---------

# ૨૪૮

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૭૪૪૫ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રા.આ. કેન્દ્રો | સા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૩૩ | ૯ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૨૩ | ૪ |

(૨) એક પણ નહિ.

ઉક્ત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની “ક્વોલીટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ” મુજબના છે.

(૩) લાગુ પડતુ નથી.

---------

# ૨૪૯

## રાજ્યમાં થેલેસીમીયાના દર્દીઓ

* ૬૧૦૧ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં થેલેસેમીયાના દર્દીઓ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો થેલેસેમીયાના દર્દીઓની સારવાર માટે સરકાર દ્વારા કેવા પ્રકારની વ્યવસ્થા કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨)
(૧) થેલેસેમીયાના દર્દીઓના નિદાન અને લેબૉરેટરીની વ્યવસ્થા કરવામાં આવે છે.
(૨) લોહી અને લોહીના ઘટકો તેમજ ચીલેટીંગ એજન્ટની વ્યવસ્થા કરવામાં આવે છે.
(૩) શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ તથા સારવાર કરવામાં આવે છે.
(૪) પોઝીટીવ દર્દીઓની કાઉન્સેલર મારફતે મૅરેજ કાઉન્સેલીંગ કરવામાં આવે છે.
(૫) સદર દર્દીઓની દવાઓ માટે જીએમએસસીએલ ને રૂ. ૫૦ લાખનું અનુદાન મળેલ છે.
(૬) નિશ્ચિત જાતિઓમાં થેલેસેમીયા બાળકોમાં ન ઉતરે તેના માટે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે લગ્ન પહેલાં યુવક યુવતિઓની થેલેસેમીયા ટ્રેટના નિદાન માટે આયોજન કરવામાં આવે છે.

---------

# ૨૫૦

## રાજ્યમાં પેન્શન મેળવતા પેન્શનરો

* ૬૧૫૬ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા પેન્શનરો પેન્શન મેળવે છે,

**જવાબ**

(૧) ૪,૩૪,૫૬૧

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરીમાં કેટલા પેન્શનના કેસો પડતર છે, અને | (૨) ૬૮૦ |
| (૩) આ પડતર કેસોનો ક્યારે નિકાલ થશે ? | (૩) હાલમાં તે પૈકી કોઈ કેસ પડતર નથી. |

---------

# ૨૫૧

## ગાંધીનગર જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

* ૬૨૦૬ **કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને | (૧) ૨૪ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૩૩૩.૯૫ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૨૫૨

## પેન્શનરોની માહિતી ઓનલાઈન કરવા

* ૬૧૬૦ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ પેન્શનર તેમની પેન્શનને લગતી માહિતી ઓનલાઈન મેળવી શકે તે માટે શું વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે, અને | (૧) પેન્શન પોર્ટલ, ગુજરાતની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. |
| (૨) આ ઓનલાઈન પ્રથાનો અમલ ક્યારથી કરવામાં આવશે ? | (૨) તા. ૨/૧૦/૨૦૧૧ થી અમલ કરવામાં આવેલ છે. |

---------

# ૨૫૩

## પાંચમી નાની સિંચાઈ ગણતરી અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ફાળવેલ રકમ

* ૭૪૬૬ **સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાંચમી નાની સિંચાઈ ગણતરી અન્વયે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે? | (૨)<br>વર્ષ ૨૦૧૬–૧૭ રૂપિયા શૂન્ય<br>વર્ષ ૨૦૧૭–૧૮ રૂપિયા ૮૮.૯૩ લાખ<br>(ડીસેમ્બર–૧૭ સુધી) |

---------

# ૨૫૪

## વડોદરા જિલ્લામાં હિમોફીલીયાના દર્દીઓ

* ૬૧૭૮ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં હિમોફીલીયાના દર્દીઓ માટે સરકારે કોઈ વ્યવસ્થા કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો શું વ્યવસ્થા કરેલ છે ?

(૨) (૧) એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા અને જીએમઈઆરએસ હોસ્પિટલ, ગોત્રી, વડોદરા ખાતે હિમોફીલીયાના દર્દીઓની સારવાર માટે તબીબો, સાધન સામગ્રી, દવાઓ અને લોહીની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

(૨) હિમોફીલીયાના દર્દીઓને સઘન સારવાર મળી રહે તે માટે સરકારશ્રી તરફથી જરૂરી અનુદાન ફાળવેલ છે.

---------

# ૨૫૫

### ભરૂચ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ

* ૬૧૯૫ **શ્રી દુષ્યંતભાઈ પટેલ** (ભરૂચ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ભરૂચ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૬૩૪ |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૫૭.૨૦ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૨૫૬

### ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં નદીઓને ઉંડી ઉતારવાની કામગીરી

* ૪૯૦૮ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં આવેલ નદીઓ ઉંડી ઉતારવાની કામગીરી અન્વયે ગીર–સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કઈ નદીઓ ઉંડી ઉતારવામાં આવી, અને | (૧)<br>• ગીર સોમનાથ જિલ્લો–શૂન્ય<br>• જુનાગઢ જિલ્લો–વેઘલી, મટીયાણા, ખારો, સાબલી, ધુંધવી અને ઓઝન નદી |
| (૨) ઉક્ત કામગીરી પેટે વર્ષવાર કેટલો ખર્ચ થયો? | (૨)<br>• વર્ષ ૨૦૧૬–૧૬.૧૩ લાખ<br>• વર્ષ ૨૦૧૭–૧૯.૦૦ લાખ |

---------

# ૨૫૭

### પૂર નિયંત્રણ અને બાંધકામ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ

* ૭૪૪૨ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પૂર નિયંત્રણ અને બાંધકામ માટે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને | (૧) પૂર નિયંત્રણ અને બાંધકામ માટેના કેન્દ્ર સરકારની યોજનાના માપદંડો સંતોષાતા ના હોઈ રાજ્ય સરકાર તરફથી કોઈ દરખાસ્ત રજુ કરેલ ન હોઈ, કોઈ રકમ મળેલ નથી. |
| (૨) કેટલી મળવાની બાકી છે? | (૨) પ્રશ્ન ઉદભવતો નથી. |

---------

# ૨૫૮

## રાજ્યમાં રાંધણ ગેસના બાટલા ઉપર વાર્ષિક આવક

* ૪૧૧૮ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં રાંધણ ગેસના બાટલા ઉપર કેટલો વેરો ક્યારથી લેવાનું નક્કી કરેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે રાજ્ય સરકારને વાર્ષિક કેટલી આવક થઈ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં રાંધણ ગેસના બાટલા ઉપર નીચે દર્શાવ્યા મુજબ વેરો લેવામાં આવે છે.

(૧) વેટ કાયદા હેઠળ રાંધણગેસના બાટલા ઉપર ૫% ના દરે વેરો લાગતો હતો.

(૨) જીએસટી કાયદા હેઠળ ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન કે ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા સપ્લાય થતા રાંધણગેસ પર કુલ ૫% જીએસટી લેવામાં આવે છે.

(૨)

રકમ રૂ. કરોડમાં

| **૨૦૧૬–૧૭** | **૧/૪/૧૭ થી ૩૦/૬/૧૭ (VAT)** | **૧/૭/૧૭ થી ૩૧/૬/૧૭૨ (SGST)** |
|---|---|---|
| ૧૦૧.૫૬ | ૨૪.૯૧ | ૭૪.૯૮ |

---------

# ૨૫૯

## સુરત જિલ્લામાં ટપક સિંચાઇ સહાય અરજીઓ

* ૬૫૬૦ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ ટપક સિંચાઇ સહાય માટે કેટલી અરજીઓ મંજૂર કરી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓને સહાય ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓની સહાય ચૂકવવાની બાકી છે ?

**જવાબ**

(૧) ૪૪૪૮ અરજીઓ મંજૂર કરી.

(૨) ૪૧૧૧ અરજીઓની સહાય ચૂકવી.

(૩) ૩૧૪ અરજીઓની સહાય ચૂકવવાની બાકી.

---------

# ૨૬૦

## કચ્છ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૨૦૦ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૨૦૧

(૨) રૂ. ૬૨.૦૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૬૧

## પંચમહાલ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો

* ૬૨૩૨ **સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૬ (છ) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

(૨) તે માટે કુલ રૂ.૩૦૯૨.૧૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૬૨

## જુનાગઢ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૬૨૦૨ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૩૩૬.૩૫ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૪૭૩ વીજ થાંભલા બદલવામાં આવેલ છે.

(૨) રૂ.૧૩૩.૭૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૬૩

## અમદાવાદ પુના હાઈ સ્પીડ રેલ્વે પ્રોજેકટ માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૬૩૭૦ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ હાઈ સ્પીડ રેલ્વે પ્રોજેકટ અને અમદાવાદ–મુંબઈ–પુના કોરીડોર બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શું પ્રતિભાવ આપ્યો?

**જવાબ**

(૧) અને (૨) અમદાવાદ–મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેનની કામગીરીને ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪ માં મંજુર કરવામાં આવેલ છે. અને માન.વડાપ્રધાનશ્રી દ્વારા માન.વડાપ્રધાન (જાપાન) ની ઉપસ્થિતિમાં તા.૧૪–૯–૨૦૧૭ના રોજ ખાતમુર્હુત કરેલ છે.

---------

# ૨૬૪

## રાજકોટ અને જામનગર જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૪૮૪ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

(૨) ઉકત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

**જવાબ**

(૧) ઉકત સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ૪૦૭.૨૧ એમ.એલ.ડી. જ્યારે જામનગર જિલ્લામાં ૧૯૫.૬૦ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) જિલ્લાવાર મુખ્ય ડેમની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ભાદર–૧ ડેમ | ૬૮.૯૭ |
| ૨ | રાજકોટ | ભાદર–૨ ડેમ | ૨૨.૮૩ |
| ૩ | રાજકોટ | મોજ ડેમ | ૭.૪૮ |
| ૪ | રાજકોટ | વેણુ–૨ ડેમ | ૫.૬૧ |
| ૫ | રાજકોટ | આજી–૧ ડેમ | ૧૨.૯૪ |
| ૬ | રાજકોટ | આજી–૨ ડેમ | ૧૭.૫૫ |
| ૭ | રાજકોટ | ન્યારી–૧ ડેમ | ૧૩.૮૬ |
| ૮ | રાજકોટ | આજી–૩ ડેમ | ૨૪.૭૦ |
| ૯ | રાજકોટ | ન્યારી–૨ ડેમ | ૧૦.૮૬ |
| ૧૦ | રાજકોટ | છાપરવાડી–૨ | ૩.૫૦ |
| ૧૧ | રાજકોટ | ધારી | ૦.૬૨ |
| ૧૨ | રાજકોટ | ડોંડી | ૦.૮૩ |
| ૧૩ | રાજકોટ | ઘેલો–(સો) | ૧.૪૩ |
| ૧૪ | રાજકોટ | કબીર સરોવર | ૦.૩૩ |
| ૧૫ | રાજકોટ | ગોંડાલી | ૨.૯૬ |
| ૧૬ | રાજકોટ | ફોફળ–૧ | ૨૪.૫૬ |
| ૧૭ | રાજકોટ | ઈશ્વરીયા ડેમ | ૨.૧૮ |
| ૧૮ | રાજકોટ | વાછપરી ડેમ | ૨.૯૫ |
| ૧૯ | રાજકોટ | વેરી ડેમ | ૧.૨૭ |
| ૨૦ | રાજકોટ | કરમલ | ૪.૩૫ |
| ૨૧ | રાજકોટ | કરનુકી | ૧.૯૦ |
| ૨૨ | રાજકોટ | ખોડાપીપર | ૧.૧૨ |
| ૨૩ | રાજકોટ | લાલપરી | ૩.૬૭ |
| ૨૪ | રાજકોટ | માલગઢ ડેમ | ૦.૩૭ |
| ૨૫ | રાજકોટ | મોતીસર | ૦.૦૨ |
| ૨૬ | રાજકોટ | ફડંગબેટી | ૨.૦૩ |
| ૨૭ | રાજકોટ | સોડવદર | ૦.૭૧ |
| ૨૮ | રાજકોટ | સુર્વો | ૫.૦૫ |
| ૨૯ | જામનગર | સસોઈ | ૧૨.૦૧ |
| ૩૦ | જામનગર | ઉંડ–૧ | ૩૭.૩૧ |
| ૩૧ | જામનગર | ઉંડ–૨ | ૪.૩૭ |
| ૩૨ | જામનગર | ફુલઝર–૧ | ૧.૮૭ |
| ૩૩ | જામનગર | પન્ના | ૪.૭૧ |
| ૩૪ | જામનગર | ફુલઝર (કો.બા.) | ૮.૫૨ |
| ૩૫ | જામનગર | ઉંડ–૩ | ૦.૨૪ |
| ૩૬ | જામનગર | કંકાવટી ડેમ | ૧.૩ |
| ૩૭ | જામનગર | આજી–૪ ડેમ | ૧૯.૦૮ |
| ૩૮ | જામનગર | ડાય મિણસર | ૦ |
| ૩૯ | જામનગર | ફુલઝર–૨ | ૦.૭૭ |
| ૪૦ | જામનગર | ફોફળ–૨ ડેમ | ૦.૨૧ |
| ૪૧ | જામનગર | રંગમતી | ૦.૮૯ |
| ૪૨ | જામનગર | રૂપારેલ | ૧.૨૪ |
| ૪૩ | જામનગર | રૂપાવતી | ૦ |
| ૪૪ | જામનગર | સાપડા | ૨.૩૪ |

| | | | |
|---|---|---|---|
| ૪૫ | જામનગર | ઉમિયાસાગર | ૦.૫૩ |
| ૪૬ | જામનગર | વેરાડી | ૦.૭૯ |
| ૪૭ | જામનગર | વેરાડી–૨ | ૩.૭૭ |
| ૪૮ | જામનગર | વિજર્ખી | ૩.૬૪ |
| ૪૯ | જામનગર | વોડીસંગ | ૨.૭૬ |

(૩) ઉકત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યુ છે ?

(૩) રાજકોટ અને જામનગર જિલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- નર્મદા તથા સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારીત વ્યકિતગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા.
- વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

---------

# ૨૬૫

### જુનાગઢ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૨૪૮ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૦૧૧૧.

(૨) રૂ.૧૪૫૫૦.૭૪ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૬૬

### આણંદ જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રની ઘટ

* ૭૫૬૩ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં કેટલી વસ્તીએ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવાની જોગવાઈ છે,

(૨) ઉકત સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર વસ્તી પ્રમાણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રની કેટલી ઘટ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં વસ્તીના ધોરણે એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવાના ધોરણોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | આરોગ્ય કેન્દ્રો | બિન આદિજાતિ વિસ્તાર | આદિજાતિ/ડેઝર્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ વિસ્તાર |
|---|---|---|---|
| ૧ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૩૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| ૨ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૧,૨૦,૦૦૦ | ૮૦,૦૦૦ |

(૨) સામેલ પત્રક મુજબ.

(૩) ઉકત સ્થિતિએ કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા શું કાર્યવાહી કરી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પ ત્ર ક – ૧**

**આણંદ જિલ્લામાં સને ૨૦૧૧ની વસ્તીએ મળવાપાત્ર, મંજૂર સા.આ.કેન્દ્રો અને પ્રા.આ. કેન્દ્રોની વિગત દર્શાવતું પત્રક**

**તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ**

| તાલુકા અ.નં. | તાલુકાનું નામ | ૨૦૧૧ની ગ્રામ્ય વસ્તી | સા.આ. કેન્દ્રની જરૂરીયાત | હયાત સા.આ. કેન્દ્ર/ડીસ્ટ્રીકટ હોસ્પિટલ/ સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ | | | | સા.આ. કેન્દ્રની ઘટ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સા.આ. કેન્દ્ર | ડીસ્ટ્રીકટ હોસ્પિટલ | સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ | કુલ | | જરૂરીયાત | હયાત | વધ/ઘટ |
| ૧ | આણંદ | ૨૬૩૮૩૫ | ૨ | ૩ | ૧ | ૦ | ૪ | ૦ | ૯ | ૧૧ | ૨ |
| ૨ | આંકલાવ | ૧૨૬૧૦૫ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૪ | ૩ | ૧ |
| ૩ | બોરસદ | ૩૧૬૧૦૭ | ૩ | ૩ | ૦ | ૦ | ૩ | ૦ | ૧૧ | ૧૧ | ૦ |
| ૪ | ખંભાત | ૧૮૬૫૧૫ | ૨ | ૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૬ | ૮ | ૨ |
| ૫ | પેટલાદ | ૨૨૭૦૩૧ | ૨ | ૨ | ૧ | ૦ | ૩ | ૦ | ૮ | ૮ | ૦ |
| ૬ | સોજીત્રા | ૮૧૨૮૫ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ |
| ૭ | તારાપુર | ૮૮૫૨૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ |
| ૮ | ઉમરેઠ | ૧૫૪૨૬૭ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૫ | ૬ | ૧ |
| | **જિલ્લાનું કુલ** | **૧૪૪૩૬૬૭** | **૧૩** | **૧૪** | **૨** | **૦** | **૧૬** | **૦** | **૪૯** | **૫૩** | **૪** |

**નોંધ:** આણંદ જિલ્લામાં વસ્તીના ધોરણે ૧૩ મળવાપાત્ર સામુહિક આરોગ્ય કેન્દ્રો સામે ૧૪ સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે. તથા ૨(બે) ડીસ્ટ્રીકટ હોસ્પિટલ આવેલી હોવાથી તેમજ મળવાપાત્ર ૪૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સામે ૫૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવેલ હોવાથી સામુહિક આરોગ્ય કેન્દ્રો તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ઘટ રહેતી નથી.

---------

# ૨૬૭

## અમદાવાદ જિલ્લામાં મેલેરીયાના દર્દીઓ

* ૬૧૮૧ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો નોંધાયા, અને

(૨) અમદાવાદ જિલ્લામાં મેલેરિયા નિયંત્રણ માટે શી કાર્યવાહી હાથ ધરી ?

**જવાબ**

(૧) કુલ ૪૮૩ મેલેરિયાના કેસો નોંધાયેલ છે.

(૨) અમદાવાદ જિલ્લામાં મેલેરિયા નિયંત્રણ માટે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- ફીવર સર્વેલન્સ
- પોરાનાશક કામગીરી
- જંતુનાશક દવાછંટકાવ કામગીરી
- ફોગીંગ કામગીરી
- જંતુનાશક દવાયુકત મચ્છરદાનીના ઉપયોગ
- આરોગ્ય શિક્ષણ

---------

# ૨૬૮

## અમરેલી જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

* ૬૨૧૨ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૭૦

(૨) ૩.૮૯૫.૩૮ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૬૯

## પિયત સહકારી મંડળીને લિફ્ટ ઈરિગેશન માટે ભારે દબાણનું વીજ જોડાણ

* ૬૨૬૧ **શ્રી હસમુખભાઈ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના ખેડૂતો પિયત સહકારી મંડળી સ્થાપી લિફ્ટ ઈરિગેશન માટે ભારે દબાણનું વીજ જોડાણ મેળવવા માંગતા હોય તો તે અંગેના નિયમમાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા છે કે કેમ, અને

(૨) જો હા, તો કેવા ફેરફાર કરવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) અને (૨) હા, જી. રાજ્ય સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ સુચનાઓ અન્વેય ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. નાં પરિપત્ર ક્રઃ જીયુવીએનએલ–ટેક–૨–એનએએસ–૨૮૬૩, તા.૮–૨–૨૦૧૭ થી રાજ્યનાં ખેડૂતો પિયત સહકારી મંડળી સ્થાપી લિફ્ટ ઈરિગેશન માટે ભારે દબાણનું વીજ જોડાણ મેળવવા માંગતા હોય તો તેમના વ્યકિતગત હયાત કૃષિ વીજ જોડાણ રદ/પરત ન કરવાની શરતે એચટીપી–૫ વીજ જોડાણ આપવા સુનિશ્ચિત નીતિ અને ધારા–ધોરણોને આધીન મંજૂરી આપવામાં આવે છે. વધુમાં, પિયત સહકારી મંડળીના સભ્યો હોય એવા ખેડૂતો, સરફેસ લેવલ પર પાણી ઉપલબ્ધ ન હોય તેવા વ્યકિતગત રીતે પોતાના હયાત વીજ કનેકશનથી પિયત કરી શકશે.

---------

# ૨૭૦

## જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૨૨૯ **શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા** (જામનગર ઉત્તર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ઘરવપરાશના લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૫૬૮ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૨૧.૭૮ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૨૭૧

## આણંદ જિલ્લામાં વીજ નાણાની વસુલાત માટે લોક અદાલત

* ૬૨૩૮ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણા નીકળતા નાણાની વસુલાત માટે વિવાદ નહિ પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી, | (૧) ૭૫ |
| (૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને | (૨) ૧૧૭૦ |
| (૩) કેટલી વસુલાત કરવામાં આવી? | (૩) આ કેસોમાં વસુલવાની થતી કુલ રૂ. **૫૮.૧૪** લાખની રકમ પૈકી રૂ. **૩૨.૮૭** લાખ સ્થળ પર વસુલાત કરવામાં આવ્યા અને બાકી રૂ. **૨૫.૨૭** લાખ નિયમાનુસાર હપ્તાથી વસુલ કરવામાં આવી રહેલ છે. |

---------

# ૨૭૨

**રાજકોટ જીલ્લામાં નવા વીજ સબસ્ટેશનો**

* ૬૨૩૫ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૧૭(સત્તર) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

(૨) તે માટે કુલ રૂ.૧૭૭૩૭.૪૩ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૭૩

**પોરબંદર જિલ્લામાં ઉજાલા યોજના હેઠળ એલઈડીનું વિતરણ**

* ૬૬૨૪ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત પશ્ચિમ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ પોરબંદર જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં કેટલા એલઈડી ટ્યુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ પોરબંદર જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૩૫,૯૦૫ એલઈડી ટ્યુબલાઈટ અને ૧૮,૫૧૦ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૧૮.૩૪ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજીત ૧૩.૨૪ લાખ યુનિટની વીજ બચત થશે.

(૩) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૮૨.૫૮ લાખની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂા. ૫૯.૬૦ લાખની બચત થશે.

---------

# ૨૭૪

**દાહોદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

* ૩૬૦૬ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી શાળાઓમાં બાળકોની આરોગ્ય તપાસણી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) સામેલ પત્રક–૧ મુજબ

**પત્રક–૧**

તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર શાળાઓમાં આરોગ્ય તપાસણીની વિગતો

| **વર્ષ–૨૦૧૬** | | |
|---|---|---|
| **અ.નં.** | **તાલુકાના નામ** | **શાળાઓ** |
| ૧ | દાહોદ | ૮૫૩ |
| ૨ | ગરબાડા | ૪૨૫ |
| ૩ | ઝાલોદ | ૧૦૨૫ |
| ૪ | ફતેપુરા | ૫૪૧ |
| ૫ | લીમખેડા | ૮૧૯ |
| ૬ | ધાનપુર | ૪૫૨ |
| ૭ | દેવગઢ બારીયા | ૬૧૨ |
| | **કુલ** | **૪૭૨૭** |

**વર્ષ-૨૦૧૭**

| અ.નં. | તાલુકાના નામ | શાળાઓ |
|---|---|---|
| ૧ | દાહોદ | ૯૫૭ |
| ૨ | ગરબાડા | ૪૬૭ |
| ૩ | ઝાલોદ | ૮૯૫ |
| ૪ | ફતેપુરા | ૫૯૯ |
| ૫ | લીમખેડા | ૯૦૯ |
| ૬ | ધાનપુર | ૪૭૯ |
| ૭ | દેવગઢ બારીયા | ૬૮૧ |
| ૮ | સંજેલી | ૨૭૭ |
| | **કુલ** | **૫૨૬૪** |

(૨) ઉક્ત તપાસણી દરમ્યાન હદય, પોલીયો, કિડની તથા કેન્સરના દર્દી હોય એવા તાલુકાવાર કેટલા બાળકો મળેલ છે,

(૨) સામેલ પત્રક-૨ મુજબ

**પત્રક-૨**

તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર શાળાઓમાં આરોગ્ય તપાસણીની દરમ્યાન હદય, પોલીયો, કિડની, કેન્સરના દર્દી હોય એવા બાળકોની વિગતો

**વર્ષ-૨૦૧૬**

| અ.નં. | તાલુકો | હદય | પોલીયો | કિડની | કેન્સર |
|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૭ | ૦ | ૨ | ૩ |
| ૨ | ગરબાડા | ૪ | ૦ | ૨ | ૨ |
| ૩ | ઝાલોદ | ૨૮ | ૦ | ૬ | ૨ |
| ૪ | ફતેપુરા | ૮ | ૦ | ૨ | ૧ |
| ૫ | લીમખેડા | ૯ | ૦ | ૨ | ૧ |
| ૬ | ધાનપુર | ૭ | ૦ | ૨ | ૧ |
| ૭ | દેવગઢ બારીયા | ૧૧ | ૦ | ૧ | ૨ |
| | **કુલ** | **૮૪** | **૦** | **૧૭** | **૧૨** |

**વર્ષ-૨૦૧૭**

| અ.નં. | તાલુકો | હદય | પોલીયો | કિડની | કેન્સર |
|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૨૧ | ૦ | ૩ | ૪ |
| ૨ | ગરબાડા | ૭ | ૦ | ૨ | ૨ |
| ૩ | ઝાલોદ | ૨૪ | ૦ | ૬ | ૩ |
| ૪ | ફતેપુરા | ૧૧ | ૦ | ૨ | ૨ |
| ૫ | લીમખેડા | ૧૪ | ૦ | ૩ | ૧ |
| ૬ | ધાનપુર | ૮ | ૦ | ૨ | ૧ |
| ૭ | દેવગઢ બારીયા | ૧૨ | ૦ | ૧ | ૨ |
| ૮ | સંજેલી | ૯ | ૦ | ૧ | ૦ |
| | **કુલ** | **૧૦૬** | **૦** | **૨૦** | **૧૫** |

(૨) તેઓની સારવાર માટે લેવાયેલ પગલાની વિગતો શી છે ?

(૨) તેઓની સારવાર માટે નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

# ૨૭૫

**બોટાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ**

* ૬૨૫૨ **શ્રી રાઘવભાઈ મકવાણા** (મહુવા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૭૫૮૭

(૨) રૂ. ૯૦૪૧.૪૫ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૭૬

**ખેડા અને મહિસાગર જિલ્લામાં સરકારી દવાખાનામાં મંજુર મહેકમ**

* ૭૧૮૩ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ખેડા અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર સરકારી દવાખાના, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં, સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બંન્ને જિલ્લામાં તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ખેડા અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની કેન્દ્રવાર અને તાલુકાવાર મહેકમની વિગતો અનુક્રમે સામેલ *પત્રક–૧, *પત્રક–૨, *પત્રક–૩, *પત્રક–૪, *પત્રક–૫, *પત્રક–૬, *પત્રક–૭ અને *પત્રક–૮ મુજબની છે તથા સંવર્ગવાર મંજૂર, ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગતો સામેલ *પત્રક મુજબની છે.

(૩) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરિયાતોને ધ્યાનમાં લઈને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

# ૨૭૭

**ગાંધીનગર જિલ્લામાં કૃષિ વીજ જોડાણો**

* ૬૬૩૫ **શ્રી કેસરિસિંહ સોલંકી** (માતર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો છે, અને

(૨) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ અને વર્ષ ૨૦૧૬–૧૭માં ગાંધીનગર જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે કેટલી સબસિડી ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૮,૨૮૩

(૨)

| નાણાંકીય વર્ષ | ચૂકવેલ સબસિડીની રકમ(રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૨૧૯.૫૯ |
| ૨૦૧૬–૧૭ | ૨૩૮.૮૯ |
| **કુલ** | **૪૫૮.૪૮** |

---------

# ૨૭૮

## ભાવનગર અને સાબરકાંઠા જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૫૩૫ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ ભાવનગર અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યું છે?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ ભાવનગર જીલ્લામાં ૨૪૨.૮૯ એમ.એલ.ડી. જ્યારે સાબરકાંઠા જીલ્લામાં ૧૨૩.૩૭ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત છે.

(૨) જીલ્લાવાર મુખ્ય ડેમની વિગત નીચે મુજબ છે.

| અનુ. | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | ભાવનગર | રંઘોલા | ૩.૮૯ |
| ૨ | ભાવનગર | રોઝકી | ૨.૫૩ |
| ૩ | ભાવનગર | શેત્રુંજી | ૧૧૯.૬૭ |
| ૪ | ભાવનગર | બગડ | ૩.૩૩ |
| ૫ | ભાવનગર | હમીપરા | ૦.૦૮ |
| ૬ | ભાવનગર | હણોલ | ૦.૧૯ |
| ૭ | ભાવનગર | જશપરા–માંડવા | ૦.૬૮ |
| ૮ | ભાવનગર | ખારો | ૯.૧૯ |
| ૯ | ભાવનગર | લાખણકા | ૦.૨૩ |
| ૧૦ | ભાવનગર | માલણ | ૬.૮૭ |
| ૧૧ | ભાવનગર | પીગળી | ૧.૩ |
| ૧૨ | ભાવનગર | રાજવલ | ૭.૩૧ |
| ૧૩ | સાબરકાંઠા | હરનાવ–૨ | ૧૫.૩૪ |
| ૧૪ | સાબરકાંઠા | ગુહાઈ | ૨૪.૮૨ |
| ૧૫ | સાબરકાંઠા | ગોરથીયા | ૨.૧૧ |
| ૧૬ | સાબરકાંઠા | જવાનપુરા | ૧.૯૭ |
| ૧૭ | સાબરકાંઠા | ખેડવા | ૩.૮૨ |

(૩) ભાવનગર અને સાબરકાંઠા જીલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- નર્મદા તથા સ્થાનિક સોર્સ આધારીત જૂથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા.
- વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

---------

# ૨૭૯

## અમરેલી જિલ્લામાં કૃષિ વીજ જોડાણો

* ૬૨૪૨ **શ્રીમતી ઝંખનાબેન પટેલ** (ચોર્યાસી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કેટલા કૃષિ વિષયક વીજ જોડાણો છે, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ અને વર્ષ ૨૦૧૬–૧૭માં અમરેલી જીલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે કેટલી સબસિડી ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) ૯૮,૬૪૬

(૨)

| **નાણાંકીય વર્ષ** | **ચૂકવેલ સબસિડીની રકમ (રૂ.કરોડમાં)** |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૧૨૯.૩૨ |
| ૨૦૧૬–૧૭ | ૧૨૯.૮૩ |
| **કુલ** | **૨૫૯.૧૫** |

---------

# ૨૮૦

## જામનગર અને સુરત જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૭૪૯૬ **શ્રી પ્રવિણભાઈ મુસડિયા** (કાલાવડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ જામનગર અને સુરત જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે.

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧)

| **અ.ન.** | **જિલ્લાનું નામ** | **પ્રા.આ.કેન્દ્રો** | **સા.આ.કેન્દ્રો** |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૩૩ | ૯ |
| ૨ | સુરત | ૫૭ | ૧૪ |

(૨) એક પણ નહિ.
ઉક્ત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની ''ક્વોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ'' મુજબના છે.

(૩) લાગુ પડતું નથી.

---------

# ૨૮૧

## નવસારી જિલ્લામાં ખેડૂતોને વીજળી પૂરી પાડવા બાબત

* ૪૧૩૮ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ નવસારી જીલ્લાના વાંસદા તાલુકામાં ખેડૂતોને કૃષિવિષયક વીજળી દિવસમાં કેટલા કલાક પૂરી પાડવામાં આવે છે, અને

(૨) ઉક્ત કલાકોમાં સરકાર વધારો કરવા શું આયોજન છે ?

**જવાબ**

(૧) સામાન્ય પરિસ્થિતિમાં પ્રતિદિન સરેરાશ ૦૮ (આઠ) કલાક તેમજ જરૂરિયાત સમયે વધારાના ૨ કલાક પૂરી પાડવામાં આવેલ છે.

(૨) સામાન્ય પરિસ્થિતિમાં સરેરાશ ૦૮ (આઠ) કલાક જ્યારે વરસાદ ખેંચાય અથવા ઉભા પાકને બચાવવો જરૂરી હોય તેવા સંજોગોમાં કૃષિ વીજ ગ્રાહકોને ૦૮ કલાક કરતા વધુ કલાકો માટે વીજ પુરવઠો પૂરો પાડવાનું આયોજન કરવામાં આવે છે.

---------

# ૨૮૨

## બોટાદ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો

* ૬૨૪૩ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં કેટલા કૃષિ વિષયક વીજ જોડાણ છે, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ અને વર્ષ ૨૦૧૬–૧૭માં બોટાદ જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસિડી ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૪૧,૯૭૬

(૨)

| નાણાંકીય વર્ષ | ચૂકવેલ સબસિડીની રકમ (રૂ.–કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૪૮.૨૦ |
| ૨૦૧૬–૧૭ | ૪૮.૫૧ |
| કુલ | **૯૬.૭૧** |

---------

# ૨૮૩

## અમરેલી અને બોટાદ જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૭૪૮૨ **શ્રી જે.વી.કાકડિયા** (ધારી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ અમરેલી અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ન્ડ મુજબના છે, અને

(૩) ઉકત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ન્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રા.આ. કેન્દ્રો | સા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૪૧ | ૧૨ |
| ૨ | બોટાદ | ૧૭ | ૦૫ |

(૨) એકપણ નહિ.
ઉકત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની ''કવોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ'' મુજબના છે.

(૩) લાગુ પડતું નથી.

---------

# ૨૮૪

## વડોદરા શાખામાંથી સિંચાઈનું પાણી આપવા બાબત

* ૪૧૩૬ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બારા વિભાગના ઠાકોર તલાવડી–માલપુર ગામોને વડોદરા શાખા નહેરથી માલપુર વિશાખામાંથી સિંચાઇનું પાણી મળતું નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, કે કેમ

(૨) જો હા, તો આ અંગે સરકારે શું કાર્યવાહી કરી, અને

(૩) ખેડૂતોને ક્યાં સુધીમાં સિંચાઈનું પાણી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નહેરની આગળની લંબાઈમાં ખેડૂતો દ્વારા પાણી વધુ લેતા હોવાથી, ટેઈલ પર પાણી પહોંચતું નથી. આગળની લંબાઈઓમાં પાણીના ઉપયોગનું નિયંત્રણ કરવા પ્રયત્ન કરેલ છે.

(૩) ઠાકોર તલાવડીમાં પાણી પહોંચેલ છે અને માલપુરમાં પાણી ટુંક સમયમાં પહોંચશે.

---------

# ૨૮૫

## પંચમહાલ જીલ્લામાં નવા વીજ સબસ્ટેશનો

* ૬૨૩૩ **શ્રી રતનસિંહ રાઠોડ** (લુણાવાડા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પંચમહાલ જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૬ (છ) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) તે માટે કુલ રૂ.૩૦૯૨.૧૦ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૨૮૬

## સાબરકાંઠા જિલ્લામાં ઉજાલા યોજના હેઠળ એલઈડીનું વિતરણ

* ૬૬૨૦ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં કેટલા એલઈડી ટ્યુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ સાબરકાંઠા જીલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૫૯,૪૨૩ એલઈડી ટ્યુબલાઈટ અને ૩૦,૬૩૫ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને | (૨) એલઈડી ટ્યુબલાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૩૦.૩૬ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વાર્ષિક અંદાજિત ૨૧.૯૧ લાખ યુનિટની બચત થશે. |
| (૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે? | (૩) એલઈડી ટ્યુબલાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૧.૩૬ કરોડની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૯૮.૬૪ લાખની બચત થશે. |

---------

# ૨૮૭

## અમદાવાદ સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં લોહી બગડી જવાના બનાવો

* ૭૪૭૩ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્વૈચ્છીક રક્તદાનમાં લોહીની કેટલી બોટલો એકત્રિત કરવામાં આવી, | (૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ અમદાવાદની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્વૈચ્છીક રક્તદાનમાં કુલ ૨૮૪૪૭ બોટલો એકત્રિત કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આ બોટલો પૈકી કેટલી બોટલો સરકારી અને ખાનગી હોસ્પિટલોને આપવામાં આવી, | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એટલે કે તા.૩૧–૦૧–૨૦૧૮ સુધી સ્વૈચ્છિક રક્તદાતાથી કુલ ૨૮,૪૪૭ લોહીની બોટલો એકત્રિત કરેલ જેમાં લોહીના આશરે ૯૫% લોહીનું ૩ થી ૪ કમ્પોનેન્ટમાં વિભાજન કરી દર્દીઓને આપવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે. |

| વર્ષ | સ્વૈચ્છિક રક્તદાનની વિગત | સ્વૈચ્છિક રક્તદાન મળેલ લોહીમાંથી છુટા પાડેલ લોહી અને લોહીના ઘટકોની સંખ્યા (WB/PCV,FFP,PC,CRYO) |
|---|---|---|
| ૨૦૧૬ | ૧૪૯૬૬ | ૩૬૧૪૧ |
| ૨૦૧૭ | ૧૨૦૫૬ | ૩૬૭૬૯ |
| ૨૦૧૮ (તા.૩૧-૦૧-૧૮ સુધી) | ૧૪૨૫ | ૩૩૧૫ |
| **કુલ** | **૨૮૪૪૭** | **૭૬૨૨૫** |

ઉક્ત ૨૮૪૪૭ સ્વૈચ્છિક રક્તદાનની લોહીની બોટલમાંથી કમ્પોનેન્ટનું વિભાજન કરતા કુલ ૭૬૨૨૫ લોહી અને લોહીના ઘટકોનું વિભાજન કરેલ જેનું સરકારી હોસ્પીટલ તેમજ ખાનગી હોસ્પીટલમાં દાખલ થયેલ દર્દીઓને લોહી અને લોહીના ઘટકો દર્દીઓને આપાયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સરકારી હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓને અપાયેલ લોહી અને લોહીના ઘટકો | ખાનગી હોસ્પિટલોમાં દાખલ થયેલ દર્દીઓને અપાયેલ લોહી અને લોહીના ઘટકો |
|---|---|---|
| ૨૦૧૬ | ૩૩૦૦૫ | ૩૧૩૬ |
| ૨૦૧૭ | ૩૪૮૬૨ | ૧૯૦૭ |
| ૨૦૧૮ (તા.૩૧-૦૧-૧૮ સુધી) | ૩૨૦૦ | ૧૧૫ |
| **કુલ** | **૭૧૦૬૭** | **૫૧૫૮** |

(૩) એકત્રિત થયેલ લોહીની બોટલોમાંથી ઉક્ત સમયગાળામાં લોહી બગડી જવાના કેટલા બનાવો બન્યા, અને

(૩) ઉક્ત સમયગાળામાં એકત્રિત થયેલ લોહી કે લોહીના ઘટકો બગડી જવાના એકપણ બનાવ બનેલ નથી.

(૪) આવા બનાવો ન બને તે માટે શું પગલા લેવામાં આવ્યા ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૮૮

## સુરેન્દ્રનગર જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

* ૬૨૦૮ **ડૉ. નીમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૫૪

(૨) રૂ. ૫૪૯.૬૯ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૮૯

## પાટણ જીલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૬૩૧ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જીલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૫૯૧

(૨) રૂ. ૩૪૯૯.૫૫ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૯૦

## મોરબી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૪૭૯ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ મોરબી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યું છે?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ મોરબી જીલ્લામાં ૧૨૨.૭૬ એમ.એલ.ડી. જ્યારે દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ૭૫.૧૭ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત છે.

(૨) જીલ્લાવાર મુખ્ય ડેમોની વિગત નીચે મુજબ છે.

| અનુ. | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | મોરબી | બાંગાવડી | ૦.૫૭ |
| ૨ | મોરબી | મચ્છુ–૧ | ૨૯.૦૩ |
| ૩ | મોરબી | મચ્છુ–૨ | ૩૧.૯૯ |
| ૪ | મોરબી | મચ્છુ–૩ | ૬.૦૫ |
| ૫ | મોરબી | બ્રાહ્મણી–૧ | ૨૮.૦૩ |
| ૬ | મોરબી | બ્રાહ્મણી–૨ | ૪.૯૮ |
| ૭ | મોરબી | ડેમી–૧ | ૧૧.૧૮ |
| ૮ | મોરબી | ડેમી–૨ | ૯.૮૯ |
| ૯ | મોરબી | ડેમી–૩ | ૧.૨૯ |
| ૧૦ | મોરબી | ઘોડાધરો | ૩.૦૮ |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ગઢાકી | ૦.૨૫ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | સાની ડેમ | ૨૨.૩૧ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ઘી ડેમ | ૪.૦૪ |
| ૧૪ | દેવભૂમિ દ્વારકા | વર્તુ–૧ ડેમ | ૧.૪૯ |
| ૧૫ | દેવભૂમિ દ્વારકા | વર્તુ–૨ ડેમ | ૧૨.૧૪ |
| ૧૬ | દેવભૂમિ દ્વારકા | સિંહણ ડેમ | ૨.૫૫ |
| ૧૭ | દેવભૂમિ દ્વારકા | કબરકા | ૦.૪૩ |
| ૧૮ | દેવભૂમિ દ્વારકા | મીણસર (વી) | ૦.૯૯ |
| ૧૯ | દેવભૂમિ દ્વારકા | શેઢાભડથરી | ૦.૯ |
| ૨૦ | દેવભૂમિ દ્વારકા | સિધાણી | ૧.૫૫ |
| ૨૧ | દેવભૂમિ દ્વારકા | સોનમતી | ૧.૭૯ |

(૩) મોરબી અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- નર્મદા તથા સ્થાનિક સોર્સ આધારીત જૂથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા.
- વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

---------

# ૨૯૧

## સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૫૦૬ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યું છે ?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૫૭.૭૨ એમ.એલ.ડી. જ્યારે બોટાદ જિલ્લામાં ૫૮.૮૭ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) જીલ્લામાં આવેલ મુખ્ય ડેમોની વિગત નીચે મુજબ છે.

| અનુ. | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ધોળીધજા | ૧૪.૮૪ |
| ૨ | સુરેન્દ્રનગર | લીંબડી ભોગાવો–૧ | ૪.૦૪ |
| ૩ | સુરેન્દ્રનગર | સબુરી | ૦.૩૫ |
| ૪ | સુરેન્દ્રનગર | ત્રીવેણી ઠાંગા | ૧.૫૫ |
| ૫ | સુરેન્દ્રનગર | ફાલકુ | ૩.૬૪ |
| ૬ | સુરેન્દ્રનગર | લીંબડી ભોગાવો–૨ | ૭.૧૧ |
| ૭ | સુરેન્દ્રનગર | મારસલ | ૦.૨૯ |
| ૮ | સુરેન્દ્રનગર | નાયકા | ૩.૩૨ |
| ૯ | સુરેન્દ્રનગર | વંસલ | ૦.૯૪ |
| ૧૦ | સુરેન્દ્રનગર | નિમ્બમણી | ૦.૭૩ |
| ૧૧ | બોટાદ | ભીમદાદ | ૦ |
| ૧૨ | બોટાદ | ઘોમા | ૧.૩૧ |
| ૧૩ | બોટાદ | કાળુભાર | ૪.૮ |
| ૧૪ | બોટાદ | સુખભાદર | ૧૮.૫૪ |
| ૧૫ | બોટાદ | કાનીયાદ | ૦.૦૧ |
| ૧૬ | બોટાદ | ખામભડા | ૧.૫૯ |
| ૧૭ | બોટાદ | લિમભાલી | ૦ |
| ૧૮ | બોટાદ | માલપરા | ૦.૭૪ |
| ૧૯ | બોટાદ | ઉતાવલી | ૧.૦૫ |

(૩) સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- નર્મદા તેમજ સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારીત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા.
- વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

---------

# ૨૯૨

## ભરૂચ જિલ્લામાં ભાડભૂત બૅરેજ યોજના

* ૫૫૭૧ **શ્રી અરુણસિંહ રણા** (વાગરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કલ્પસર)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આવેલ ભાડભૂત બૅરેજ યોજનાનું કામ ક્યારે શરૂ થનાર છે, | (૧) ભાડભૂત બૅરેજના ડ્રાફ્ટ ટેન્ડર પેપર તૈયાર કરવાની કામગીરી પ્રાથમિક તબક્કે છે. જેની સક્ષમ કક્ષાએથી મંજૂરી મળેથી શક્ય બને તેટલું જલ્દી શરૂ કરવાનું આયોજન છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૨) શરૂ થયેથી પાંચ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામ વહેલું પૂર્ણ કરવામાં આવે તો કયા લાભ મળી શકે તેમ છે ? | (૩)<br>• ૫૯૯ મીલીયન ઘન મીટર સંગ્રહશક્તિ ધરાવતું મીઠા પાણીનું જળાશય બનશે.<br>• નર્મદા નદીના કિનારાની જમીન ઉપર સમુદ્રની ભરતીના કારણે થતો ક્ષાર પ્રવેશ અટકાવી શકાશે અને ભૂગર્ભ જળની ગુણવત્તા સુધરશે.<br>• નદીના બન્ને કાંઠે પૂર સંરક્ષણ પાળા થવાના કારણે બન્ને કાંઠાના ગામોને પૂરથી વારંવાર થતા નુકશાનને અટકાવી શકાશે.<br>• બૅરેજમાં સંગ્રહીત થયેલ મીઠા પાણીથી આજુબાજુના ગામોને પીવાનું પાણી, દહેજ "પી.સી. પી.આઈ.આર." માં હયાત તેમજ નવા ઔદ્યોગિક એકમો તેમજ ભરૂચ, અંકલેશ્વર ખાતેની જી.આઈ.ડી.સી. ને ઔદ્યોગિક વપરાશ માટેનું પાણી પુરૂં પાડી શકાશે.<br>• ભાડભૂત બૅરેજ ઉપર બ્રીજ બનવાથી હજીરા–સુરત (હજીરા) માર્ગ અંતરમાં ૨૦ કિ.મી. જેટલો ઘટાડો થશે. જેથી સમય અને ઈંધણમાં ઘણી મોટી બચત થશે. |

---------

# ૨૯૩

## મોરબી–માળીયા તાલુકામાં કૃષિ વીજ જોડાણો

* ૫૫૯૮ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ મોરબી તેમજ માળીયા તાલુકામાં ખેતીવાડી વિજ કનેક્શનોની કેટલી માંગણીઓ પડતર છે, અને | (૧) મોરબી : ૧૫૦૩<br>માળીયા (મી) : ૧૬ |
| (૨) ઉક્ત પડતર માંગણીઓ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) ખેતી વિષયક વીજ જોડાણ આપવાની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે પ્રતિવર્ષ નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને પડતર અરજીઓનો અગ્રતાક્રમ અનુસાર શક્ય તેટલી ઝડપથી નિકાલ કરવાનું આયોજન છે. |

---------

# ૨૯૪

## સાબરકાંઠા જિલ્લામાં નવા વીજ સબસ્ટેશન

* ૬૨૩૭ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૫ (પાંચ) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

(૨) તે માટે કુલ રૂ.૨૦૬૫.૦૭ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૯૫

## અમદાવાદ–મુંબઈ બુલેટ ટ્રેન માટે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૭૪૯૨ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ–મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન બાબતે રાજ્ય સરકાર ધ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો ?

**જવાબ**

(૧) અને (૨) : અમદાવાદ–મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેનની કામગીરીને ભારત સરકાર ધ્વારા વર્ષ ૨૦૧૪માં મંજુર કરવામાં આવેલ છે અને માન.વડાપ્રધાનશ્રી ધ્વારા માન.વડાપ્રધાન (જાપાન)ની ઉપસ્થિતિમાં તા. ૧૪–૯–૨૦૧૭ના રોજ ખાતમુર્હુત કરેલ છે.

---------

# ૨૯૬

## ભાવનગર જીલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજ જોડાણ

* ૬૨૪૯ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૬૦૪૯

(૨) રૂ. ૧૦,૦૦૩.૮૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૯૭

## મોરબી જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો

* ૬૨૩૦ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મોરબી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મોરબી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૧૬ (સોળ) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

(૨) તે માટે કુલ રૂ.૧૧૪૮૪.૮૪ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૯૮

## ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૪૭૬ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ ખેડા જિલ્લામાં ૧૭૮.૭૮ એમ.એલ.ડી. જ્યારે છોટાઉદેપુર જિલ્લામાં ૮૨.૫૩ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

(૨) જીલ્લાવાર મુખ્ય ડેમની વિગત નીચે મુજબ છે.

| અનુ. | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | ખેડા | વારન્સી | ૨.૪૯ |
| ૨ | છોટાઉદેપુર | સુખી ડેમ | ૫૪.૨૩ |
| ૩ | છોટાઉદેપુર | રામી ડેમ | ૨.૪૧ |

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યું છે ?

(૩) ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારીત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા.
- વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

---------

# ૨૯૯

## રેલ્વે લાઈનોના ગેજ રૂપાંતરણ બાબતે કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્તો

* ૭૫૦૯ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રેલ્વે લાઇનોના ગેજ રૂપાંતરણ બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત દરખાસ્ત કરવામાં આવી, અને

**જવાબ**

(૧) ત્રણ વખત

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો ?

(૨) રેલ્વે વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭–૧૮માં ૧૭ ગેજ રૂપાંતરણ કામોનો સમાવેશ રેલ્વે બજેટમાં કરી મંજુર કરવામાં આવેલ છે.

---------

# ૩૦૦

## પાટણ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૨૫૧ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) ૧૫૯૧

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

(૨) રૂ. ૩૪૯૯.૫૫ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૩૦૧

## સુરેન્દ્રનગર જિલ્લામાં ઉજાલા યોજના હેઠળ એલઈડીનું વિતરણ

* ૬૬૨૯ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલ.ઈ.ડી. બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે. | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ સુરેન્દ્રનગર જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૭,૫૧,૪૦૫ એલ.ઈ.ડી. બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને | (૨) એલ.ઈ.ડી. બલ્બ વપરાશથી વાર્ષિક અંદાજીત ૫.૫૯ કરોડ યુનીટની વીજ બચત થશે. |
| (૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ? | (૩) એલ.ઈ.ડી. બલ્બના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂા. ૨૫.૧૭ કરોડની બચત થશે. |

---------

# ૩૦૨

## સુરેન્દ્રનગર જિલ્લામાં ઉજાલા યોજના

* ૬૨૬૨ **શ્રી રાકેશભાઈ શાહ** (એલીસબ્રીજ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલ.ઈ.ડી. બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે. | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ સુરેન્દ્રનગર જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૭,૫૧,૪૦૫ એલ.ઈ.ડી. બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને | (૨) એલ.ઈ.ડી. બલ્બ વપરાશથી વાર્ષિક અંદાજીત ૫.૫૯ કરોડ યુનીટની વીજ બચત થશે. |
| (૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ? | (૩) એલ.ઈ.ડી. બલ્બના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂા. ૨૫.૧૭ કરોડની બચત થશે. |

---------

# ૩૦૩

## પંચમહાલ જિલ્લામાં ઉજાલા યોજના હેઠળ એલઈડીનું વિતરણ

* ૬૬૨૭ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં કેટલા એલ.ઈ.ડી. ટ્યુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે. | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ પંચમહાલ જીલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૨૨,૦૬૦ એલ.ઈ.ડી. ટ્યુબલાઈટ અને ૧૧,૩૭૪ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને | (૨) એલ.ઈ.ડી. ટ્યુબલાઈટના વપરાશથી વાર્ષિક અંદાજીત ૧૧.૨૭ લાખ યુનીટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજીત ૮.૧૩ લાખ યુનિટની બચત થશે. |
| (૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ? | (૩) એલ.ઈ.ડી. ટ્યુબલાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂા.૫૦.૭૩ લાખની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને અંદાજીત રૂા.૩૬.૬૨ લાખની બચત થશે. |

---------

# ૩૦૪

## આશાવર્કર બહેનોને ચૂકવાતું માસિક વેતન

* ૩૮૪૬ **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ આશાવર્કર બહેનોને કેટલું માનદ વેતન માસિક ચૂકવવામાં આવે છે, | (૧) આશાએ કરેલ કામગીરીના પ્રમાણમાં ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ દર માસે રૂ. ૨૦૦૦ થી રૂા. ૨૫૦૦ પ્રોત્સાહક રકમ ચૂકવવામાં આવે છે. |
| (૨) આશાવર્કર બહેનોને પ્રવાસ ભથ્થું ચૂકવવામાં આવે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેટલું ચૂકવવામાં આવે છે અને જો ના, તો તેના કારણો શાં છે ? | (૩) ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ આશા બહેનોને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની માસિક બેઠકમાં આવવા જવા માટેના રૂ. ૧૫૦ પ્રતિ માસ અને આશાની દરેક તાલીમ માટે રૂ. ૧૫૦ ચૂકવવામાં આવે છે. |

---------

# ૩૦૫

## જૂનાગઢ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૨૪૭ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૦,૧૧૧ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૧૪૫૫૦.૭૪ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૩૦૬

## બનાસકાંઠા જિલ્લામાં ટપક સિંચાઈ સહાયની અરજીઓ

* ૬૫૫૯ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ ટપક સિંચાઈ સહાય માટે કેટલી અરજીઓ મંજૂર કરી, | (૧) ૭૫,૩૫૮ અરજીઓ મંજૂર કરી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૬૮,૯૬૧ અરજીઓની સહાય ચૂકવી. |
| (૩) કેટલી અરજીઓની સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) ૫,૫૦૮ અરજીઓની સહાય ચૂકવવાની બાકી છે. |

---------

# ૩૦૭

## સુરેન્દ્રનગર જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

* ૬૨૦૯ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને | (૧) ૫૪ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૫૪૯.૬૯ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૩૦૮

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો**

* ૭૫૪૦ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૮ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના છે, અને

(૩) ઉકત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | પ્રા.આ. કેન્દ્રો | સા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | અરવલ્લી | ૩૭ | ૧૦ |
| ૨ | સાબરકાંઠા | ૪૮ | ૧૩ |

(૨) એકપણ નહિં.
ઉકત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની ‘‘કવોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ’’ મુજબના છે.

(૩) લાગુ પડતું નથી.

---------

# ૩૦૯

**સાબરકાંઠા જિલ્લામાં ઉજાલા યોજના**

* ૬૨૭૩ **શ્રી હિતુ નરેશ કનોડીયા** (ઈડર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઈડી ટ્યુબલાઈટ અને પંખાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ સાબરકાંઠા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૫૯,૪૨૩ એલ.ઈ.ડી. ટ્યુબલાઈટ અને ૩૦,૬૩૫ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલ.ઈ.ડી. ટ્યુબલાઈટના વપરાશથી વાર્ષિક અંદાજીત ૩૦.૩૬ લાખ યુનીટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજીત ૨૧.૯૧ લાખ યુનિટસની વીજ બચત થશે.

(૩) એલ.ઈ.ડી. ટ્યુબલાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂા.૧.૩૬ કરોડની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને અંદાજીત રૂા.૯૮.૬૪ લાખની બચત થશે.

---------

# ૩૧૦

**કેન્દ્રીય નાણા પંચ અને આયોજન પંચ દ્વારા રાજ્ય સરકારને ગ્રાન્ટની ફાળવણી**

* ૩૫૮૮ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કેન્દ્રિય નાણા પંચ દ્વારા રાજ્ય સરકારને ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) હા.

(૨) ૨૦૧૬–૧૭ રૂ. ૩૧૧૭.૯૨૦૦ કરોડ
૨૦૧૭–૧૮ રૂ. ૧૭૩૭.૬૨૦૦ કરોડ

---------

# ૩૧૧

## તારાપુર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઓર્થોપેડીક, ગાયનેક અને એનેસ્થેસીયા તેમજ પીડીયાટ્રીક્સ ડોકટરોની જગ્યાઓ મંજૂર કરવા

* ૩૮૬૭ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ તારાપુર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઓર્થોપેડીક, ગાયનેક અને એનેસ્થેસીયા તેમજ પીડીયાટ્રીક્સ ડોકટરોની જગ્યાઓ ખાલી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો મંજુર કરેલ ઉક્ત સ્ટાફ ક્યારે મુકવામાં આવેશે ?

**જવાબ**

(૧) ઓર્થોપેડીક ડોક્ટરની જગ્યા ખાલી છે. ગાયનેક અને એનેસ્થેસીયા તેમજ પીડીયાટ્રીક્સ ડોક્ટરોની જગ્યાઓ મંજુર થયેલ નથી.

(૨) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

---------

# ૩૧૨

## બોટાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કુવાઓનું વીજળીકરણ

* ૬૬૩૨ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૭૫૮૭

(૨) રૂ. ૯૦૪૧.૪૫ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૩૧૩

## વલસાડ અને ડાંગ જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૭૫૩૩ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ વલસાડ અને ડાંગ જીલ્લામાં જીલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રા.આ.કેન્દ્રો | સા.આ.કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૫૧ | ૧૦ |
| ૨ | ડાંગ | ૧૦ | ૦૩ |

(૨) એક પણ નહિ.
ઉક્ત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની ‘‘ ક્વોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ’’ મુજબના છે.

(૩) લાગુ પડતું નથી.

---------

# ૩૧૪

## પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર લેવાતો વેરો

* ૭૫૩૦ **શ્રી સુનિલભાઈ ગામીત** (નીઝર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણાં) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર કેટલા દરે વેરો વસુલવામાં આવે છે, અને

**જવાબ**

(૧)

| | વેટ | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૦% | ૪% |
| ડીઝલ | ૨૦% | ૪% |
| સી.એન.જી. | ૧૫% | – |
| પી.એન.જી. | ૧૫% | – |
| **જીએસટી** | | |
| રાસાયણિક ખાતર | ૫% | |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતરના વેરા પેટે સરકારને કેટલી આવક થઈ ?

(૨) **(રકમ રૂ. કરોડમાં)**

| | **૨૦૧૬-૧૭** | | **૧/૪/૧૭ થી ૩૧/૧૨/૧૭** | |
|---|---|---|---|---|
| | **વેટ+સીએસટી** | **સેસ** | **વેટ+સીએસટી** | **સેસ** |
| પેટ્રોલ | ૨૮૬૨.૪૧ | ૫૯૨.૯૨ | ૨૪૮૫.૨૯ | ૪૮૨.૮૮ |
| ડીઝલ | ૬૩૭૧.૧૯ | ૧૩૧૯.૭૨ | ૫૫૩૧.૭૮ | ૧૦૭૪.૭૯ |
| સી.એન.જી. | ૪૪૦.૧૮ | | ૨૨૯.૧૫ | |
| પી.એન.જી. | ૯૨૫.૦૫ | | ૫૭૦.૦૨ | |
| | **૨૦૧૬-૧૭ (વેટ)** | | **૧/૪/૧૭ થી ૩૧/૧૨/૧૭ (વેટ+એસજીએસટી)** | |
| રાસાયણિક ખાતર | ૯૫.૯૯ | | ૬૮.૦૬ | |

---------

# ૩૧૫

## બોટાદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૬૩૭ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત બોટાદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૮૧૧ |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૬૩.૦૨ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૩૧૬

## જામનગર જિલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૬૩૦ **સીમાબેન મોહિલે** (અકોટા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૬૯ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૨૯૬.૦૨ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૩૧૭

## દેવભુમિ દ્વારકા જીલ્લાની જામ ખંભાળિયા જનરલ હોસ્પિટલમાં પેરામેડીકલ સ્ટાફ

* ૪૩૮૦ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જામ ખંભાળિયા ખાતે આવેલ જનરલ હોસ્પિટલમાં વર્ગ-૩ની પેરામેડિકલ કર્મચારીઓની જગ્યાઓ ખાલી છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) હા, જી |

(૨) જો હા, તો કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨)

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી | ક્યારથી ખાલી છે |
|---|---|---|---|
| ૧ | જુની.ફાર્માસીસ્ટ | ૧ | ૩૧/૩/૧૧ |
| ૨ | લેબ.ટેકનીશીયન | ૧ | ૨૨/૭/૧૦ |
| ૩ | ઇ.સી.જી.ટેકનીશીયન | ૧ | ૨૨/૭/૧૦ |
| ૪ | સ્ટાફનર્સ | ૨ | ૨/૧૧/૧૭ |
| ૫ | હેડનર્સ | ૪ | ૨૨/૭/૧૦,૩૦/૯/૧૩,૩૧/૧/૧૬ |
| ૬ | આસીસ્ટન્ટ નર્સીંગ સુપ્રિટેન્ડેન્ટ | ૧ | ૧૭/૨/૧૫ |
| | કુલ | ૧૦ | |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ,

- જુનીયર ફાર્માસીસ્ટ અને લેબ.ટેકનીશીયનની ખાલી જગ્યા ભરવા માંગણા પત્રક સરકારશ્રીમાં સાદર કરેલ છે અને ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા ખાલી જગ્યા ભરવા સરકારશ્રી મારફતે કાર્યવાહી ચાલુ છે.
- ઇ.સી.જી. ટેકનીશીયનની જગ્યા આગામી સમયમાં સીધી ભરતીથી નિમણૂંક કરવામાં આવશે.
- સ્ટાફનર્સની જગ્યા આગામી સમયમાં સીધી ભરતીથી નિમણૂંક કરવામાં આવશે.
- હેડનર્સ અને આસીસ્ટન્ટ નર્સીંગ સુપ્રિટેન્ડેન્ટની જગ્યા ભરવા બઢતીની કાર્યવાહી ચાલુ છે.

---------

# ૩૧૮

## જુનાગઢ જિલ્લામાં વેટના રીફંડની બાકી ચૂકવણી

* ૬૬૪૧ **શ્રી જવાહરભાઈ ચાવડા** (માણાવદર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં વાણિજ્ય વેરા કચેરી દ્વારા કેટલી રકમના વેટનું રીફંડ વર્ષવાર કેટલા વેપારીઓને ચૂકવવાનું બાકી છે,

**જવાબ**

(૧) **(રકમ રૂ. લાખમાં)**

| | વેપારી | ચૂકવવાનું બાકી રીફંડ |
|---|---|---|
| ૨૦૧૬–૧૭ | ૦ | ૦ |
| ૨૦૧૭–૧૮ (જાન્યુ. ૧૮ સુધી | ૫ | ૩૨.૮૨ |

(૨) ઉક્ત રીફંડ લાંબા સમય સુધી ના ચૂકવવાના શા કારણો છે, અને

(૨) ઉક્ત અરજીઓ જાન્યુઆરી–૨૦૧૮ ના માસની છે. સમયમર્યાદા બહારની કોઈ અરજીઓ બાકીમાં નથી.

(૩) ઉક્ત રીફંડની બાકી રકમ સત્વરે ચૂકવાય તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શા પગલાં લીધેલ છે ?

(૩) વેટ કાયદાની જોગવાઈ અનુસાર તથા રાજ્ય વેરા કમિશ્નરશ્રીની કચેરીની પરિપત્રિત સૂચના અનુસાર નિયત સમય મર્યાદામાં બાકી વેટ રીફંડની અરજીનો નિકાલ કરવા સંબંધિત કચેરીઓને જણાવવામાં આવેલ છે. માસિક મૂલ્યાંકન મીટીંગમાં બાકી વેટ રીફંડ અરજીનો નિયમિત રીતે રીવ્યુ કરવામાં આવે છે.

---------

# ૩૧૯

## જુનાગઢ અને ભાવનગર જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૭૪૮૭ **શ્રી ભીખાભાઈ જોશી** (જુનાગઢ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ જુનાગઢ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

**જવાબ**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ જુનાગઢ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોની સ્થિતિ નીચે મુજબ છે

| અ.નં. | જિલ્લો | પ્રા.આ.કેન્દ્રો | સા.આ.કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૩૮ | ૧૦ |
| ૨ | ભાવનગર | ૪૭ | ૧૩ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના છે, અને

(૨) એક પણ નહિ.
ઉક્ત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની '' કવોલીટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ'' મુજબના છે.

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

(૩) લાગુ પડતું નથી.

---------

# .૩૨૦

## વોટર કવોલીટી મોનીટરીંગ એન્ડ સર્વેલન્સ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૭૫૧૫ **શ્રી વલ્લભભાઈ ધારવીયા** (જામનગર ગ્રામ્ય) : **માનનીય પાણીપુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વોટર કવોલીટી મોનીટરીંગ એન્ડ સર્વેલન્સ માટે કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ?

**જવાબ**

(૧) હા, જી

(૨)

| વર્ષ | મળેલ રકમ (રૂા. લાખમાં) |
|---|---|
| ૦૧/૦૧/૨૦૧૬ થી ૩૧/૧૨/૨૦૧૬ | ૬૬૯.૧૫ |
| ૦૧/૦૧/૨૦૧૭ થી ૩૧/૧૨/૨૦૧૭ | ૦૦.૦૦ |
| **કુલ** | **૬૬૯.૧૫** |

---------

# ૩૨૧

## માલપુર અને બાયડ તાલુકાના રીપેવર ન થયા હોય તેવા રસ્તાઓ

* ૪૯૩૪ **શ્રી ધવલસિંહ ઝાલા** (બાયડ) : **માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાના માલપુર અને બાયડ તાલુકાના ૭ કે તેથી વધુ વર્ષથી રીપેવર ન થયા હોય તેવા કેટલા રસ્તાઓને તાલુકાવાર જોબ નંબર આપવાના બાકી છે.

(૨) જોબ નંબર ફાળવ્યા હોય તેવા કેટલા રસ્તાઓના કામ ચાલુ છે અને કેટલાના રસ્તાઓના કામ પૂર્ણ થયા, અને

(૩) બાકી રસ્તાઓને ક્યાં સુધીમાં જોબ નંબર ફાળવી રસ્તાના કામ શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) રસ્તાનું રીપેવર રસ્તાની સપાટી, ટ્રાફીકનું ભારણ રસ્તાના આંતરિક અગ્રતાક્રમ ને ધ્યાને લઈ મંજૂર કરવામાં આવે છે. ઉક્ત સ્થિતિએ ૭ કે તેથી વધુ વર્ષથી રીપેવર ન થયેલા હોય તેવા માલપુર તાલુકાના ૯ અને બાયડ તાલુકાના ૧૯ રસ્તા છે.

(૨) રીપેવર મંજૂર કરેલ હોય તે પૈકી માલપુર તાલુકાના ૩ કામો પ્રગતિમાં અને ૭ કામો પૂર્ણ તથા બાયડ તાલુકાના ૪ કામો પ્રગતિમાં અને ૩૭ કામો પૂર્ણ.

(૩) બાકીના રસ્તાઓ માટે તાંત્રિક જરૂરિયાત અને આંતરિક અગ્રતા ધ્યાને લેતાં હાલ આયોજન નથી.

---------

# ૩૨૨

* ૬૧૬૮ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં નવી સરકારી નર્સીંગ કોલેજ શરૂ કરવા છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર તરફથી કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવી છે કે કેમ,

**જવાબ**

(૧) ના,જી

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્યમાં કઇ જગ્યાએ નર્સીંગ કોલેજ શરૂ કરવા દરખાસ્ત કરેલ છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત દરખાસ્ત અન્વયે કેટલી નવી નર્સીંગ કોલેજો શરૂ કરવાની મંજૂરી કેન્દ્ર સરકાર દ્વારા ક્યારે આપવામાં આવી?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૩૨૩

### અમરેલી અને જુનાગઢ જિલ્લામાં સરકારી દવાખાનામાં મંજૂર મહેકમ

* ૭૧૯૧ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતીએ અમરેલી અને જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર સરકારી દવાખાના, સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં, સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બંન્ને જિલ્લામાં તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨)

તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમરેલી અને જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર સરકારી દવાખાના, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની કેન્દ્રવાર અને તાલુકાવાર મહેકમની વિગતો અનુક્રમે સામેલ *પત્રક-૧, *પત્રક-૨, *પત્રક-૩, *પત્રક-૪, *પત્રક-૫ અને *પત્રક-૬ મુજબની છે તથા સંવર્ગવાર મંજૂર, ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગતો સામેલ *પત્રક મુજબની છે.

(૩) પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને જરૂરિયાતોને ધ્યાનમાં લઇને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

# ૩૨૪

### તાપી જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો

* ૬૨૨૨ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૮૬૬

(૨) રૂ. ૩૦.૩૪ લાખનો ખર્ચ થયો.

---------

# ૩૨૫

### રાજ્યના વેપારીઓને જીએસટીના અમલના કારણે પડતી મુશ્કેલીઓ

* ૩૮૪૨ **શ્રી જસપાલસિંહ ઠાકોર** (પાદરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના વેપારીઓને જીએસટીના અમલના કારણે પડતી મુશ્કેલીઓ દુર કરવા તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શા પગલાં લીધાં?

**જવાબ**

(૧) *પત્રક મુજબ

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

# ૩૨૬

## આણંદ અને અરવલ્લી જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૫૨૪ **શ્રી કાન્તીભાઇ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય પાણીપુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ આણંદ અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ આણંદ જીલ્લામાં ૨૦૨.૪૦ એમ.એલ.ડી. જ્યારે અરવલ્લી જીલ્લામાં ૮૯.૬૩ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

(૨) જીલ્લાવાર મુખ્ય ડેમની વિગત નીચે મુજબ છે.

| અનું | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (મૃત + જીવંત) (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | આણંદ | -- | -- |
| ૨ | અરવલ્લી | માઝુમ | ૩૩.૫૦ |
| ૩ | અરવલ્લી | વાત્રક | ૧૧૦.૧૫ |
| ૪ | અરવલ્લી | મેશ્વો | ૨૪.૫૫ |
| ૫ | અરવલ્લી | હાથમતી | ૫૦.૭૬ |
| ૬ | અરવલ્લી | લાંક | ૦.૮૬ |
| ૭ | અરવલ્લી | વૈડી | ૪.૭૯ |

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યુ છે ?

(૩) આણંદ અને અરવલ્લી જીલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારીત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્રારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા.
- વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્રારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

---------

# ૩૨૭

## વડોદરા અને નર્મદા જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૪૫૫ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય પાણીપુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કેટલી છે,

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ વડોદરા જીલ્લામાં ૩૯૦.૫૪ એમ.એલ.ડી. જ્યારે નર્મદા જીલ્લામાં ૪૮.૯૬ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

(૨) જીલ્લાવાર મુખ્ય ડેમની વિગત નીચે મુજબ છે.

| અનું | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | નર્મદા | સરદાર સરોવર ડેમ | ૩૮૮૧.૦૦ |
| ૨ | નર્મદા | કરજણ ડેમ | ૩૮૭.૩૩ |
| ૩ | નર્મદા | ચોપડવાવ | ૮.૨૩ |
| ૪ | નર્મદા | કાંકડી– અંબે | ૫.૩૪ |
| ૫ | વડોદરા | –– | –– |

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યુ છે ?

(૩) વડોદરા અને નર્મદા જીલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- નર્મદા તથા સ્થાનિક સોર્સ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું સૂચારૂ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- સ્થાનિક સોર્સ/હેન્ડપંપ/બોર આધારિત વ્યકિતગત પાણી પુરવઠા યોજના દ્રારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.
- જરૂર જણાયે હેન્ડપંપ રીપેરીંગની વધુ ટીમ કાર્યરત કરવાની વ્યવસ્થા.
- વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાય તેવા ગામોને ટેન્કર દ્રારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા.

---------

# ૩૨૮

## મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં પીવાના પાણીની સુવિધા

* ૭૪૫૨ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસીનોર) : **માનનીય પાણીપુરવઠા મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૧૮ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરિયાત કટેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, ડેમવાર પાણીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શું આયોજન કર્યુ છે ?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ મહીસાગર જીલ્લામાં ૯૧.૨૩ એમ.એલ.ડી. જ્યારે પંચમહાલ જીલ્લામાં ૧૪૮.૮૧ એમ.એલ.ડી. પીવાના પાણીના જથ્થાની અંદાજીત જરૂરીયાત છે.

(૨) જીલ્લાવાર મુખ્ય ડેમની વિગત નીચે મુજબ છે.

| અનું | જિલ્લો | ડેમનું નામ | ડેમમાં ઉપલબ્ધ જથ્થો (એમ.સી.એમ.) |
|---|---|---|---|
| ૧ | મહીસાગર | વણાંકબોરી | ૩૬.૩૯ |
| ૨ | મહીસાગર | કડાણા | ૮૬૪.૦૮ |
| ૩ | મહીસાગર | ભાદર (પી) | ૧૮.૮૬ |
| ૪ | પંચમહાલ | પાનમ | ૪૫૨.૧૪ |
| ૫ | પંચમહાલ | દેવ | ૩૧.૮૯ |
| ૬ | પંચમહાલ | હડફ | ૧૭.૭૭ |
| ૭ | પંચમહાલ | કરાડ | ૧૨.૬૮ |

(૩) મહીસાગર અને પંચમહાલ જીલ્લામાં ઉનાળાના સમયમાં લોકોને પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

- નર્મદા અને સ્થાનિક જળાશય આધારીત જુથ પાણી પુરવઠા યોજનાના તમામ ગામોને પાણી પહોંચાડવાનું આયોજન છે.

- સ્થાનિક સોર્સ આધારીત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા.
- મીની પાણી પુરવઠા યોજના દ્વારા
- હેંડપંપ અને બોર મોટર દ્વારા
- હેન્ડપંપ રીપેરીંગની ટીમ જરૂર જણાય કાર્યરત કરવામાં આવશે.
- જરૂર જણાય ત્યા વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે ટેન્કર દ્વારા પાણી પુરુ પાડવામાં આવશે.

---------

# ૩૨૯

**રાજીવગાંધી નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ અંગે**

* ૭૫૦૩ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ**(ખેડબ્રહ્મા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજીવગાંધી નેશનલ રૂરલ હેલ્થ મિશન (એનઆરએચએમ) અન્વયે/અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઈ રકમ મળેલ છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષ વાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે?

**જવાબ**

(૧) હાજી.

(૨)

| ક્રમ | વર્ષ | રકમ રૂ. (રૂ. કરોડ માં) |
|---|---|---|
| ૧. | ૨૦૧૫–૧૬ | ૫૨૦.૩૧ |
| ૨. | ૨૦૧૬–૧૭ | ૫૨૩.૫૦ |
| ૩. | ૨૦૧૭–૧૮ | ૪૦૯.૪૯ |

---------

# ૩૩૦

**ગાંધીનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો**

* ૬૬૩૮ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૨૨૮૭

(૨) રૂ. ૧૧૪.૫૧ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૩૩૧

**છોટાઉદેપુર જિલ્લામાં હાફેશ્વર પાણી પુરવઠા યોજના**

* ૩૮૮૮ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં હાફેશ્વર પાણી પુરવઠા યોજનાની કેટલી કેટલી રકમની મંજૂરી ક્યારે ક્યારે મળી,

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં હાફેશ્વર પાણી પુરવઠા યોજનાની અંદાજીત કિંમત રૂ.૧૨૧.૨૨ કરોડ (ગ્રોસ) માટે તા.૨૪–૮–૨૦૦૯થી મંજૂરી મળેલ છે.

(૨) આ યોજનામાં તાલુકાવાર કેટલા ગામોને લાભા મળશે,

(૨) આ યોજનામાં કવાંટ તાલુકાના ૯૬ ગામ અને જેતપુરપાવી તાલુકાના ૪૨ ગામ એમ કુલ ૧૩૮ ગામોને પીવાના પાણીનો લાભ મળશે.

(૩) આ યોજનામાં તાલુકાવાર તબક્કાવાર કઇ કઇ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ યોજનામાં ક્વાંટ અને જેતપુરપાવી તાલુકામાં **પરિશિષ્ટ** મુજબ ખર્ચ થયેલ છે.

(૪) આ કામગીરી ક્યા ઇજારદાર પાસે કરાવવામાં આવે છે તેની કામ પૂર્ણ કરવાની મુદત કઇ છે ?

(૪)

| **અનું.** | **કામની વિગત** | **ઈજારદારશ્રીનું નામ** | **કામ પૂર્ણ કરવાની મુદત** |
|---|---|---|---|
| ૧ | હાફેશ્વર ગામ ખાતે ઈન્ટેકવેલ પંપ રૂમ તથા હાફેશ્વર ગામ તળ વિસ્તારમાં બુસ્ટીંગ સ્ટેશન નં.૧, બુસ્ટીંગ સ્ટેશન નં.૨ ખાતે ટ્રાન્સફોર્મનું પ્લેટફોર્મનું કામ | વિપુલ જે. દવે | ૪–૨૦૧૭ |
| ૨ | ઈન્ટેકવેલ ઉપરનાં ક્રમ નં.૧ ના પંપરૂમની વધુ ઉંચાઇ વધારવાની બાકીની કામગીરી | નટરાજ કન્સ્ટ્રક્શન | ૮–૨૦૧૭ |
| ૩ | ઈન્ટેકવેલ ખાતે પેનલ રૂમ (હાફેશ્વર ગામ ખાતે) | દયાલ બિલ્ડર્સ | ૬–૨૦૧૭ |
| ૪ | બુસ્ટીંગ સ્ટેશન નં.૨ ખાતે પેનલ રૂમ (ઈન્ટેકવેલથી કડીપાણી ગામ ખાતેના પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ સુધીની રાઈઝીંગ મેઈન ઉપર સાંકળ ૫.૪૭ કી.મી. હાફેશ્વર ગામ તળ વિસ્તાર) | દયાલ બિલ્ડર્સ | ૬–૨૦૧૭ |
| ૫ | બુસ્ટીંગ સ્ટેશન નં.૧ ખાતે પેનલ રૂમ (ઈન્ટેકવેલથી કડીપાણી ગામ ખાતેના પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ સુધીની રાઈઝીંગ મેઈન ઉપર સાંકળ ૨.૯૫૫ કી.મી. હાફેશ્વર ગામ તળ વિસ્તાર) | શાંતિ સ્ટ્રક્ચર | ૩–૨૦૧૮ |
| ૬ | હાફેશ્વર ઈન્ટેકવેલથી કડી પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ સુધીની રાઈઝીંગ અને હાઈડ્રો ટેસ્ટીંગ અને ૧ વર્ષ ઓ. એન્ડ એમ. સાથે | માનસી કોર્પોરેશન | ૩–૨૦૧૮ |
| ૭ | ઈન્ટેકવેલ, બુસ્ટીંગ સ્ટેશન નં.૧ તથા ૨ માટે પંપીંગ મશીનરી ઈન્સ્ટોલેશન | એચ.એમ. એન્જીનીયર્સ | ૫–૨૦૧૮ |
| ૮ | ૨૫.૦ એમ.એલ.ડી. ક્ષમતાના શુધ્ધિકરણ પ્લાન્ટની કામગીરી (કડીપાણી ગામ ખાતે) | બી.એમ.એસ. | ૩–૨૦૧૮ |
| ૯ | ઝોન–એ અને એ૧ (૪૭ ગામ/પરા) ની પાઇપલાઇન, આર.સી.સી. ભુગર્ભ સંપ, ઉંચી ટાંકી અને વિતરણ પાઇપલાઇનની કામગીરી | વ્રજ કન્સ્ટ્રકશન | ૧૨–૨૦૧૭ |
| ૧૦ | ઝોન–બી (૨૮ ગામ/પરા)ની પાઇપલાઇન, આર.સી.સી. ભુગર્ભ સંપ, ઉંચી ટાંકી અને વિતરણ પાઇપલાઇનની કામગીરી | વિનોદ એચ. પટેલ | ૧–૨૦૧૮ |
| ૧૧ | ઝોન–સી અને ડી (૬૭ પરા/ગામ)ની પાઇપલાઇન, આર.સી.સી. ભુગર્ભ સંપ, ઉંચી ટાંકી અને વિતરણ પાઇપલાઇનની કામગીરી | પુજા બિલ્ડર્સ | ૧૨–૨૦૧૭ |
| ૧૨ | ઇ અને ઇ–૧ (૩૮ ગામ/પરા) ની પાઇપલાઇન, આર.સી.સી. ભુગર્ભ સંપ, ઉંચી ટાંકી અને વિતરણ પાઇપલાઇનની કામગીરી | જયંતિસુપર કન્સ્ટ્રકશન લિ. | ૪–૨૦૧૮ |

**પરિશિષ્ટ**

| **અનુ.** | **તાલુકો** | **કામની વિગત** | **અત્યાર સુધી થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|---|---|
| | | **પ્રથમ તબક્કો** | |
| ૧ | ક્વાંટ/પાવી જેતપુર | હાફેશ્વર ગામ નજીક ઇન્ટેકવેલ, કડીપાણી ખાતે ૨૫.૦૦ એમ.એલ.ડી. ક્ષમતાનો પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ, પંપીંગ સ્ટેશન, પંપીંગ મશીનરી, આર.સી.સી. ઉંચી ટાંકીઓ, ભુગર્ભ ટાંકાઓ તથા જુદા જુદા વ્યાસની પાઇપલાઇનની વિગેરે કામગીરી સહિતનું પાંચ વર્ષની મરામત–નિભામણી સાથેનું ટર્નકી કામ | ૫૯૨૬.૦૦ |

| અનુ. | તાલુકો | કામની વિગત | અત્યાર સુધી થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| **બીજો તબક્કો** | | | |
| ૨ | ક્વાંટ/પાવી જેતપુર | હાફેશ્વર ગામ ખાતે ઈન્ટેકવેલ પંપ રૂમ તથા હાફેશ્વર ગામ તળ વિસ્તારમાં બુસ્ટીંગ સ્ટેશન નં.૧, બુસ્ટીંગ સ્ટેશન નં.૨ ખાતે ટ્રાન્સફોર્મનું પ્લેટફોર્મનું કામ | ૧૩.૦૦ |
| | | ઈન્ટેકવેલ ઉપરનાં ક્રમ નં.૧ ના પંપરૂમની વધુ ઉંચાઇ વધારવાની બાકીની કામગીરી | ૫.૦૦ |
| | | ઈન્ટેકવેલ ખાતે પેનલ રૂમ (હાફેશ્વર ગામ ખાતે) | ૨૦.૦૦ |
| | | બુસ્ટીંગ સ્ટેશન નં.૨ ખાતે પેનલ રૂમ (ઈન્ટેકવેલથી કડીપાણી ગામ ખાતેના પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ સુધીની રાઈઝીંગ મેઇન ઉપર સાંકળ ૫.૪૭ કી.મી. હાફેશ્વર ગામ તળ વિસ્તાર) | ૨૦.૦૦ |
| | | બુસ્ટીંગ સ્ટેશન નં.૧ ખાતે પેનલ રૂમ (ઈન્ટેકવેલથી કડીપાણી ગામ ખાતેના પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ સુધીની રાઈઝીંગ મેઇન ઉપર સાંકળ ૨.૯૫૫ કી.મી. હાફેશ્વર ગામ તળ વિસ્તાર) | ૦.૦૦ |
| | | હાફેશ્વર ઈન્ટેકવેલથી કડી પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ સુધીની રાઈઝીંગ અને હાઇડ્રો ટેસ્ટીંગ અને ૧ વર્ષ ઓ.એન્ડ એમ. સાથે | ૦.૦૦ |
| | | ઈન્ટેકવેલ, બુસ્ટીંગ સ્ટેશન નં.૧ તથા ૨ માટે પંપીંગ મશીનરી ઈન્સ્ટોલેશન | ૮૦.૦૦ |
| ૩ | ક્વાંટ/પાવી જેતપુર | ૨૫.૦ એમ.એલ.ડી. ક્ષમતાના શુધ્ધિકરણ પ્લાન્ટની કામગીરી (કડીપાણી ગામ ખાતે) | ૨૦૦.૦૦ |
| ૪ | ક્વાંટ | ઝોન–એ અને એ૧ (૪૭ ગામ/પરા)ની પાઇપલાઇન, આર.સી.સી. ભુગર્ભ સંપ, ઉંચી ટાંકી અને વિતરણ પાઇપલાઇનની કામગીરી | ૮૧૬.૦૦ |
| ૫ | ક્વાંટ | ઝોન–બી (૨૮ ગામ/પરા) ની પાઇપલાઇન, આર.સી.સી. ભુગર્ભ સંપ, ઉંચી ટાંકી અને વિતરણ પાઇપલાઇનની કામગીરી | ૫૩૨.૦૦ |
| ૬ | ક્વાંટ/પાવી જેતપુર | ઝોન–સી અને ડી (૬૭/પરા ગામ) ની પાઇપલાઇન, આર.સી.સી. ભુગર્ભ સંપ, ઉંચી ટાંકી અને વિતરણ પાઇપલાઇનની કામગીરી | ૧૬૦૬.૦૦ |
| ૭ | ક્વાંટ/પાવી જેતપુર | ઇ અને ઇ–૧ (૩૮ ગામ/પરા) ની પાઇપલાઇન, આર.સી.સી. ભુગર્ભ સંપ, ઉંચી ટાંકી અને વિતરણ પાઇપલાઇનની કામગીરી | ૨૮૪.૦૦ |

---------

# ૩૩૨

## વલસાડ જિલ્લામાં ઉજાલા યોજના

* ૬૨૬૭ **શ્રી કનુભાઇ દેસાઇ** (પારડી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઇડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનીટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૬,૪૯,૮૧૭ એલઇડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઇડી બલ્બ વપરાશથી વાર્ષિક અંદાજિત ૧૨.૨૮ કરોડ યુનીટની વીજ બચત થશે.

(૩) એલઇડી બલ્બ વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂપિયા ૫૫.૨૬ કરોડની બચત થશે.

---------

# ૩૩૩

## તાપી જિલ્લામાં ઉજાલા યોજના

* ૬૨૬૩ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઇડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનીટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૪,૨૫,૦૧૩ એલઇડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઇડી બલ્બ વપરાશથી વાર્ષિક અંદાજિત ૩.૧૬ કરોડ યુનીટની વીજ બચત થશે.

(૩) એલઇડી બલ્બ વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂપિયા ૧૪.૨૩ કરોડની બચત થશે.

---------

# ૩૩૪

## પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર લેવાતો વેરો

* ૭૫૩૯ **શ્રી કાંતિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર કેટલા દરે વેરો વસુલવામાં આવે છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી.અને રાસાયણિક ખાતરના વેરા પેટે સરકારને કેટલી આવક થઇ ?

**જવાબ**

(૧)

| | **વેટ** | **સેસ** |
|---|---|---|
| પેટ્રોલ | ૨૦% | ૪% |
| ડીઝલ | ૨૦% | ૪% |
| સી.એન.જી. | ૧૫% | – |
| પી.એન.જી. | ૧૫% | – |
| **જીએસટી** | | |
| રાસાયણિક ખાતર | ૫% | |

(૨)

**(રકમ રૂ.કરોડમાં)**

| | **૨૦૧૬–૧૭** | | **૧–૪–૧૭ થી ૩૧–૧૨–૧૭** | |
|---|---|---|---|---|
| | **વેટ + સીએસટી** | **સેસ** | **વેટ + સીએસટી** | **સેસ** |
| પેટ્રોલ | ૨૮૬૨.૪૧ | ૫૯૨.૯૨ | ૨૪૮૫. ૨૯ | ૪૮૨.૮૮ |
| ડીઝલ | ૬૩૭૧.૧૯ | ૧૩૧૯.૭૨ | ૫૫૩૧.૭૮ | ૧૦૭૪.૭૯ |
| સી.એન.જી. | ૪૪૦.૧૮ | | ૨૨૯.૧૫ | |
| પી.એન.જી. | ૯૨૫.૦૫ | | ૫૭૦.૦૨ | |
| | **૨૦૧૬–૧૭ (વેટ)** | | **૧–૪–૧૭ થી ૩૧–૧૨–૧૭ (વેટ + એસજીએસટી)** | |
| રાસાયણિક ખાતર | ૯૫.૯૯ | | ૬૮.૦૬ | |

---------

# ૩૩૫

## આયોડીનની ઉણપને થતા રોગોનો નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૭૪૬૧ **ડૉ. આશા પટેલ** (ઉંઝા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આયોડીનની ઉણપને કારણે થતા રોગોના નિયંત્રણ અંગેના રાષ્ટ્રીય કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે ?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને નીચે મુજબ રકમ મળેલ છે.

| સમયગાળો | મળેલ રકમ |
|---|---|
| તા.૧-૧-૧૬ થી તા.૩૧-૧૨-૧૬ | ૮,૩૪,૦૦૦ |
| તા.૧-૧-૧૭ થી તા.૩૧-૧૨-૧૭ | ૭૧,૫૫,૦૦૦ |

---------

# ૩૩૬

## દાહોદ જિલ્લામાં મુખ્યમંત્રી સડક યોજના હેઠળ બનાવેલ રસ્તાઓ

* ૪૧૧૨ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં મુખ્યમંત્રી સડક યોજના હેઠળ જે રસ્તાઓ બનાવવામાં આવ્યા છે તે રસ્તાઓમાં જૂના રસ્તાઓ ઉપર જે રી-કાર્પેટીંગ કરી ગેરરીતિ આચરવામાં આવેલ છે તેવી ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ સંબંધમાં કેટલા ઇસમો સામે કેવા પ્રકારના પગલાં લીધા ?

**જવાબ**

(૧) અને (૨)
આવી કોઇ ફરીયાદ મળેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૩૩૭

## બનાસકાંઠા જિલ્લામાં દાંતીવાડા તથા સિપુ સિંચાઇ યોજનાની કેનાલો

* ૫૫૫૫ **શ્રી કાંતીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ દાંતીવાડા તથા સીપુ સિંચાઇ યોજનાઓની બનાસકાંઠા જિલ્લામાં આવેલ મુખ્ય કેનાલો તથા બ્રાન્ચ કેનાલોની મરામત ક્યારે કરવામાં આવી,

(૨) ઉક્ત મુખ્ય તથા બ્રાન્ચ કેનાલોની ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન મરામત ન થઇ હોય તો તેના શા કારણો છે, અને

(૩) એવી મરામત કેટલા સમયમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭માં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૩૩૮

## સાબરકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૬૩૩ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૪૬૬૬.

(૨) ૩.૭૨૫૨.૧૮ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૩૩૯

## આણંદ અને ભરૂચ જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૭૪૫૮ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ની સ્થિતિએ આણંદ અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રા.આ. કેન્દ્રો | સા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૫૩ | ૧૪ |
| ૨ | ભરૂચ | ૪૧ | ૧૦ |

(૨) એક પણ નહિ.

ઉક્ત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની ''ક્વોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ'' મુજબના છે.

(૩) લાગુ પડતું નથી.

---------

# ૩૪૦

## રાજકોટ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો

* ૬૨૩૪ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૧૭ (સત્તર) નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

(૨) તે માટે કૂલ રૂ.૧૭૭૩૭.૪૩ લાખનો ખર્ચ થયેલછે.

---------

# ૩૪૧

## મોરબી જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણ

* ૬૬૩૬ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મોરબી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૩૦૪

(૨) રૂ. ૬૪.૯૯ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૩૪૨

## નરોડા અમદાવાદ ખાતે નવી મેડીકલ કોલેજ સ્થાપવા કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્ત

* ૭૫૧૮ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૩ના કેન્દ્ર સરકાર સામેના પડતર પ્રશ્ન પૈકી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ફેફસાના રોગોની કા.રા.વિ.યો. હોસ્પિટલ, નરોડા અમદાવાદ ખાતે નવી મેડીકલ

**જવાબ**

(૧) કોઇ દરખાસ્ત કરવામાં આવેલ નથી.

કોલેજની સ્થાપના કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી વખત રજૂઆત/દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે ક્યારે શો પ્રતિભાવ આપ્યો?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૩૪૩

### મહેસાણા જિલ્લામાં થેલેસીમીયાના દર્દીઓ

* ૬૧૯૨ **શ્રી રમણભાઇ પટેલ** (વિજાપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર થેલેસેમીયાના કુલ કેટલા દર્દીઓ છે, અને

(૨) આ દર્દીઓને માસિક કેટલા લોહીની જરૂર પડે છે.

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૦૧-૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | તા.૧-૦૧-૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭ |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૫ | ૧૭ |
| ૨ | બેચરાજી | ૦૦ | ૦૦ |
| ૩ | કડી | ૦૦ | ૦૦ |
| ૪ | ખેરાલુ | ૦૦ | ૦૦ |
| ૫ | ઊંઝા | ૦૦ | ૦૦ |
| ૬ | વિસનગર | ૦૦ | ૦૦ |
| ૭ | વિજાપુર | ૦૦ | ૦૦ |
| ૮ | જોટાણા | ૦૦ | ૦૦ |
| ૯ | સતલાસણા | ૦૦ | ૦૦ |
| ૧૦ | વડનગર | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૧૫** | **૧૭** |

(૨) આ દર્દીઓને માસિક ૧ થી ૨ બોટલ લોહીની જરૂર પડે છે.

---------

# ૩૪૪

### પાટણ જિલ્લામાં આવેલ સરકારી દવાખાનામાં મંજૂર મહેકમ

* ૭૫૪૫ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર સરકારી સિવિલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ધારપુર મેડીકલ કોલેજમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું સરકારનું આયોજન છે?

**જવાબ**

(૧)અને(૨) તા.૩૧-૦૧-૨૦૧૮ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સરકારી સિવિલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ધારપુર મેડીકલ કોલેજની મહેકમની માહિતીની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| સરકારી સિવિલ હોસ્પિટલ | *પત્રક – ૧ સામેલ છે. |
| સામુહિક આરોગ્ય કેન્દ્રો | *પત્રક – ૨ સામેલ છે. |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | *પત્રક– ૩ સામેલ છે. |
| ધારપુર મેડીકલ કોલેજન | *પત્રક –૪ સામેલ છે. |

(૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએથી.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

# ૩૪૫

## તાપી જિલ્લામાં ઉજાલા યોજના

* ૬૨૬૪ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત પશ્ચિમ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઇડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનીટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૪,૨૫,૦૧૩ એલઇડી બલ્બનું વિતરણ કરવામાં આવેલ છે

(૨) એલઇડી બલ્બ વપરાશથી વાર્ષિક અંદાજિત ૩.૧૬ કરોડ યુનીટની વીજ બચત થશે.

(૩) એલઇડી બલ્બ વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂપિયા ૧૪.૨૩ કરોડની બચત થશે.

---------

# ૩૪૬

## રણ વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૭૪૭૦ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રણ વિસ્તાર વિકાસ કાર્યક્રમ (પાણી પુરવઠા વિભાગ)માટે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી

(૨) તા.૩૧–૧૨–૧૭ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં રાજ્ય સરકારને મળેલ રકમની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મળેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૮૪૯૮.૨૨ |
| તા.૧–૪–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ સુધી | ૩૨૬૩.૯૮ |

(૩) ઉક્ત મળેલ રકમ પૈકી નાણાંકીય વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૯૪૧૭.૫૫ |
| તા.૧–૪–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ સુધી | ૩૮૬૬.૨૦ |

---------

# ૩૪૭

## પારબંદર જિલ્લામાં ઉજાલા યોજના

* ૬૨૭૧ **શ્રી બાબુભાઇ બોખરીયા** (પોરબંદર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ પોરબંદર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઇડી ટ્યુબલાઇટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનીટની વીજ બચત થશે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ પોરબંદર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૩૫,૯૦૫ એલઇડી ટ્યુબલાઇટ અને ૧૮,૫૧૦ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે

(૨) એલઇડી ટ્યુબલાઇટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૧૮.૩૪ લાખ યુનીટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજિત ૧૩.૨૪ લાખ યુનિટની બચત થશે.

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે?

(૩) એલઇડી ટ્યુબલાઇટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂા. ૮૨.૫૮ લાખની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૫૯.૬૦ લાખની બચત થશે.

---------

# ૩૪૮

## રાષ્ટ્રીય ચેપી રોગ અંકુશ કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૭૪૬૭ **સંતોકબેન અરેઠીયા** (રાપર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ચેપી રોગ અંકુશ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર તરફથી તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કોઇ રકમ મળેલ છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળેલ છે.

**જવાબ**

(૧) હા, જી

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને નીચે મુજબ રકમ મળેલ છે.

| ક્રમ | સમયગાળો | મળેલ રકમ |
|---|---|---|
| ૧ | તા.૦૧–૦૧–૧૬ થી તા.૩૧–૧૨–૧૬ | ૩૭,૨૨,૩૭,૦૦૦/– |
| ૨ | તા.૦૧–૦૧–૧૭ થી તા.૩૧–૧૨–૧૭ | ૫૮,૨૯,૬૨,૩૩૩/– |

---------

# ૩૪૯

## ભરૂચ જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

* ૬૨૧૦ **શ્રી દુષ્યંતભાઇ પટેલ** (ભરૂચ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીટરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૯

(૨) રૂ. ૬૯૪.૧૬ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૩૫૦

## ડેમોમાંથી સિંચાઇના હેતુ માટે ખેડૂતોને આપવામાં આવતા પાણીનો ભાવ

* ૪૯૦૯ **શ્રી ભગાભાઇ બારડ** (તાલાલા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં કેટલા ડેમોમાંથી સિંચાઇના હેતુસર ખેડૂતોને શું ભાવથી પાણી આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં ૮૪૯ ડેમોમાંથી સિંચાઇના હેતુસર પાણી આપવામાં આવે છે. જળ સંપત્તિ વિભાગ દ્વારા અપાતા સિંચાઇના પાણીના ભાવો નીચે મુજબ છે.

| સીઝન | વહેણ સિંચાઇના દર પ્રતિ પાણ પ્રતિ હેકટર |
|---|---|
| બારમાસી | રૂા. ૫૩૫.૦૪ |
| ખરીફ/રવી/ઉનાળુ/બેમોસમી | રૂા. ૨૮૫.૩૬ |
| ઉદવહન (લીફ્ટ) સિંચાઇ | વહેણ સિંચાઇના દરનાં ૧/૩ (ત્રીજા ભાગનાં) |

સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ના સિંચાઇ માટે અપાતા પાણીના ભાવ નીચે મુજબ છે.

| | |
|---|---|
| વહેણ સિંચાઇના દર પ્રતિ પાણ પ્રતિ હેકટર | રૂા. ૩૦૩.૧૭ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ભાવમાં કોઇ વધારો-ઘટાડો કરવામાં આવ્યો છે કે કેમ, અને

(૨) ના

(૩) જો હા, તો તેના કારણો શું?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૩૫૧

**પાટણ અને મહેસાણા જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો**

* ૭૪૪૩ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | પ્રા.આ. કેન્દ્રો | સા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૫૧ | ૧૫ |
| ૨ | મહેસાણા | ૫૭ | ૧૩ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ન્ડ મુજબના છે, અને

(૨) એકપણ નહિં. ઉકત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજયની ''કવોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ'' મુજબના છે.

(૩) ઉકત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

(૩) લાગુ પડતું નથી.

---------

# ૩૫૨

**રાજ્યમાં વાણિજિયક વેરામાં વેપારીઓ માટે સુવિધા**

* ૪૧૧૯ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં વાણિજિયક વેરા વિભાગમાં વેપારી વર્ગની સુવિધા માટે આધુનિકરણ તથા ઈન્ફર્મેશન ટેકનોલોજીની કોઈ પધ્ધતિ અમલમાં મુકવામાં આવેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો કઈ પધ્ધતિ અમલમાં મુકવામાં આવી છે?

(૨) (૧) **Investor Facilitation Portal**

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં રોકાણકર્તા વેપારીશ્રીઓને વિવિધ હેતુઓ માટે એક જ માધ્યમ દ્વારા અરજી કરી રજીસ્ટ્રેશન/લાયસન્સ/પરમીટ મળી શકે તે હેતુથી Investor Facilitation Portal (IFP) શરૂ કરાયેલ છે.

વેપારીશ્રીઓ ગુજરાત મુલ્યવર્ધિતવેરા અધિનિયમ, કેન્દ્રિય વેચાણવેરા અધિનિયમ, વ્યવસાય વેરા અધિનિયમ અને રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સ હેઠળ નોંધણી નંબરો મેળવી શકે તે માટે વાણિજિયકવેરા ખાતાના પોર્ટલને Investor Facilitation Portal સાથે Link કરવામાં આવેલ છે. જેનાથી રાજ્યમાં વેપાર કરતાં વેપારીશ્રીઓ સરળતાથી નોંધણી નંબર મેળવી શકે છે.

(૨) **ઈ-પેમેન્ટ પધ્ધતિ**

રાજ્ય સાથે સંકળાયેલ વેપારીવર્ગને વેરાની ચુકવણી હેતુ બેંકમાં જઈ લાઈનમાં ઉભું રહેવું ન પડે તેમજ મેન્યુઅલ ચુકવણી ન કરવી પડે તે સારૂ હાલ વેપારીશ્રીઓ ૪૨ જેટલી બેંકો મારફતે ઈ-પેમેન્ટ કરી શકે તે માટે એસ.બી.આઈ. ઈ-પેમેન્ટ ગેટ વેની સુવિધા ઉભી કરાયેલ છે.

(૩) **સિંગલ આઈ.ડી. થી લોગ ઈન થવાય તેવી પધ્ધતિ.**

રાજ્યના વેટ, સીએસટી, વ્યવસાયવેરો તથા મનોરંજન અને સુખસુવિધા કર ભરતા વેપારીશ્રી એક જ યુઝર આઈ.ડી.થી ખાતાની વેબસાઈટ ઉપર લોગ ઈન કરી કામગીરી કરી શકે તેવી વ્યવસ્થા વિકસાવવામાં આવેલ છે.

(૪) **જીએસટી માઈગ્રેશન**

ગુડ્ઝ તથા સર્વિસ ટેક્ષના અમલીકરણ સારૂ વાણિજ્યિકવેરા ખાતા સાથે સંકળાયેલ વેપારીઓનું જીએસટીએન પોર્ટલ ઉપર માઈગ્રેશન કરાવવા માટે ખાતા દ્વારા તમામ વેપારીઓના પાન નંબર વેરીફાય કરી જીએસટીએન પાસેથી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવામાં આવેલ છે. આ યુઝર આઈડી અને પાસવર્ડ વેપારી પોતાના વેટ લોગ ઈનથી જ મેળવી શકે તે સારૂ સોફ્ટવેર ડેવલપ કરી નિયત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરેલ છે.

(૫) **e-Permit System**

વેપારીવર્ગ વેલીડેશન યુનીટ ખાતે રજુ કરવાના રહેતા અલગ-અલગ ફોર્મ્સની ચકાસણી ઝડપથી કરાવી શકે તે હેતુથી વાણિજિયકવેરા ખાતાની થરાદ, થાવર, ગુંદરી, સોનગઢ અને સામાખિયાલી વેલીડેશન યુનીટ પર વાઈ-ફાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેનાથી વેપારીશ્રીઓ ઓનલાઈન ફોર્મ ૪૦૨, ૪૦૩, અને ૪૦૫ ને સરળતાથી ચકાસણી કરાવી શકે છે.

---------

# ૩૫૩

## ભાવનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૬૩૪ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૬,૦૪૯. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૦,૦૦૩.૮૦ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૩૫૪

## કચ્છ જિલ્લામાં ખુશી યોજના

* ૬૨૨૪ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખુશી યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ-ભુજ જિલ્લામાં નાની ક્ષમતાના કેટલા ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા, અને | (૧) ૧૬૧૪ |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૨૩૫૫/- લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૩૫૫

## પંચમહાલ જિલ્લામાં એલઈડી યોજના હેઠળ એલઈડીનું વિતરણ

* ૬૬૨૬ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં કેટલા એલઈડી ટ્યુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૨૨,૦૬૦ એલઈડી ટ્યુબલાઈટ અને ૧૧,૩૭૪ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૧૧.૨૭ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વાર્ષિક અંદાજીત ૮.૧૩ લાખ યુનિટની બચત થશે.

(૩) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૫૦.૭૩ લાખની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂા. ૩૬.૬૨ લાખની બચત થશે.

---------

# ૩૫૬

## રાજકોટ જિલ્લામાં ઉજાલા યોજના

* ૬૨૭૨ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા એલઈડી ટ્યુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૭૪,૦૪૭ એલઈડી ટ્યુબલાઈટ અને ૩૮,૧૭૪ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૩૭.૮૩ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજીત ૨૭.૩૧ લાખ યુનિટની બચત થશે.

(૩) એલઈડી ટ્યુબલાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૧.૭૦ કરોડની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજીત રૂા. ૧.૨૨ કરોડની બચત થશે.

---------

# ૩૫૭

## અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળરોગ વિભાગમાં થયેલ મરણ

* ૭૪૬૩ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલના બાળરોગ વિભાગમાં ૬૦ થી વધુ બાળકોના મરણ થયેલ તે હકીકત સાચી છે,

(૨) ઉકત બાળકોના મરણ થવાના શાં કારણો હતા, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) બાળકોના મરણ થવાના કારણો આ પ્રમાણે હતા. (૧) ડીપ્થેરિયા (૨) સેપ્ટીસિમિયા (૩) એક્યુટ ફેબ્રાઈલ એન્કીફેલોપથી (૪) એક્યુટ ફલેસિડ પેરાલિસીસ (AFP) અતિગંભીર ન્યુમોનીયા, લીવર ફેલીયર (૫) મેન્નીજાઈટીસ.

(૩) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ સરકાર દ્વારા આ સંબંધે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ દ્વારા દવાઓનો પુરતો જથ્થો તથા વેન્ટીલેટર, ઈમ્યુનોગ્લોબ્યુલીન અને પ્લાસમા ફેરેસીસની વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે. રૂટીન ઈમ્યુનાઈઝેશનને પણ સઘન કરવામાં આવેલ છે. ઈન્ફેકેશન કંટ્રોલ કરવા માટે જરૂરી પગલા લેવામાં આવેલ છે. ઈન્ફેકેશન કંટ્રોલના ભાગ રૂપે જરૂરી તાલીમ તમામ સ્ટાફને આપવામાં આવેલ છે.

---------

# ૩૫૮

## રાજકોટ અને પોરબંદર જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો

* ૭૪૯૭ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય અને પરિવાર કલ્યાણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | પ્રા.આ. કેન્દ્રો | સા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૫૪ | ૧૩ |
| ૨ | પોરબંદર | ૧૧ | ૦૪ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ન્ડ મુજબના છે, અને

(૨) એકપણ નહિં. ઉકત તમામ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો રાજ્યની ''કવોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ'' મુજબના છે.

(૩) ઉકત સ્થિતિએ બાકી રહેલ કેન્દ્રો ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ન્ડ મુજબના થાય તે માટે શું આયોજન છે ?

(૩) લાગુ પડતું નથી.

---------

# ૩૫૯

## જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૬૨૫૭ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) ૧૬૯

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ.૨૯૬.૦૨ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૩૬૦

## સરદાર સાહેબની પ્રતિમા બનાવવા માટે આપવામાં આવેલ કોન્ટ્રાકટ

* ૭૫૬૪ **શ્રી અમીતભાઈ ચાવડા** (આંકલાવ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૮ની સ્થિતિએ સરદાર સાહેબની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવવા માટે કઈ એજન્સીને ક્યારે કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે,

**જવાબ**

(૧) મે.લાર્સન એન્ડ ટુબ્રો લીમીટેડ, ચેન્નાઈને તા.૨૭-૧૦-૨૦૧૪ ના રોજ કોન્ટ્રાકટ (ઈજારો) આપવામાં આવેલ છે.

(૨) ઉકત સ્થિતિએ કેટલી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે,

(૨) આશરે ૬૫ ટકા ભૌતિક કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) ઉકત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) ફેબ્રુઆરી-૨૦૧૭ થી જાન્યુઆરી-૨૦૧૮ સુધીમાં રૂ.૮૦૧.૪૭ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૪) ઉકત સ્થિતિએ પ્રતિમા ક્યારે પૂર્ણ થવાનો અંદાજ છે અને કુલ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ?

(૪) વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. બાંધકામ પાછળ થનાર ખર્ચ રૂ.૨૩૩૨ કરોડ અંદાજેલ છે.

---------

# ૩૬૧

## રાજકોટ જિલ્લામાં ઉજાલા યોજના હેઠળ એલઈડીનું વિતરણ

* ૬૬૨૩ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૭ માં કેટલા એલઈડી ટ્યુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૭૪,૦૪૭ એલઈડી ટ્યુબલાઈટ અને ૩૮,૧૭૪ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૩૭.૮૩ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી અંદાજીત ૨૭.૩૧ લાખ યુનિટ્સની બચત થશે.

(૩) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૧.૭૦ કરોડની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને અંદાજીત રૂા. ૧.૨૨ કરોડની બચત થશે.

---------

# ૩૬૨

## સાબરકાંઠા જિલ્લામાં ઉજાલા યોજના હેઠળ એલઈડીનું વિતરણ

* ૬૬૨૧ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૭ માં કેટલા એલઈડી ટ્યુબલાઈટ તથા પંખાનું વિતરણ કરવામાં આવેલ છે,

(૨) તેના કારણે વાર્ષિક અંદાજિત કેટલા યુનિટની વીજ બચત થશે, અને

(૩) વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત કેટલા રૂપિયાની બચત થશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉજાલા યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૭માં ૫૯,૪૨૩ એલઈડી ટ્યુબલાઈટ અને ૩૦,૬૩૫ વીજ કાર્યક્ષમ પંખાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વાર્ષિક અંદાજિત ૩૦.૩૬ લાખ યુનિટની વીજ બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વાર્ષિક અંદાજીત ૨૧.૯૧ લાખ યુનિટની બચત થશે.

(૩) એલઈડી ટ્યુબ લાઈટના વપરાશથી વીજ ગ્રાહકોને વાર્ષિક અંદાજિત રૂા. ૧.૩૬ કરોડની બચત થશે તેમજ વીજ કાર્યક્ષમ પંખાના વપરાશથી વીજ ગ્રાહકોને અંદાજીત રૂા. ૯૮.૬૪ લાખની બચત થશે.

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.